આચાર્ય હેમચંદ્રકૃત

યોગશાસ્ત્ર

[ચાર પ્રકાશ : અનુવાદ સહિત]

સંપાદક
શ્રી ખુશાલદાસ જગજીવનદાસ
ન્યાયતીર્થ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ગોવાલિયા ટેંક રોડ
મુંબઈ ૨૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય હેમચંદ્રકૃત

યોગશાસ્ત્ર

[ચાર પ્રકાશ : અનુવાદ સહિત]

સંપાદક
શ્રી ખુશાલદાસ જગજીવનદાસ
ન્યાયતીર્થ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ગોવાલિયા ટેંક રોડ
મુંબઈ ૨૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશક
ચંદુલાલ વર્ધમાન શાહ, મનુભાઈ ગુલાબચંદ કાપડિયા,
જયંતીલાલ રતનચંદ શાહ
માનદ મંત્રીઓ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ગોવાલિયા ટેંક રોડ, મુંબઈ ૨૬

તૃતીયાવૃત્તિ
પ્રત ૧૦૦૦

વીર સં. ૨૪૯૨
ઈ. સ. ૧૯૬૫

કિંમત : રૂા. ૧-૨૫

મુદ્રક
જયંતિ ઘેલાભાઈ દલાલ, વસંત પ્રિન્ટિંગ પ્રેસ, ઘીકાંટા રોડ,
ઘેલાભાઈની વાડી, અમદાવાદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશકીય

અભ્યાસીઓને ઉપયોગી થાય, અને ખાસ કરીને શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓને એમના ધાર્મિક અભ્યાસમાં મદદ કરે તે હેતુથી શ્રી હેમચંદ્રાચાર્યવિરચિત યોગશાસ્ત્રના ચાર પ્રકાશ મૂળ અને અર્થ સાથે પ્રગટ કર્યા છે. જૈન સાહિત્યના બે મોટા વિભાગ—તત્ત્વજ્ઞાન અને ચરણ-કરણ—અંગે શ્રી તત્ત્વાર્થસૂત્રની યોજના પંડિતવર્ય શ્રી સુખલાલજીએ સુંદર રીતે કરી છે. ચારિત્રવિભાગમાં આ ગ્રંથ મૂળ અને અનુવાદ સહિત તૈયાર કર્યો હોય તો તેની સહાયથી વિદ્યાર્થીઓ ધાર્મિક આચારને સમજી શકે તે હેતુથી આ ગ્રંથની યોજના કરી છે.

ચરણકરણમાં યમ-નિયમનો વિભાગ વિદ્યાર્થીઓ માટે ખાસ ઉપયોગી હોઈ યોગશાસ્ત્રના પ્રથમના ચાર પ્રકાશને જ આમાં સ્થાન આપ્યું છે. વિશેષ રુચિવંત વ્યક્તિઓ બાકીનો વિભાગ સ્વયં વાંચીને પોતાની જિજ્ઞાસા સંતોષી શકે છે. આ પુસ્તકને ઉપયોગી બનાવવા શ્લોકાનુક્રમ, દૃષ્ટાંતોનો ટૂંક સાર વગેરે ઉપયોગી બાબત પરિશિષ્ટરૂપે આપી છે. આ રીતે શરૂઆતના અભ્યાસીને આ પુસ્તક માર્ગદર્શન કરાવનાર થઈ પડશે એવી આશા છે.

જૈનદર્શનકારે તત્ત્વજ્ઞાનને અંગે જેટલી ચીવટ રાખી છે, તેટલી જ ચરણકરણને અંગે રાખી છે. એના ચાર અનુયોગમાં ચરણકરણને ખાસ અલગ સ્થાન આપવામાં આવ્યું છે. સમસ્ત જૈન ચરણકરણનો સાર 'અહિંસા, સંયમ અને તપ' એ ત્રણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દોમાં આવી જાય છે. એ શબ્દો દશવૈકાલિક સૂત્રની પ્રથમ ગાથાના દ્વિતીય ચરણમાં મળે છે. એ ત્રણ શબ્દો કેટલા વિશાળ, કેટલા સર્વગ્રાહી અને કેટલા અર્થરહસ્યભરપૂર છે એનો ખ્યાલ આ ગ્રંથ જોવાથી આવી શકશે. એ વાત જ્યારે બરાબર લક્ષ્યમાં આવશે ત્યારે આખા નીતિ-વિભાગમાં જૈન શાસ્ત્રકારોની નજર કેટલી સૂક્ષ્મ અને વિશાળ છે, અને એમને માનસશાસ્ત્રનો કેટલો ઊંડો અભ્યાસ છે એનો પણ ખ્યાલ આવશે.

અન્ય પાઠશાળાઓમાં પણ આનો ઉપયોગ થાય એ ઇષ્ટ છે. વાત એક જ છે કે આપણો વિદ્યાર્થીવર્ગ જૈનધર્મનું —એના તત્ત્વજ્ઞાન તેમ જ આચારનું—રહસ્ય સમજે અને જૈનો વિશ્વબંધુત્વની ભાવના સમજી અને જીવી શકે છે એ વાતનો સ્વીકાર કરે એટલે આપણો હેતુ કંઈક પાર પડયો એમ માની શકાય છે.

આ પુસ્તક તૈયાર કરવામાં પંડિત શ્રી ખુશાલદાસે પાઠશુદ્ધિ તેમ જ અર્થનિર્ણય અંગે લીધેલ પ્રયાસની ખાસ નોંધ લેવામાં આવે છે. આ પ્રકારનું પ્રકાશન ઉપયોગી થશે તો ભવિષ્યમાં એ દિશામાં વધારે પ્રયાસ કરવાની સમિતિની ઇચ્છા છે. ખરો આધાર તો એના પર વિવેચન કરનાર અધ્યાપક ઉપર છે. એમને શાસ્ત્રબોધ હોય, પૃથક્કરણશક્તિ હોય અને વિદ્યાર્થીની વય, રુચિ અને ગ્રહણશક્તિનું ધ્યાન હોય તો આવાં પ્રકાશનો વિશેષ જિજ્ઞાસાનાં પ્રેરક બની શકે. જૈનધર્મે ઉદ્‌બોધેલ સંયમ અને ચારિત્રનું આમાં દોહન છે અને એની સફળતા એનો ઉપયોગ કરવાની આવડત પર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવલંબે છે. સંસ્થાનો આ ઉદ્દેશ પાર પડે એવી ભાવના સાથે પંડિત અધ્યાપકો એનો ખૂબ ઉપયોગ કરે, એવી અમે ઉમેદ રાખીએ છીએ.

અભ્યાસીને માટે તો આ માત્ર ભૂમિકારૂપ છે. એના પર મોટી ટીકાઓ છે, એના પર શાસ્ત્રવિસ્તાર છે અને એના પર કહેવા જેવું પણ ઘણું છે એ વાતનું ધ્યાન રહે. ચારિત્ર વગર મુક્તિ નથી અને ચારિત્રપ્રાપ્તિની વિવિધ ભૂમિકાઓ છે, એ વાત લક્ષ્યમાં રહે તો આ નાની પુસ્તિકામાંથી પણ ઘણું માર્ગદર્શન મળી રહેશે અને પછી રુચિ પ્રમાણે ધ્યાન-યોગમાં પ્રગતિ થશે—એ વાત તરફ ધ્યાન ખેંચવામાં આવે છે. જૈનધર્મની સર્વ કલ્યાણની ભાવનાના આ તો પાયાના પથ્થરો છે; એના પર જીવનસાધનાની ઇમારત ચણાશે ત્યારે અનોખી ભાત પડશે એમાં શંકા નથી.

આની બીજી આવૃત્તિ અપ્રાપ્ય થઈ જવાથી એની પુનર્મુદ્રણરૂપ ત્રીજી આવૃત્તિ પ્રગટ કરવામાં આવે છે. આના મુદ્રણ માટે અમે વસંત પ્રિન્ટીંગ પ્રેસનો આભાર માનીએ છીએ.

ઝવેરિયા ટેંક રોડ,
મુંબઈ–૨૬
તા. ૧૭–૧૨–'૬૫

માનદ મંત્રીઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપાદકીય

જૈન જનતા સમક્ષ શ્રી હેમચંદ્રાચાર્ય જેવા સમર્થ આચાર્યની કૃતિ–યોગશાસ્ત્ર ભાગ ૧ લાનો અનુવાદ–મૂકતાં મને અતિ આનંદ થાય છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓના ધાર્મિક અભ્યાસક્રમમાં ઉક્ત ગ્રંથ રાખવામાં આવેલ છે, તેથી વિદ્યાર્થીઓને ઉપયોગી થાય એવો અનુવાદ વિદ્યાલયના અધિકારીઓએ સંસ્થા તરફથી જ બહાર પાડવાનો નિર્ણય કર્યો અને એ કામ મને સોંપવામાં આવ્યું. અનુવાદ સારો બનાવવાની મેં યથાશક્ય કોશિશ કરી છે; તેમ છતાં મારો આ સર્વપ્રથમ પ્રયત્ન છે તેથી તેમાં સ્ખલના જરૂર રહી હશે. શિક્ષકો, વિદ્વાનો અને વિદ્યાર્થીઓ તે તરફ મારું ધ્યાન ખેંચશે તો હું તેમનો આભારી બનીશ, જેથી ભવિષ્યમાં તે ત્રુટિઓ દૂર થશે, અને સમાજ સમક્ષ સારામાં સારો અનુવાદ રજૂ કરી શકાશે.

માત્ર અનુવાદ તૈયાર કરવો, ટિપ્પણો નહિ એ અમારી મર્યાદા હતી, તેથી મૂળ શ્લોક અને તેનો અનુવાદ આપેલ છે. આ અનુવાદ વિદ્યાર્થીઓની દૃષ્ટિએ જોઈને શ્લોકોનો પ્રાયઃ અક્ષરશઃ અનુવાદ કરવાની કોશિશ કરેલ છે; તથાપિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુવાદની ભાષાનો સ્વાભાવિક પ્રવાહ કે તેની વિશેષતા ન હણાય તેની પણ યથાશકય કાળજી રાખેલ છે. વળી, આચાર્ય જે ભાવ શ્લોકમાં કહેવા માગતા હોય, તે કદાચ તેમાં ન આવી શકયો હોય, અને ટીકામાં તેને સ્પષ્ટ કર્યો હોય, તો તેને કૌંસમાં મૂકીને અનુવાદમાં બતાવવામાં આવ્યો છે. તેમ જ વિશેષ સ્પષ્ટતા ખાતર જે કાંઈ ઉમેરવામાં આવેલ છે તેને પણ યથાશકય કૌંસમાં મૂકેલ છે. ઉપરાંત, વિદ્યાર્થીઓની સગવડતા ખાતર ગ્રંથકારનું સંક્ષિપ્ત જીવનચરિત અને પાછળ કેટલાંક પરિશિષ્ટો પણ આપવામાં આવેલ છે. પાછળના આચાર્યોએ યોગશાસ્ત્રનો ઘણી છૂટથી ઉપયોગ કરેલ છે, તેથી સંપાદનકાર્યમાં ઉપયોગી થાય એ દૃષ્ટિએ પરિશિષ્ટમાં શ્લોકોનો અકારાદિક્રમ પણ આપેલ છે.

મારે જે ખાસ કહેવાનું છે તે એ છે કે હું મારા પૂર્વ અનુવાદકોનો તથા સંપાદનમાં મદદરૂપ થયેલ ગ્રંથો કે લેખોના વિદ્વાન સંપાદકો તેમ જ લેખકોનો અત્યંત ઋણી છું. એ બધાનાં નામોની લાંબી હારમાળા આપવાનું ઉચિત નથી ધારતો, તથાપિ આ કામમાં અવારનવાર પ્રત્યક્ષ સલાહ આપીને જેમણે મને ઘણી મદદ કરી છે તેવાં નામોનો અહીં ઉલ્લેખ કર્યા વિના હું રહી શકતો નથી. તેઓ છે મુનિશ્રી જિનવિજયજી, શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા અને શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ. શ્રી મોતીચંદભાઈ એ તો, તેમની અનેકવિધ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેતા હોવા છતાંય, મારું બધું લખાણ અથેતિ તપાસી જઈ કેટલીય વાર મને યોગ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સલાહ–સૂચના આપી છે, જેથી તેમનો વિશેષ આભારી છું. આમાં તેમનો સંસ્થા પ્રત્યેનો અનહદ પ્રેમ પણ તરી આવે છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ગોવાલિયા ટેંક રોડ, મુંબઈ ૨૬
વિજયાદશમી, ૧૯૯૭

ખુશાલદાસ



આચાર્ય હેમચન્દ્ર

જૈનધર્મના ઇતિહાસમાં આચાર્ય હેમચન્દ્રનું સ્થાન અનોખું છે. તેમણે બજાવેલ જૈનધર્મની સેવાઓ અનુપમ છે; તેથી જ જૈન સમાજના પરમોપકારી પૂર્વાચાર્યોમાં તેમનું સ્થાન ઘણું ઊંચું છે; તે કારણે જ જૈનોએ તેમને 'કલિકાલસર્વજ્ઞ' એવા શ્રેષ્ઠ પદથી સંબોધ્યા છે, સ્તવ્યા છે.

પરંતુ આ સમર્થ સંતને માત્ર જૈનધર્મની જ સંપત્તિ સમજવા એ મોટી ભૂલ લેખાશે. તેમની સર્વતોમુખી સેવાઓએ—સાહિત્યસેવા, રાજસેવા, જનસેવા અને સર્વધર્મસેવા કે જેમનો ઉલ્લેખ આગળ ઉપર કરવામાં આવશે—માત્ર જૈન સમાજને જ નહિ પણ સમસ્ત ગૂજરાતને અને ભારતવર્ષને ઉજ્જવળ બનાવ્યાં હતાં. તેથી ભારતવર્ષની ઉજ્જવળ કીર્તિ કરનાર આચાર્યોની પંક્તિમાં આચાર્ય હેમચંદ્ર ઘણા જ આદરણીય આસને વિરાજે છે.

ઉપલબ્ધ સાધનો

આવા ઉત્કૃષ્ટ કોટીના આચાર્યનું ચરિત્ર ઘણું જ મનનીય અને અનુકરણીય કહેવાય; પરંતુ શ્રીમાન્ જિનવિજયજી જણાવે છે "જોકે ભારતના કોઈ પણ ઐતિહાસિક પુરુષવિષયક જેટલી ઐતિહ્ય સામગ્રી ઉપલબ્ધ થાય છે તેની તુલનામાં આચાર્ય હેમચંદ્ર વિષયક લભ્ય સામગ્રી વિપુલ કહેવાય, તથાપિ આચાર્યના જીવનનું સુરેખ ચિત્ર ચિત્રિત કરવા માટે તે સર્વથા અપૂર્ણ છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અત્યારે આપણી સમક્ષ આ૦ હેમચંદ્રના જીવન સંબંધી માહિતી આપતી નીચેના ગ્રંથોની સામગ્રી મુખ્ય છેઃ—

ગ્રંથ	લેખક	સંવત
૧. શતાર્થકાવ્ય ૨. કુમારપાળપ્રતિબોધ	લઘુવયસ્ક સમકાલીન શ્રી સોમપ્રભસૂરિ	વિ. સં. ૧૨૪૧

૩. મોહરાજપરાજય. મંત્રી યશઃપાલ. વિ. સં. ૧૨૨૯–૩૨
૪. પુરાતનપ્રબંધસંગ્રહ. કર્તા અજ્ઞાત છે.
૫. પ્રભાવકચરિત્ર. શ્રી પ્રભાચંદ્રસૂરિ. વિ. સં. ૧૩૩૪
૬. પ્રબંધચિંતામણિ. શ્રી મેરુતુંગાચાર્ય. વિ. સં. ૧૩૬૧
૭. પ્રબંધકોશ. શ્રી રાજશેખરસૂરિ વિ. સં. ૧૪૦૫
૮. કુમારપાલપ્રબંધ. ઉપાધ્યાય જિનમંડન. વિ. સં. ૧૪૯૨
૯. આચાર્યના હૃદયનું પ્રતિબિંબ પાડતો તેમનો જ અક્ષરદેહ. તેમાંથી તેમનાં 'દ્વયાશ્રય કાવ્ય', 'સિદ્ધહેમ' વ્યાકરણની પ્રશસ્તિ અને 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત'માંનું 'મહાવીર ચરિત' વિશેષ ઉલ્લેખનીય છે.

પ્રસ્તુત ચરિત્ર–ચિત્રણમાં ઉક્ત બધા ગ્રંથોનો સમીક્ષાત્મક વિચાર કરવાનો ઇરાદો નથી, પરંતુ તે ગ્રંથોના સાર રૂપે વર્તમાન વિદ્વાનોએ જે કાંઈ સમીક્ષાત્મક લખાણ કર્યું છે તેને, વિદ્યાર્થી વર્ગને જલદી ગ્રાહ્ય થાય એવી રીતે, સંક્ષેપમાં આપવાનો જ મારો આશય છે.

પ્રારંભિક જીવન

આચાર્ય હેમચંદ્રનો જન્મ વિ. સં. ૧૧૪૫ (ઈ. સ. (૧૦૮૯)ની કાર્તિકી પૂર્ણિમાને દિવસે થયો હતો. તેમના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પિતાનું નામ 'ચચ્ચ' અથવા 'ચાચિગ' અને માતાનું નામ 'ચાહિણી' અથવા 'પાહિણી' હતું. તેઓ ધંધુકાના વતની હતા. જાતે મોઢ વાણિયા હતા. પિતા શૈવધર્મી હતા અને માતા જૈનમતાનુયાયિની હતી. માતાપિતાએ પુત્રનું નામ ચંગદેવ રાખ્યું હતું.

'પુત્રનાં લક્ષણ પારણામાંથી જ જણાય છે' એ પુરાતન કહેવત અનુસાર બાળક ચંગદેવનું વર્તન પાસે રહેનારને એવું અનુમાન કરવા પ્રેરતું કે આ બાળક ભવિષ્યમાં જરૂર પ્રતિભાસંપન્ન પુરુષ થવો જોઈએ.

એક વાર બાળક ચંગદેવ જ્યારે પાંચેક વર્ષનો થયો હશે, ત્યારે 'પૂર્ણતલ્લ' ગચ્છના આચાર્ય દેવચંદ્રસૂરિ વિહાર કરતા કરતા ધંધુકામાં આવી પહોંચ્યા. જૈન સાધુઓના સામાન્ય ક્રમ મુજબ સૂરીશ્વર ત્યાં હમેશાં વ્યાખ્યાન આપતા. એક દિવસ વ્યાખ્યાન પૂરું થયે ચંગદેવ સૂરિ પાસે ગયો અને 'સંસારસમુદ્ર તરવા માટે સુચારિત્રરૂપી નૌકા આપવાની' એમને વિનંતી કરી. સૂરિએ તેનું અને તેના માતાપિતાનું નામ પૂછ્યું. તે વખતે ચંગદેવનો મામો 'નેમિ' ત્યાં હતો, તેથી તેણે સૂરિને ચંગદેવનો પરિચય કરાવ્યો.

શારીરિક લક્ષણોના જાણકાર સૂરિએ કહ્યું કે આ છોકરો અસાધારણ છે. જો તેનાં માતાપિતા અનુમતિ આપે તો, અમે તેને તેની ઇચ્છાનુસાર ચારિત્ર અંગીકાર કરાવીએ અને સકળ શાસ્ત્રોના પરમાર્થમાં અવગાહન કરાવીએ. અમને લાગે છે કે તે તીર્થંકર જેવો પરમોપકારક થશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી શ્રાવકોએ તેના પિતા ચાચિગને ખૂબ સમજાવ્યો, પરંતુ તેણે પોતાના પ્રિય પુત્રને આપવાની ના કહી. આ વાતની ચંગદેવને ખબર પડી તેથી તે દેવચંદ્રસૂરિની સાથે ખંભાત ચાલ્યો ગયો. ત્યાં તેને ખંભાતના મંત્રી ઉદયનના પુત્રો સાથે રાખવામાં આવ્યો. આ તરફથી પિતાને સમજાવવાના પ્રયત્નો ચાલુ જ હતા. છેવટે તેમણે અનુમતિ આપી અને વિ. સં. ૧૧૫૪ (ઈ. સ. ૧૦૯૮)માં ચંગદેવની દીક્ષા આપવામાં આવી, અને તેનું નામ ફેરવી 'સોમચંદ્ર' રાખવામાં આવ્યું.

દીક્ષા ગ્રહણ કર્યા પછી મુનિ સોમચંદ્રે વિદ્યાધ્યયન માટે કઠિન યોગસાધના શરૂ કરી અને ઘણા થોડા જ વખતમાં 'તર્ક', 'લક્ષણ' અને 'સાહિત્ય' એ ત્રણેય વિદ્યાના પારગામી થઈ ગયા; એટલું જ નહિ પણ તેમણે સકળ ધર્મશાસ્ત્રોનું અવગાહન કરી લીધું. કહેવાય છે કે તેઓ એક દિવસમાં 'શતસહસ્ર'–લાખ પદ યાદ કરી શકતા હતા.

તેમની આવી અસાધારણ બુદ્ધિપ્રભા અને આચરણની ઉજ્જ્વળતાથી પ્રસન્ન થઈને ગુરુશ્રીએ વિ. સં. ૧૧૬૬ (ઈ. સ. ૧૧૧૦)માં તેમને માત્ર એકવીશ વર્ષની નાની વયે આચાર્યપદે સ્થાપ્યા અને પોતે નિવૃત્ત થયા. આ વખતે તેમનું નામ ફેરવીને હેમચંદ્ર રાખ્યું. તેમને સૂરિપદે સ્થાપવાનો વિધિ નાગપુર(નાગોર)માં થયો હતો.

સમકાલીન પરિસ્થિતિ

વનરાજે અણહિલ્લપુર પાટણની સ્થાપના કરી અને જૈનોને ખાસ આમંત્રણ આપી વસાવ્યા ત્યારથી ગૂજરાતની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાણિજ્યશ્રી, સાહિત્યશ્રી અને રાજ્યશ્રી ઉત્તરોત્તર વૃદ્ધિ પામી રહી હતી. તેમાં ચૌલુકય રાજાઓના સમયમાં અને તેમાં પણ સમર્થ સમ્રાટ સિદ્ધરાજ અને અશોક સમા અહિંસક રાજા કુમારપાળના વખતમાં તો ગૂજરાતની ગુણગાથા સમસ્ત ભારતવર્ષમાં ગવાઈ રહી હતી. અનેક ગ્રામ અને નગરોમાંથી માણસો વેપારાર્થે અહીં આવી વસતા હતા.

વળી, ગૂજરાત વિદ્વાનોનું કેન્દ્રસ્થાન પણ કયારનું ય થઈ ચૂકયું હતું. સિદ્ધરાજના પિતામહ ભીમદેવ પહેલાએ પોતાના દીર્ઘદૃષ્ટિ અને સર્વધર્મસમભાવી પુરોહિત સોમેશ્વરની સલાહથી શૈવાચાર્ય જ્ઞાનદેવને તેમ જ સુવિહિત જૈનોને આશ્રય આપીને ગૂજરાતની શોભા વધારી હતી. તેના જ સમયમાં 'કવીન્દ્ર' અને 'વાદિચક્રી' એવાં વિશેષણોથી વિભૂષિત તર્કશાસ્ત્રના પ્રૌઢ અધ્યાપક શ્રી શાંતિસૂરિએ માલવરાજ ભોજના આમંત્રણને માન આપી ત્યાં જઈને તેની રાજસભાના ૮૪ વાદીઓ ઉપર વિજય મેળવી ગુજરાતની વાદસરસાઈ સાબિત કરી હતી. ઉત્તરાધ્યયન સૂત્ર ઉપરની તેમની ટીકા આજે પણ પોતાનું અદ્વિતીય સ્થાન સાચવી રહી છે.

ભીમદેવના ઉત્તરાધિકારી કર્ણદેવે પણ કાશ્મીરી કવિ બિલ્હણને રાજ્યાશ્રય આપ્યો હતો. નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિ આ સમયને શોભાવી રહ્યા હતા.

આમ સતત વધુ વેગથી વહી રહેલો જ્ઞાનપ્રવાહ સિદ્ધરાજના સમયમાં આષાઢી ગંગાપ્રવાહની માફક માઝા મૂકી ભારતભરમાં પ્રસરી ગયો. મહાકવિ શ્રીપાળ તથા કાશ્મીરી મહાપંડિત અને મહાવૈયાકરણ 'ઉત્સાહ', 'પ્રમાણનયતત્ત્વા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોક'ના અને તેના ઉપર 'સ્યાદ્વાદરત્નાકર' નામની મોટી ટીકાના રચનાર, દિગંબર વાદી કુમુદચંદ્ર અને ભાગવતધર્મી મહામતિ દેવબોધ આદિ અનેક વાદીઓના વિજેતા તથા 'વાદિવેતાલ' શાંતિસૂરિના પ્રશિષ્ય વાદી દેવસૂરિ, સાંખ્યવાદી 'સિંહ'ના વિજેતા 'વીરાચાર્ય' મહાચારિત્ર્યવાન મલધારી હેમચંદ્ર, 'ગણરત્નમહોદધિ'ના કર્તા વર્ધમાનસૂરિ આદિ વિદ્વાનો ગૂજરાતને અને રાજસભાને શોભાવી રહ્યા હતા.

આમ ગૂજરાતની રાજકીય, આર્થિક, સાહિત્યિક અને ધાર્મિક જાહોજલાલીનો મધ્યાહ્ન કાળ એ આચાર્ય હેમચંદ્રનો કાળ હતો. આવા ઉત્કૃષ્ટ વિકાસકાળમાં જન્મ થવો એ ખરેખર સદ્ભાગ્ય છે, પણ સાથે સાથે તેમાં અગ્ર સ્થાને આવવું એ એટલું જ અઘરું કામ છે. આચાર્ય હેમચંદ્રે એવું અઘરું કામ પણ કુશળતાપૂર્વક પૂરું કર્યું એ એમની અસાધારણ શક્તિને જ આભારી છે.

સાહિત્યકાર

એક વખત જ્યારે સિદ્ધરાજ માળવાને જીતી લીધા પછી ત્યાંનો પુસ્તકભંડાર તપાસતો હતો ત્યારે તેણે ભોજ-રાજનું વ્યાકરણ જોયું. તેને પણ પોતાના નામનું વ્યાકરણ બનાવવાનું મન થઈ આવ્યું. પાછા ફરી તેમણે હેમચંદ્રા-ચાર્યને એક સરળ અને સંપૂર્ણ વ્યાકરણ તૈયાર કરવા વિનંતી કરી. હેમચંદ્રે તેની વિનંતીને ધ્યાનમાં લઈ વ્યાકરણ રચવાનું સ્વીકાર્યું. આમ આચાર્ય હેમચંદ્રની સાહિત્યિક પ્રવૃત્તિ શરૂ થતી જણાય છે. તે સમયે વિદ્યાના ધામ સમા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાશ્મીરમાંથી પ્રસિદ્ધ આઠ વ્યાકરણો મંગાવ્યાં અને તેમના દોહનરૂપ એક સર્વાંગસુંદર અને સંપૂર્ણ વ્યાકરણ તૈયાર કરી આપ્યું. રાજા અને આચાર્યની એકત્ર સ્મૃતિ ખાતર તેનું નામ 'સિદ્ધહેમ' રાખ્યું. આ વ્યાકરણ માત્ર સંસ્કૃત ભાષાનું જ નથી, તે વખતની જૂની પ્રાકૃતભાષાઓનું પણ છે. ત્યારબાદ તેમણે સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના કોશ નામે 'અભિધાનચિંતામણિ' અને 'દેશીનામમાળા' બનાવ્યા. વ્યાકરણનાં સૂત્રોને ભાષામાં સાર્થક બતાવવા અને ગુજરાતના ચૌલુક્ય વંશના રાજાઓનો ઇતિહાસ જનતા સમક્ષ મૂકવા—એવાં બે કારણોના આશ્રયરૂપ તેમણે દ્વયાશ્રય કાવ્ય બે ભાગોમાં લખ્યું. પહેલો ભાગ સંસ્કૃતમાં અને બીજો ભાગ પ્રાકૃતમાં છે. બીજો ભાગ કુમારપાળના જીવનચરિત્ર-રૂપ છે. ગુજરાતના ઇતિહાસ અને સામાજિક જીવનના અભ્યાસીએ અને ગવેષકે આ બન્ને કાવ્યો અવશ્ય વાંચવાં જોઈએ. તે ઉપરાંત કાવ્ય અને છંદોની મીમાંસા કરતા બે ગ્રંથો નામે 'કાવ્યાનુશાસન' અને 'છંદોનુશાસન' પણ રચ્યા.

ત્યારબાદ 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત' રચ્યું. તેમાં ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, ૯ બળદેવો, ૯ વાસુદેવો અને ૯ પ્રતિવાસુદેવો—એમ ૬૩ શ્રેષ્ઠ પુરુષોનાં ચરિત્રો છે. આ એક વિશાળ પુરાણ ગ્રંથ છે. હેમચંદ્રાચાર્યની વિશાળ પ્રતિભાને સમજવા માટે આ ગ્રંથ જરૂર વાંચવો જોઈએ. જૈન રામાયણ અને જૈન મહાભારત પણ એમાં અંતર્ગત થઈ જાય છે. તેમાં દશ પર્વો છે. ઉપરાંત, એક પરિશિષ્ટ પર્વ છે. તેમાં મહાવીર પછીના આચાર્યોનાં ચરિત્રો છે. આ પરિશિષ્ટ પર્વ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભારતના પ્રાચીન ઇતિહાસની ગવેષણામાં અત્યંત ઉપયોગી છે.

રાજા કુમારપાળને અનુલક્ષીને લખાયેલું 'યોગશાસ્ત્ર' તો આજ સુધીના યોગવિષયક જૈન-જૈનેતર ગ્રંથોમાં નવી ભાત પાડે છે. જેવો રોગ તેવી દવા, તેમ જેવી માણસની યોગ્યતા તેવો તેને ઉપદેશ. કુશળ ગ્રંથકાર હેમચંદ્રે આ ગ્રંથ રચીને કુશળ ગુરુ તરીકેનું પોતાનું સ્થાન ઘણું ઊંચું સાબિત કર્યું છે, તેમ જ પોતે અનુભવી યોગી છે એવી ખાતરી કરાવી આપી છે.

'વીતરાગસ્તોત્ર' માં તેમનાં નાનાં-મોટાં સ્તોત્રોનો સંગ્રહ છે. આ સંગ્રહમાં જ તેમની 'અન્યયોગવ્યવચ્છેદિકા' અને 'અયોગવ્યવચ્છેદિકા' નામની બત્રીશ બત્રીશ શ્લોકોની બે દાર્શનિક સ્તુતિઓ છે. તેમાં અન્ય ધર્મોના સિદ્ધાંતોનું ખંડન અને જૈનધર્મના સિદ્ધાંતોનું મંડન છે. વિષય અઘરો હોવા છતાંય ભાષાની પ્રસન્નતા અને કાવ્યનું માધુર્ય ઉચ્ચ કોટિનાં છે. ખરેખર, સ્તુતિકાર શ્રી સિદ્ધસેન દિવાકરનું આ સફળ અને વિશિષ્ટ અનુકરણ છે. અત્યારના ગુજરાતના સમર્થ વિદ્વાન આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવ કહે છે : "દ્વાત્રિંશિકાઓ અને સ્તોત્ર સાહિત્યિક દૃષ્ટિએ હેમચંદ્રની ઉત્તમ કૃતિઓ છે. ઉત્કૃષ્ટ બુદ્ધિ અને હૃદયની ભક્તિનો એમાં સુભગ સંયોગ છે."

કદાચ તેમની છેલ્લી કૃતિ તે 'પ્રમાણમીમાંસા.' આ ગ્રંથ પાંચ અધ્યાયોમાં વહેંચાયેલો છે, પણ દુર્ભાગ્યવશ આપણને અત્યાર સુધી તેનો દોઢ અધ્યાય મળી શક્યો છે. આ ગ્રંથ સૂત્રરૂપે છે. તેના ઉપર ટીકા પણ તેમણે પોતે જ લખી છે. લગભગ તેમના બધા મહત્ત્વના ગ્રંથો ઉપર તેમણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતે જ સ્વોપજ્ઞ ટીકાઓ લખેલ છે એ સૌભાગ્યની વાત છે.

તેમના ગ્રંથો જોતાં જણાય છે કે તેમના લગભગ બધા ગ્રંથો તેમના સમય સુધીમાં પૂર્વપ્રકાશિત તે તે વિષયના બધા ગ્રંથોના દોહનરૂપ હોય છે, એમ ખુશીથી કહી શકાય. તેથી એમના બધા ગ્રંથો તે તે વિષયના આકર ગ્રંથો છે. તેમની ભાષા ઘણી સરળ અને ધારાવાહી છે, તેમ જ વિષયોનું નિરૂપણ ઘણું જ વિશદ છે. વળી, તેમનું બધું લખાણ બહુ માપસર હોય છે. પં. સુખલાલજી આચાર્ય હેમચંદ્રના લેખનની મીમાંસા કરતાં જણાવે છે: "એમાં સંદેહ નથી કે જૈન વાઙ્મયમાં સંસ્કૃત ભાષાના પ્રવેશ પછી ઉત્તરોત્તર સંસ્કૃત ભાષાનું વૈશારદ્ય અને પ્રાંજલ લેખપાટવ વધતાં જ આવ્યાં છે, તથાપિ હેમચંદ્રનું લેખવૈશારદ્ય ઓછામાં ઓછું જૈનવાઙ્મયમાં તો મૂર્ધન્ય સ્થાન રાખે છે. વૈયાકરણ, આલંકારિક, કવિ અને કોશકારરૂપે હેમચંદ્રનું સ્થાન ન કેવળ સમગ્ર જૈન પરંપરામાં બલકે ભારતીય વિદ્વત્પરંપરામાં પણ અસાધારણ રહેલ છે."

ધર્મગુરુ

વિશાળ ગ્રંથરાશિની રચના અને તેનો પ્રચાર કોઈ જબરદસ્ત આશ્રય વિના અશકય જ રહે. પણ હેમચંદ્રે સિદ્ધરાજ અને કુમારપાળ જેવા મહાન સમ્રાટોને પોતાની અસાધારણ પ્રતિભાથી આકર્ષ્યા હતા. સિદ્ધરાજની પણ એ ઇચ્છા હતી કે ગુજરાતનું વિદ્યાધન વધારીને તેને પ્રથમ પંક્તિમાં મૂકવું. માટે તો તેણે હેમચંદ્રને વ્યાકરણ વગેરે ગ્રંથો રચવા વીનવ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ૦ હેમચંદ્રનો સિદ્ધરાજ સાથે પ્રથમ પરિચય કયારે થયો તે સંબંધી ચોક્કસ માહિતી ઉપલબ્ધ સાધનોમાંથી મળી શકતી નથી, પરંતુ માલવવિજય પછી તેમને સોંપાયેલું શબ્દાનુશાસન–વ્યાકરણનું ભગીરથ કાર્ય એમ સૂચવે છે કે તેમનો પરિચય તે પહેલાં ઘણો ઘનિષ્ઠ અને દીર્ઘકાલીન હોવો જોઈએ. તેમ જ વિદ્વદ્વર્ગમાં તેમનું સ્થાન ઘણું ઊંચું–કદાચ ઉત્કૃષ્ટ –હોવું જોઈ એ. પ્રબંધકારોના જુદા જુદા ઉલ્લેખોની મીમાંસા કરતાં અને માત્ર વિદ્વજ્જનોના નહિ પણ સર્વ જનોના આકર્ષણ-સ્થાન એ વખતના અણહિલ્લપુરનો વિચાર કરતાં એમ લાગે છે કે હેમચંદ્ર જેવા પોતાની જ્ઞાનભૂખ ભાંગવા અને સાથે જ પોતામાં રહેલ જીવંત જવાહીરને ગૂજરાતને ચરણે ધરવા આચાર્ય થયા પહેલાં જ અથવા થયા પછી તરત જ ખંભાત–થી અણહિલ્લપુરમાં આવેલા હોવા જોઈ એ.

આ૦ હેમચંદ્રની સિદ્ધરાજ ઉપર કેટલી અને કેવી અસર હતી તેનું વર્ણન 'કુમારપાલપ્રતિબોધ'માં આ પ્રમાણે છે:—

" બુધજનોના ચૂડામણિ, ભુવનપ્રસિદ્ધ સિદ્ધરાજને સંપૂર્ણ સંશયસ્થાનોમાં તે પ્રષ્ટવ્ય હતા. મિથ્યાત્વથી મુગ્ધમતિ હોવા છતાંય તેમના ઉપદેશથી જયસિંહ રાજા જિનેંદ્રના ધર્મમાં અનુરક્તમના થયો હતો. તેમના પ્રભાવમાં આવીને જ તેણે તે જ નગરમાં (અણહિલ્લપુરમાં) રમ્ય 'રાજવિહાર' બનાવ્યો તથા સિદ્ધપુરમાં ચાર જિનપ્રતિમાઓ-થી સમૃદ્ધ 'સિદ્ધવિહાર' નિર્મિત કર્યો.[૧] જયસિંહ દેવના

૧. દ્વયાશ્રય કાવ્યમાં (સર્ગ ૧૫, શ્લોક ૧૬) ઉલ્લેખ છે કે સિદ્ધરાજે સિદ્ધપુરમાં 'મહાવીરમંદિર' બંધાવ્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવાથી આ મુનીંદ્રે 'સિદ્ધહેમ' વ્યાકરણ બનાવ્યું કે જે નિઃશેષ શબ્દલક્ષણનું નિધાન છે. અમૃતમયી વાણીમાં વિશાળ એવા આચાર્યને મળ્યા વિના જયસિંહદેવના ચિત્તમાં એક ક્ષણ પણ સંતોષ ન થતો."–કુમારપાળપ્રતિબોધ પૃ. ૨૨.[૧]

ચુસ્ત શૈવધર્મી સિદ્ધરાજ જેવાના સલાહકાર અને રાહબર તરીકે રાજસભામાં રહેવું એ અગસ્ત્યની જેમ સ્યાદ્વાદ સમુદ્રને પી જનાર, જ્ઞાનગંભીર અને ભીમદેવ પહેલાના ઉદારદીલ રાજપુરોહિત સોમેશ્વર જેવા સર્વધર્મસમભાવી હેમચંદ્રથી જ બની શકે. તેમની દૃઢ માન્યતા હતી કે સકળ શાસ્ત્રમાં સદાચારની ભૂમિકા સરખી જ છે. વળી, જૈન દાર્શનિક વિદ્વાનો અનેકાંતને 'સર્વદર્શનસંગ્રહ' રૂપે માને જ છે.[૨]

હવે આપણે કુમારપાળ તથા હેમચંદ્રના સંબંધને તપાસીએ. પ્રબંધો કહે છે કે જ્યારથી સિદ્ધરાજે એ જાણ્યું કે પોતે અપુત્ર મરણ પામશે અને ગાદીનો વારસ કુમારપાળ થશે, ત્યારથી સિદ્ધરાજ કુમારપાળને મારી નાખવા માગતો હતો. પરંતુ તે વાતની જાણ થતાં જ વીશ વર્ષનો કુમારપાળ સિદ્ધરાજના પછીના રાજ્યત્વકાળ દરમ્યાન, એટલે કે ત્રીશ વર્ષ સુધી, ભિન્ન ભિન્ન વેશે રખડતો જ રહ્યો. આ દરમ્યાન આ૦ હેમચંદ્રે કુમારપાળને આશ્વાસન દ્વારા, પોતાના વિદ્યાબળે રાજ્ય મળવાની આપેલ ખાતરી દ્વારા, આર્થિક મદદ અપાવીને કે ગુપ્ત સ્થાને સંતાડીને—એમ અનેક રીતે અનેક વખત મદદ પહોંચાડી હતી.[૩] આમ કુમારપાળ શરૂઆતથી જ

૧. સિંઘી જૈન ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત પ્રમાણમીમાંસા પ્રસ્તાવના પૃ.૪૯.
૨. જુઓ પ્રબંધચિંતામણિ, 'સર્વદર્શનમાન્યતા' નામનો પ્રબંધ.
૩. જુઓ 'કુમારપાલપ્રબંધ', પા. ૧૪, ૧૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્યના ઉપકાર તળે આવી ચૂકયો હતો. તેમ છતાંય વિ. સં. ૧૧૯૯માં ગાદીએ આવ્યા પછી કુમારપાળને શરૂઆતનાં આઠેક વર્ષો સુધી વિગ્રહો શમાવવામાં તેમ જ રાજ્યવ્યવસ્થામાં રોકાઈ રહેવું પડયું હતું, તેથી તે કાળ દરમ્યાન તે કદાચ આચાર્યને મળી શકયો નહિ હોય. પરંતુ બધું થાળે પડયા પછી તેની સહજ સાત્ત્વિક વૃત્તિ ફરી જાગ્રત બની અને પોતાની પ્રવૃત્તિ પર દૃષ્ટિ ફેંકતાં જ અશોકની માફક એને પણ હિંસા પ્રત્યે ભારે તિરસ્કાર પેદા થયો. અને સદ્‌ગુરુ હેમચંદ્રના સુયોગથી અહિંસાપ્રધાન જૈનધર્મ તરફ તે ઝૂકતો ગયો અને છેવટે પોતાની જાતને સદ્‌ગુરુના શરણમાં સોંપી દીધી.

આ ઉપરથી એમ જણાય છે કે કુમારપાળનો સંબંધ પુરોગામી સિદ્ધરાજના સંબંધથી જુદા પ્રકારનો હતો. સિદ્ધરાજ હેમચંદ્રને સામાન્ય મિત્ર કે સલાહકાર તરીકે લેખતો અને સન્માનતો; જ્યારે કુમારપાળ તેમને ગુરુ તરીકે ગણતો અને પૂજતો. સિદ્ધરાજની પ્રેરણાથી જેમ હેમાચાર્યે સિદ્ધહેમાદિ ગ્રંથો રચ્યા, તેમ કુમારપાળના કહેવાથી 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત', 'યોગશાસ્ત્ર', 'વીતરાગસ્તોત્ર' આદિ ગ્રંથો રચ્યા.

લોકગુરુ

'યથા રાજા તથા પ્રજા' એ અનાદિ કાળની આપ્તજનોની ઉક્તિ અનુભવબળ ઉપર રચાઈ છે. ચક્રવર્તી સમા ગૂજરાતના બે સમર્થ સમ્રાટોને પોતાના પ્રભાવથી ધર્માનુરક્ત રાખનાર પ્રતાપી પુરુષે પ્રજાને પણ ધર્મમય જીવન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવતી કરી હતી. રાજાને હિંસા પ્રત્યે અણગમો હોય, પોતે હિંસક યજ્ઞ વગેરેનો ત્યાગ કર્યો હોય, ત્યારે તેની આજ્ઞામાં રહેનાર રાજાઓ, સામંતો કે પ્રજાજનો પર પણ તેની અસર થાય અને તેઓ હિંસક કૃત્યો છોડે એ સમજી શકાય એવી વાત છે. કુમારપાળ એક જૈનધર્મી રાજા હતો. આચાર્ય હેમે તેને 'પરમાર્હત' કહીને સંબોધ્યો છે. સમકાલીન અને પછીના પ્રબંધકારોએ પણ તેણે જૈનધર્મ અંગીકાર કરીને શ્રાવકવ્રત સ્વીકાર્યાનું કહેલ છે. તેણે યજ્ઞોમાં, દેવદેવીના બલિદાનાદિની ક્રિયાઓમાં કે ખાનપાન નિમિત્તે થતી જીવ-હિંસા બંધ કરવાની 'અમારીઘોષણા' લગભગ સમસ્ત આર્યા-વર્ત ઉપર પ્રસરેલ પોતાના સામ્રાજ્યમાં પ્રવર્તાવી. કુમાર-પાળના વખતના 'અમારીઘોષણા'નો ઉલ્લેખ કરતાં કેટલાય શિલાલેખો અને તામ્રપત્રો અત્યારે ઉપલબ્ધ છે. મૃગયાનો રિવાજ બંધ કરાવ્યો તેમ જ પશુ-પક્ષીઓની સાઠમારીની રમતો પણ બંધ કરાવી. તેણે એવી આજ્ઞા કરી હતી કે 'મારા રાજ્યમાં જો કોઈ પણ જીવહિંસા કરે, તો તેને ચોર અને વ્યભિચારી કરતાં પણ વધારે કડક શિક્ષા કરવી.'

વળી, તે વખતે મદ્યપાન તથા દ્યૂતક્રીડા ખૂબ પ્રચલિત હતાં. દ્યૂતક્રીડાનું દુર્વ્યસન તો ખુદ મોટા મોટા રાજાઓ, રાજપુત્રો અને સામંતોમાંય દેખાતું હતું, પણ ન્યાય અને નીતિપરાયણ કુમારપાળે સખ્ત જાપ્તો રાખીને મદ્યપાન અને દ્યૂતક્રીડા સદંતર બંધ કરાવી લોકોની સુખાકારીમાં વૃદ્ધિ કરી.

અહિંસાનો આદર્શ અમલ થતો જોઈને, તે વખતના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બ્રાહ્મણ પંડિત શ્રીધરે હેમચંદ્રની સ્તુતિ કરતાં કહ્યું છે: 'સાક્ષાત્ તીર્થંકરના શ્રીમુખથી ધર્મબોધ શ્રવણ કરનાર શ્રેણિક જે જીવરક્ષાને ન કરી શક્યો, તે જીવરક્ષાને આચાર્યનો ઉપદેશ સાંભળીને કુમારપાળ, કોઈ પણ પ્રકારના કષ્ટ વિના, કરી શક્યો તે આચાર્ય શ્રી હેમચંદ્ર ખરેખર પરમ ગુરુ છે.'[૧] આમ આર્યાવર્તના બીજા અશોકની અહિંસક રાજનીતિ ઘડવામાં આચાર્ય હેમચંદ્રની અદ્‌ભુત અસર દેખાઈ આવે છે. આ નીતિના પરિણામે જ વર્તમાનમાં પણ જગતમાં ગૂજરાત સૌથી વધારે અહિંસાપ્રધાન પ્રદેશ છે. એ જ અહિંસાની અસરને પરિણામે માનો આજ ગૂજરાતમાં અહિંસાના અવતારરૂપ મહાત્મા ગાંધીનો જન્મ થયો છે. અહિંસાનું તેમનું સૂક્ષ્મતમ નિરૂપણ માનો આને જ આભારી છે.

આમ આચાર્ય હેમચંદ્રની સર્વતોમુખી સેવાએ તેમને સર્વસાધારણના ગુરુપદે સહેજે સ્થાપ્યા છે. શ્રી રસિકભાઈ એ તેમને 'ગૂજરાતના વિદ્યાચાર્ય' કહીને સ્તવ્યા છે; જ્યારે શ્રી મુનશીના શબ્દમાં તે 'ગૂજરાતના જ્યોતિર્ધર' છે.

---

૧. જુઓ 'રાજર્ષિ કુમારપાળ' નામનો લેખ, ભારતીય વિદ્યા, વર્ષ ૧, અંક ૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગ

[જીવનનો આદર્શ]

આ સંસારમાં અનાદિ કાળથી વિચારકોની બે પરંપરાઓ ચાલતી આવી છે : એક જડવાદીઓની આધિભૌતિક; અને બીજી આત્મવાદીઓની આધ્યાત્મિક. બન્નેએ આ ચરાચર વિશ્વને સમજવાનો પ્રયત્ન કરેલ છે અને વિશ્વદર્શન ઉપરથી સુખ સંબંધી પોતાના સામાન્ય સિદ્ધાંતો ફલિત કરેલ છે. તે એ કે પ્રાણીઆલમમાં કીડીથી કુંજર સુધીનાં સૌ નાનાં-મોટાં પ્રાણીઓમાં પ્રિય વસ્તુની પ્રાપ્તિ માટેની રુચિ અને પ્રવૃત્તિ તથા અપ્રિય વસ્તુને દૂર કરવા માટેની રુચિ અને પ્રવૃત્તિ દેખાય છે. તેથી સુખ, શાંતિ, અનુકૂળતા સૌને પ્રિય છે અને દુઃખ, અશાંતિ, પ્રતિકૂળતા સૌને અપ્રિય છે.

પરંતુ સુખની કલ્પના અને વ્યાખ્યામાં બન્ને પરંપરા જુદી પડે છે. ભૌતિક પરંપરાનો અનુયાયી માને છે કે ઇન્દ્રિયસુખ એ જ સાચું સુખ છે, તેને મેળવવા કરાતા પ્રયત્નો વખતે નીતિ-અનીતિનો ખ્યાલ આવશ્યક નથી, કે પાપપુણ્યની દીવાલોને ખડી કરવાની જરૂર નથી; જ્યારે આધ્યાત્મિક પરંપરાના અનુયાયીનો આદર્શ ઐહિક સુખ નથી; તે તો આત્માના પરિપૂર્ણ વિકાસમાં માને છે. આ પરિપૂર્ણ વિકાસજન્ય સુખની સામે ઐહિક સુખ અતિગૌણ હોય છે, તેથી તે સ્વપર ઐહિક સુખ માટે પ્રયત્નો કરતો હોવા છતાં તેને પ્રાપ્ત કરવા હિંસા, અસત્ય કે ચોરી જેવા અથવા દગો, દંભ કે દાનવતા જેવા દુર્ગુણોનું સેવન કરતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. તેનું ધ્યેય તો રાગદ્વેષ અને મોહનો ત્યાગ કરી સમભાવ પ્રકટાવી આત્માનો પરિપૂર્ણ વિકાસ સાધવો એ છે.

હવે સુખની આ બે કલ્પનામાં કઈ કલ્પના વિશેષ આદરણીય છે એનો થોડો વિચાર કરીએ. સામાન્ય રીતે મનુષ્ય તેમ જ મનુષ્યેતર બધાં પ્રાણીઓમાં ઇન્દ્રિયસુખ માટેની ઝંખના મુખ્યપણે અને આત્મિક સુખ માટેની ઝંખના ગૌણ ભાવે દેખાય છે. પરંતુ માણસ પ્રાણી-આલમમાં શ્રેષ્ઠ પ્રાણી છે. તેનામાં મનન કરવાની, યોજનાઓ ઘડવાની, સંઘબળ ઊભું કરવાની તેમ જ બીજાને પોતાના ઉપયોગમાં લેવાની અદ્વિતીય આવડત અને કળા રહેલી છે. તેથી તેણે સામ્રાજ્યવાદ, લોકશાસનવાદ કે સમાજવાદ જેવા વાદો ઇન્દ્રિયસુખની ઇમારત માટે ઊભા કરેલા છે. અલબત, આ બધા વાદો ઉત્તરોત્તર અધિકમાં અધિક માણસોને અધિકમાં અધિક સુખ મળે એ દૃષ્ટિએ જ રચાયા છે; તેમાંનો સમાજવાદ તો વૈયક્તિક સુખને સામૂહિક સુખની સરખામણીમાં બહુ જ ઓછું મહત્ત્વ આપે છે; કારણ કે તે આર્થિક અસમાનતા દૂર કરવા ઉત્પન્ન થયેલ છે. તેનું માનવું એ છે કે સમાજની પ્રત્યેક વ્યક્તિને બીજાની માફક સુખ પ્રાપ્ત કરવાનો અધિકાર છે. તે માટે રાજ્યે તેને બધી સગવડ આપવી જોઈએ. આમ વ્યક્તિગત લોભની તીવ્ર માત્રાને મારવા જ તે ઉત્પન્ન થયેલ છે. જોકે આ સિદ્ધાંત અધ્યાત્મવાદીઓના **'वसुधैव कुटुम्बकम्'** જેવો ઉદાત્ત લાગે છે, પણ વાસ્તવિક રીતે તે ઇન્દ્રિયસુખની કલ્પના ઉપર રચાયેલ હોવાને કારણે સ્વાર્થમૂલક છે. તે સિદ્ધાંતના વ્યાપક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રચાર માટે તેના ઉપાયો ગમે તેવા વિનાશક હોઈ શકે છે.

તે જ મનુષ્યસમાજમાંથી કેટલાક એવા વિચારકો નીકળ્યા કે જેમને એમ થયું કે આ સુખ સહેલાઈથી મળતું નથી. વિલાસને માટે જે નાનાવિધ સાધનોની જરૂર રહે છે તેને મેળવવા માટે જ માનવજીવનનો મોટો ભાગ ચાલ્યો જાય છે, અને છતાંય તેની પ્રાપ્તિ અનિશ્ચિત જ રહે છે. વળી, તે સુખનાં જે સાધનો છે તે સૌને માટે સામાન્ય છે, તેથી તેની પ્રાપ્તિ માટે પુષ્કળ પ્રપંચો, અનેકવિધ અથડામણો, અન્યાયો અને યુદ્ધ જેવા અત્યાચારો કરવા પડે છે. આ મથામણમાં જ જીવન વીતી જાય છે અને ઇન્દ્રિયસુખનો ઉપભોગ અધૂરો કે અજાણ્યો જ રહી જાય છે. ભૂતકાળના મહાસંહારો તેમની નજર સમક્ષ આવીને ઊભા રહે છે. ઇન્દ્રિયસુખોપભોગ માટેની આ રસાકસી કોઈને પૂર્ણ સુખ ભોગવવા નથી દેતી અથવા થોડે અંશે ભોગવાય છે તો તે બીજાના સુખને ભોગે જ, અન્યથા નહિ. વળી, ઇન્દ્રિયસુખની ઇચ્છા એવી છે કે તે અધિક ભોગવનારની ઈર્ષ્યા કરે છે અને તેમ છતાંય પોતે તો તેટલા જ કે તેથી પણ અધિક સુખ ભોગવવાની આશા રાખે જ છે, એટલે કે એ સુખના મૂળમાં જ લોભ, ઈર્ષ્યા અને મોહ જેવાં તત્ત્વો રહેલાં છે. આ રીતે રાગ, દ્વેષ અને મોહ જ સુખેચ્છાનું અને તજ્જન્ય બધી અથડામણોનું મૂળ છે એમ તેમને અનુભવાય છે. સાથે જ તે મૂળને દૂર કરીએ તો શું પરિણામ આવે તેનો વિચાર તેઓ શરૂ કરે છે તથા અખતરાઓ આદરે છે.

અખતરાઓ વખતે તેમનો સર્વપ્રથમ ઘા ઇન્દ્રિયોના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિલાસ ઉપર હોય છે અને તેમને બધી અથડામણો આપોઆપ અદૃશ્ય થતી દેખાય છે. અસત્ય, ચોરી કે હિંસા દ્વારા ભેગાં કરાતાં વૈભવનાં સાધનોનો સંગ્રહ હવે નકામો જણાય છે. તથા પરસ્પરનો ક્લેશ, ઈર્ષ્યા, દગો, અન્યાય વગેરે અસામાજિક ગુણો પણ અગોચર થાય છે. પરિણામે સંતોષ, સેવા, સદાચાર ને પ્રેમ જેવા ગુણોનો સમાજમાં પ્રવેશ થાય છે અને સર્વત્ર શાંતિનું મોજું ફરી વળે છે.

ઇન્દ્રિયસંયમનું બીજું પરિણામ એ આવે છે કે તેમનું શરીર સુદૃઢ બને છે, મન સ્વસ્થ થાય છે અને સાથે સાથે જ એવી સહજ સ્ફુરણા થાય છે કે ઇન્દ્રિયો અને મન ઉપર કાબૂ રાખનાર કોઈ સ્વતંત્ર તત્ત્વ હોવું જ જોઈએ. વિચાર કરતાં તેમને જ્ઞાન અને આનંદરૂપ 'આત્મા' જેવો સ્વતંત્ર પદાર્થ જણાય છે અને તેને પ્રાપ્ત કરીને તે અખૂટ આનંદ અને અગાધ જ્ઞાનને લૂટવાના પ્રયત્નો પણ તેઓ શરૂ કરે છે. આ જગજ્જીવોની અથડામણો ઓછી કરવાને તે દૃશ્ય જગતમાંથી અદૃશ્ય જગત તરફ જઈ ચડે છે અને પરિણામે દૃશ્ય જગતની બધી પ્રવૃત્તિ એક તટસ્થ માણસ તરીકે કરે છે. તેમનામાં કોઈ પ્રકારની આસક્તિ હોતી નથી, તેથી તેમને કોઈ જાતના પ્રપંચો પણ કરવા પડતા નથી.

લોભ અને મોહમૂલક સામ્રાજ્યવાદને, રાષ્ટ્રવાદને, સમાજવાદને કે તેવા જ કોઈ તદ્દન નવા વાદને વિકસાવવા ખાતર અથવા અમુક માણસોના ઇન્દ્રિયસુખની અધિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તૃપ્તિ ખાતર જળ, સ્થળ અને આકાશમાં થતી અત્યારની સંહારલીલા સમક્ષ ઇન્દ્રિયોના સંયમનો, અનાસક્ત પ્રવૃત્તિનો આ કેવો સુંદર આદર્શ છે! એક ક્ષણવાર જો કોઈ અંતર્મુખ થઈને અવલોકશે તો સંહારનું એ રાક્ષસી નૃત્ય કેટલું ભયાનક અને બેહૂદું છે એ તરત જણાઈ આવશે. **'शठं प्रति शाठ्यं कुर्यात्'** જેવા કે **'जीवो जीवस्य जीवनम्'** જેવા આદર્શનો આ અતિ વ્યાપક, દારુણ છતાં કરુણ અમલ છે.

ઇન્દ્રિયસુખ અને આત્મિક સુખ વચ્ચે આ જ મહાન અંતર છે. એકના આદર્શની શરૂઆત 'કોઈ પણ ભોગે સુખપૂર્વક જીવો'થી થાય છે અને 'સુખપૂર્વક જીવો અને જીવવા દો' જેટલી હદે વિકસીને અટકી જાય છે; જ્યારે બીજાના આદર્શની શરૂઆત 'બધાંય સુખપૂર્વક જીવો'થી શરૂ થાય છે અને 'પોતાને ભોગે પણ જીવવા દો' જેટલી હદે વિકસે છે.[૧] એકની પ્રવૃત્તિ, ભ૦ મહાવીરનાં શબ્દોમાં, રાગ, દ્વેષ અને મોહમૂલક છે અથવા ગીતાના શબ્દોમાં કહો તો કામ, ક્રોધ અને મોહમૂલક છે અથવા ભ૦ બુદ્ધના શબ્દોમાં કહો તો લોભ, દ્વેષ અને મોહમૂલક છે, જ્યારે બીજાની પ્રવૃત્તિ તેનાથી ઊલટી ત્યાગ, પ્રેમ અને જ્ઞાનમૂલક છે.

આ અતિ સંક્ષિપ્ત વ્યાખ્યાન ઉપરથી એટલું તો સમજાયું હશે કે આધિભૌતિક સુખ કરતાં આધ્યાત્મિક સુખ અનંતગણું ઊંચું છે અને સ્થાયી છે, તેથી તે વિશેષ આદરણીય છે. તેથી જ મહર્ષિ મનુએ સુખદુઃખની વ્યાખ્યા

---

૧. **परोपकाराय सतां विभूतयः ।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતાં કહ્યું કે સ્વાધીનતા એ સુખ અને પરાધીનતા એ દુઃખ.[૧]

યોગ એટલે શું ?

હવે પ્રશ્ન એ રહે છે કે જો આધ્યાત્મિક સુખ વધારે આદરણીય હોય તો તેને પ્રાપ્ત કેવી રીતે કરવું જોઈએ ? આનો ઉત્તર આપણા ઋષિમુનિઓએ આપેલ છે જ. જેમ પાશ્ચાત્ય વિદ્વાનોએ આધિભૌતિક સુખની પ્રાપ્તિ માટે ખૂબ વ્યવસ્થિત વિચારો અને નિર્ણયો કરેલ છે, તેમ આધ્યાત્મિક પ્રાપ્તિ માટે આપણા ઋષિમુનિઓએ પણ ખૂબ વ્યવસ્થિત વિચારો અને નિર્ણયો કરેલ છે. તે નિર્ણયો મુજબ તેઓએ પોતાનું વર્તન રાખ્યું છે અને સુખ પ્રાપ્ત કરવામાં સફળ બનેલા છે. સુખ માટેની આ સાધના, આ વર્તન તે યોગ.

આર્યાવર્તની જૂની પરંપરાઓ ત્રણ : વૈદિક, બૌદ્ધ અને જૈન. ત્રણેયની સુખની કલ્પના આધ્યાત્મિક અને એકસરખી છે. અને તેને પ્રાપ્ત કરવા માટે ત્રણેય પરંપરાઓએ જુદા જુદા શબ્દોમાં એક જ ઉપાય બતાવ્યો છે. તે ઉપાય તે યોગ.

યોગવિષયક વ્યવસ્થિત વિચાર કરતો સૌથી જૂનો વૈદિક ગ્રંથ ' પાતંજલ યોગદર્શન ' છે. તેનાં મૂળ તો ઠેઠ વેદ કાળનાં કે તેથી પણ જૂના કાળનાં છે; તેણે યોગની વ્યાખ્યા કરી છે **'योगश्चित्तवृत्तिनिरोधः'** ચિત્તની અંદર પેદા થતી બધી શુભાશુભ વૃત્તિઓનો નિરોધ કરવો તેનું નામ યોગ. વૃત્તિઓનો નિરોધ એટલા માટે જરૂરી છે કે તેમનાથી આત્મામાં રાગદ્વેષ પેદા થતા રહે છે અને રાગદ્વેષ પોતામાં તેમ જ

---

૧. **सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम् ।**
एतद्विद्यात्समासेन लक्षणं सुखदुःखयोः ॥
मनुस्मृति, अध्या० ४, १६०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગતમાં અશાંતિ ફેલાવે છે. અને જો વૃત્તિઓનો નિરોધ થાય તો આત્મામાં સમભાવ પેદા થાય છે. આ સમભાવ જ યોગ કહેવાયં છે. ગીતાકારે કહ્યું છે **'समत्वं योग उच्यते'**. વળી, આગળ ચાલતાં બીજા શબ્દોમાં કહ્યું છે **'योगः कर्मसु कौशलम्'**[1] કૌશલનો અર્થ નિપુણતા, પરિપૂર્ણતા, સહજતા અને એટલે જ સમતા. આ સમતા સાધતાં જ માણસને પોતાની પ્રવૃત્તિમાં મળતી સફળતાનિષ્ફળતાને કારણે શુભાશુભ કે સુખદુઃખજનક વિચારોનો કે પુણ્યપાપની કલ્પનાઓનો સ્પર્શ સરખો પણ થતો નથી. સમતાનો અર્થ જ ઉપેક્ષા છે. તેમાં વિહ્વળતા કે ઉન્માદ હોતાં જ નથી. કારણ કે, ગીતાના શબ્દોમાં કહો તો, તેની બધી પ્રવૃત્તિ 'અનાસક્ત ભાવે' થતી હોય છે. જે કાંઈ કરો તે ફલેચ્છા વિના કરો, યજ્ઞાર્થે કરો, અહંત્વ, મમત્વનો ત્યાગ કરીને કરો.

બૌદ્ધ લોકો યોગ અર્થમાં પ્રાયઃ સમાધિ કે ધ્યાન શબ્દ વાપરે છે. સમાધિ=સમાધાન; મન, વચન અને શરીરને સમતોલ રાખવાં તે. બુદ્ધ ભગવાને અનેક વખત કહ્યું છે કે ચિત્તનું સમાધાન કરવું એટલે કે અકુશળ મનોવૃત્તિઓને છોડી કુશળ મનોવૃત્તિઓનું સેવન કરવું અને છેવટે કુશળ ઉપર પણ ઉપેક્ષાભાવ કેળવવો અને આત્મામાં સ્થિર થવું.[2] આનું નામ જ સમત્વપ્રાપ્તિ.

ભગવાન બુદ્ધે જગતનું દુઃખ જોયું અને તેમને સંસારની

---

૧. ગીતા અધ્યાય ૨, ૪૮, ૫૦.

૨. **सव्वपापस्स अकरणं कुसलस्स उपसंपदा ।**
सचित्तपरियोदपनं एतं बुद्धानं शासनं ॥
સમાધિમાર્ગ, પૃ. ૧૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનિત્યતા–ક્ષણભંગુરતા સમજાઈ. તે દુઃખથી દુનિયાને દૂર કરવા તેમણે ગૃહત્યાગ કર્યો. એ દુઃખનું મૂળ તેમને અવિદ્યામાં અને તૃષ્ણામાં અથવા લોભ, દ્વેષ અને મોહમાં દેખાયું. તેથી તેમનું એ જીવનવ્રત હતું કે પોતાની અને જગતની અવિદ્યા અને તૃષ્ણા દૂર કરવી. તે માટે જ તેમણે બુદ્ધ થયા પછી આર્ય [1]અષ્ટાંગિક માર્ગ સૂચવ્યો અને જાહેર કર્યું કે જે કોઈ માણસ માર્ગનાં આ આઠ અંગોનું આચરણ કરશે એ અવિદ્યા અને તૃષ્ણાથી મુક્ત થશે. તે આ પ્રમાણે છે :

(૧) સમ્મા દિટ્ઠિ, (૨) સમ્મા સંકપ્પો, (૩) સમ્મા વાચા, (૪) સમ્મા કમ્મંતો, (૫) સમ્મા આજીવો, (૬) સમ્મા વાયામો, (૭) સમ્મા સતિ (૮) સમ્મા સમાધિ. આ આઠમાંથી સાત અંગો આઠમા અંગ સમાધિનાં સંરક્ષક અને પોષક છે.[1]

જૈનધર્મનો સૂર પણ આથી કાંઈ જુદો પડતો નથી. તેણે પણ પોતાના રાગ મુજબ પોતાના શબ્દોમાં એ જ ગાયું છે. તેણે કહ્યું કે અહિંસાદિ સનાતન ધર્મોનું સેવન, ઇન્દ્રિયો અને મન ઉપરનો નિગ્રહ એટલે કે મન, વચન અને કાયાની બધી શુભાશુભ પ્રવૃત્તિનો ત્યાગ અને શુદ્ધ પ્રવૃત્તિઓનું વિવેકપૂર્વક આચરણ માણસનો પરિપૂર્ણ વિકાસ સાધે છે. તેથી બધી શુદ્ધ પ્રવૃત્તિઓ યોગ કહેવાય છે. જૈન પરંપરામાં યોગવિષયક તત્ત્વોનો સૌથી પ્રથમ સમન્વય કરનાર શ્રી હરિભદ્રસૂરિ છે. તેમણે તો કહી દીધું કે 'મોક્ષપ્રાપક ધર્મ વ્યાપાર,[2] તે યોગ છે.' શ્રી હેમચંદ્રાચાર્યે પણ જૂની પરિ-

૧. જુઓ સમાધિમાર્ગ, પૃ. ૧૩–૧૪.

૨. **મુક્ખેણ જોયણાઓ જોગો સવ્વોવિ ધમ્મવાવારો।**
પરિસુદ્ધો વિન્નેયો, ઠાણાઇગઓ વિસેસેણ ॥
હરિભદ્રસૂરિ, યોગવિંશિકા ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાષાને[૧] કાયમ રાખીને યોગની વ્યાખ્યા કરી કે 'મોક્ષને પ્રાપ્ત કરાવનાર સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર જ યોગ છે.[૨] આ ઉપરથી એમ સમજવું જોઈએ કે મોક્ષને પ્રાપ્ત કરવામાં સાધનરૂપ જે જે વિશ્વાસ, વિચાર અને વર્તન હોય તે બધાં યોગરૂપ છે અને તેથી તે ઉપાદેય છે, તથા તે સિવાયનાં બધા પ્રકારનાં વિશ્વાસ, વિચાર અને વર્તન યોગરૂપ નથી અને તેથી તે હેય છે.

યોગસાધના

મહર્ષિ પતંજલિએ યોગના આઠ[૩] વિભાગ પાડેલા છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. આ આઠેય અંગોના અનુષ્ઠાનથી મોક્ષપ્રાપ્તિ થાય છે. બૌદ્ધ લોકોએ આગળ બતાવેલ આઠ અંગોવાળો માર્ગ બતાવ્યો છે, કે જેના ઉપર ચાલવાથી માણસ પરિપૂર્ણ વિકાસને પામે છે. જૈનોએ જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ યોગને મોક્ષમાર્ગ કહ્યો છે. ગીતાનો પૂર્ણ યોગ પણ આ જ છે. ગીતાના રહસ્યને જીવનમાં જડનાર જગદ્વંદ્ય કર્મ-

---

૧. **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।**
तत्त्वार्थसूत्र, અધ્યાય ૧, ૧.

૨. **चतुर्वर्गेऽग्रणीर्मोक्षो योगस्तस्य च कारणम् ।**
ज्ञानश्रद्धानचारित्ररूपं रत्नत्रयं च सः ॥
યોગશાસ્ત્ર, ૧, ૧૫.

૩. **योगाङ्गानुष्ठानादशुद्धिक्षये ज्ञानदीप्तिराविवेकख्यातेः ।**
યોગદર્શન, ૩, ૨૮.

તથા આઠ અંગોના વિસ્તાર માટે પદ ૩, સૂ. ૨૯થી આગળ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગી ગાંધીજીએ કહ્યું છે "ગીતાનો યોગી તે શુષ્કજ્ઞાની નહિ, વેવલો ભક્ત પણ નહિ. ગીતાનો યોગી જ્ઞાન અને ભક્તિમય અનાસક્ત કર્મ કરનારો."[૧] આચાર્ય હેમચંદ્રે એનો જ, એક ગૃહસ્થને અનુલક્ષીને, જૈન દૃષ્ટિએ, પોતાના યોગશાસ્ત્રમાં તેને લાયક વિસ્તાર કર્યો છે. તેમણે આઠ યોગાંગોનો જૈન દૃષ્ટિએ વિચાર કરેલ છે. પરંતુ ચોથું અંગ પ્રાણાયામ જૂના વખતથી જ ઘણું વિકસેલું છે—જાણે કે સ્વતંત્ર યોગ પ્રકાર. તેથી જ તેની પ્રક્રિયાને 'હઠયોગ' એવું નામ અપાયું છે. હઠયોગથી અનેક સિદ્ધિઓ પ્રાપ્ત થતી હતી તેથી તાપસો અને ઋષિમુનિઓ એમાં જ અટવાઈ ગયેલા રહેતા. તેનો પ્રયોગ એટલો બધો વ્યાપક હતો કે લોકો એમ જ માનતા કે યોગ એક દુઃસાધ્ય કીમિયો છે. તેનાથી પ્રાપ્ત થતી સિદ્ધિઓ જોઈને લોકો તેના પ્રભાવમાં અંજાઈ જતા. પરમાર્થને નહિ જાણનારા આવા હઠયોગી-ઓની ભગવાન મહાવીર અને બુદ્ધે ખૂબ ખબર લીધી છે. તેમણે અનેક ઠેકાણે 'બાળ તપસ્વી, બાળ અજ્ઞાની,' એવા એવા શબ્દોથી તેમને સંબોધ્યા છે. જૈન તેમ જ બૌદ્ધ બન્નેના મોક્ષમાર્ગનો વિચાર કરીશું તો સમજાશે કે તે બન્ને મહા પુરુષોએ ઇન્દ્રિયો અને મન ઉપર વિજય મેળવવામાં હઠ-યોગનો નિષેધ કર્યો છે. જીવનવ્યવહારને ધર્મમય બનાવવો એ જ એમનો ઉપદેશ છે. આત્માને મન, વચન અને કાયાની બાહ્ય પ્રવૃત્તિમાં ન જોડવો પણ પરમાત્મામાં જોડવો એ જ મોક્ષમાર્ગ કે યોગ છે. ખુદ બુદ્ધ તો એવી પ્રક્રિયામાંથી

૧. ગીતાબોધ, અધ્યાય ૯, પૃ. ૭૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પસાર પણ થયેલા અને તે નિઃસાર લાગવાથી તેમણે છોડી દીધેલ.[૧] જૈનોની ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિનો વિચાર કરીએ તો તરત સમજાશે કે મોક્ષપ્રાપક ધર્મવ્યવહાર જ યોગ છે. બુદ્ધે કહ્યું 'ચિત્તને પાપ માર્ગથી દૂર રાખો અને કલ્યાણમાર્ગમાં જોડો.'[૨] હેમાચાર્યે પણ પોતાના યોગશાસ્ત્રમાં તેનો નિષેધ કર્યો છે કે પ્રાણાયામથી કાયકલેશ બહુ થાય છે અને પારમાર્થિક હેતુ સધાતો નથી. તેનાથી કેટલીક સિદ્ધિઓ સાંપડે છે પણ મોક્ષ નહિ.[૩] તે માટે તેમાં અટવાવાની ગીતાકારે પણ ના કહી છે. ખુદ ગાંધીજીએ કહ્યું છે કે "આસનાદિ એકલી ક્રિયાથી કદી સમત્વને ન પમાય એ સમજી લેવાની જરૂર છે. આસન, પ્રાણાયામાદિ મનને સ્થિર કરવામાં, એકાગ્ર કરવામાં થોડી મદદ કરે, જો તે હેતુથી તે ક્રિયાઓ થતી હોય તો. પણ તે વડે સિદ્ધિઓ મેળવવા અને ચમત્કારો જોવાને અર્થે આ ક્રિયાઓ કરાય છે, એથી લાભને બદલે હાનિ થતી મેં જોઈ છે"[૪] પતંજલિ ઋષિએ પણ સિદ્ધિઓમાં અટવાઈ જવાનો નિષેધ કર્યો છે.[૫]

આદર્શ અમલ

પરંતુ યોગ જો એક વ્યક્તિને અનુપમ અને શાશ્વત

---

૧. જુઓ સમાધિમાર્ગ, પૃ. ૧૪.

૨. **अभित्थरेथ कल्याणे पापा चित्तं निवारये ।**

ધમ્મપદ, પાપવર્ગ, ૧.

૩. જુઓ યોગશાસ્ત્ર, પ્ર. ૬, શ્લોક ૧–૫.

૪. ગીતાબોધ, અધ્યાય ૬, પૃ. ૬૭.

૫. યોગદર્શન, પાદ ૩, ૩૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખ આપી શકતો હોય તો સમગ્ર સમાજ, રાષ્ટ્ર કે વિશ્વને જરૂર તેવું સુખ આપી શકે. જે એક વ્યક્તિને માટે શકય કે સાચું છે તે એક સમૂહને માટે પણ શકય અને સાચું હોય જ. મને લાગે છે કે આચાર્ય હેમચંદ્રે આ જ સિદ્ધાંતને લક્ષ્યમાં રાખીને રાજર્ષિ કુમારપાળના રાજ્યને તત્કાલીન પરિસ્થિતિ અનુસાર આધ્યાત્મિક ભૂમિકા ઉપર આણવાનો આદર્શ પ્રયત્ન કર્યો હતો. તેમણે રાજપ્રજાની અંદર સદાચાર અને સદ્‌વૃત્તિ વધે તે માટે માંસ, મદિરા કે જુગાર જેવાં દુર્વ્યસનોને પ્રજાજીવનમાંથી સદંતર દેશવટો દેવરાવ્યો હતો; સ્વાર્થ અને લોભ ઘટે તે માટે અપરિગ્રહનો આદર્શ પાઠ રાજાપ્રજા સમક્ષ મૂકેલ હતો. આ રહ્યો તેમનો મનોહારી ઉપદેશ–

यो भूतेष्वभयं दद्याद् भूतेभ्यस्तस्य नो भयम् ।
यादृग्वितीर्यते दानं तादृगासाद्यते फलम् ॥ २०, ४८ ॥

मातेव सर्वभूतानामहिंसा हितकारिणी ।
अहिंसैव हि संसारमरावमृतसारणिः ॥ २०, ५० ॥

आकरः सर्वदोषाणां गुणग्रसनराक्षसः ।
कन्दो व्यसनवल्लीनां लोभः सर्वार्थबाधकः ॥ ४, १८ ॥

દરેક માણસનું જીવન નીતિમય અને ધર્મમય બન્યું રહે તેથી અને દરેકમાં સંપ અને પ્રેમ વધે તે માટે તેમણે દરેક ધર્મની નીતિનું–સદુપદેશનું ધોરણ સમાન છે એમ તારવી બતાવ્યું હતું; તેમ જ બીજા અનેક પ્રસંગોએ પોતાનો સર્વ ધર્મ પ્રત્યેનો સમભાવ તેમણે વ્યક્ત કર્યો હતો.

એવા વ્યાપક યોગની તે વખત કરતાં પણ આજે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધિકતર આવશ્યકતા છે. જે હિંદે ભૂખમરો કે બેકારીનો કયારેય અનુભવ સરખો પણ કર્યો ન હતો, જે હિંદને આજીવિકાના પ્રશ્ને કદી સતાવ્યું ન હતું, તે હિંદની સામે આજે ભૂખમરો અને બેકારીના વિકટ પ્રશ્નો આવીને ઉકેલ માગી રહ્યા છે. એ ઉકેલ યોગના જગદ્‌વ્યાપી થયા વિના અશકય છે. જગતભરમાં આજે લોભનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. લાખો લોકો લોભજવરના ભોગ બની રહ્યા છે. જાણે કે તેણે પોતાની સંહારલીલા સોળે કળાએ ખીલવી છે. 'પરસ્પર મદદ કરવી કે એકબીજાને આધારે જીવવું' એ તો સૃષ્ટિક્રમ છે; જીવોનો સ્વભાવ છે.[1] પણ સ્વાર્થનો અધિનાયક દેવ અત્યારે મનુષ્ય પાસેથી પોતાના સ્વભાવથી વિરુદ્ધ કામો કરાવી રહ્યો છે. માનવીનું બધું જ્ઞાન, વિજ્ઞાન, તેની બધી પ્રવૃત્તિઓ અને બધી કુશળતા તે દેવની ખુશામત કરતી દેખાય છે. જાણે કે વર્તમાન જગતનું વર્તન આચાર્ય હેમચંદ્રના ઉપરના શ્લોકનું વાસ્તવિક અને વિરાટ ચિત્રણ. ખરેખર, હિંસા, જૂઠ, રાગ, દ્વેષ, ક્રોધ, ક્રૂરતા, કપટ, વિલાસ-પ્રિયતા જેવા અગણિત દોષોની ખાણરૂપ લોભે પોતાનું અભૂતપૂર્વ, વ્યવસ્થિત અને જગદ્‌વ્યાપી સંગઠન સાધ્યું છે.

આને વશ ન થવું એ આજનું આપણું કર્તવ્ય છે. એનો સામનો કરવો એ જ આપણી મુખ્ય પ્રવૃત્તિ હોવી જોઈએ. આપણા ઋષિમુનિઓએ શુભાશુભ બધી પ્રવૃત્તિઓના કારણભૂત આપણા મનનું[2] સૂક્ષ્મ અન્વેષણ કરેલ છે. એમને

૧. **परस्परोपग्रहो जीवानाम् । तत्त्वार्थसूत्र, अध्याय ५, १७.**
૨. **मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ લાગ્યું છે કે આ જગજ્જીવોની સુખાકારી અને આબાદી માટે સામાજિક, રાજકીય કે આર્થિક વ્યવસ્થા ગમે તેવી હોય તોપણ જો માનવીના મનમાંથી રાગ, દ્વેષ, કામ, ક્રોધ, મોહાદિ રાક્ષસી વૃત્તિઓ પ્રત્યેનો આદર અને પ્રેમ નહિ ગયો હોય અને તેમનો આમૂળ છેદ નહિ થયો હોય ત્યાં સુધી તે વૃત્તિઓ તે તે વ્યવસ્થાનાં સાધનોનો ઉપયોગ પોતાના વિકાસ માટે જ કરશે અને પરિણામે હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર, છળ, કપટ વગેરે પ્રકારનાં અન્યાય અને અનીતિ વધશે; તેથી તેમણે કહ્યું છે કે મનને જીતો, તેમાં રહેલા અસદ્‌ગુણોને વીણી વીણીને બહાર કાઢો. મનઃશુદ્ધિ જ જગતને શાશ્વત સુખ આપવાનો એકમાત્ર ઉપાય છે. પ્રેમ, વૈરાગ્ય, નિર્મોહ, નિર્લોભ, સમભાવ, સદસદ્‌વિવેક વગેરેના વિકાસમાં જ જગતનું કલ્યાણ છે. અને આનો વિકાસ માત્ર શુદ્ધ બુદ્ધિએ, અનાસક્ત ભાવે અહંકાર અને મમકારના ત્યાગ પૂર્વકની પ્રવૃત્તિથી જ શક્ય છે. આવી પ્રવૃત્તિ જ યોગ છે એવું આગળ વિચારાઈ ગયું છે. આ યોગને વ્યાપક બનાવવા માટે સંક્ષેપમાં નીચેના ગુણોના વિકાસની અત્યંત આવશ્યકતા છે :

(૧) ઇન્દ્રિય અને મન ઉપરનો કાબુ.
(૨) મનની સ્થિરતા.
(૩) વિવેક–જાગૃતિ–વ્યવસ્થાબુદ્ધિ–ભેદજ્ઞાન.
(૪) અહંત્વ મમત્વનો ત્યાગ એટલે નિરભિમાનતા.
(૫) ઉત્સાહ–વીર્ય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) પૂર્વગ્રહોનો ત્યાગ.

(૭) કષાયત્યાગ.

(૮) સેવાર્થે હંમેશ કાંઈક કરી છૂટવાની વૃત્તિ.

યોગનું ફળ

છેવટે યોગથી પ્રાપ્ત થતી વિભૂતિઓ માટે થોડું કહી આ નિબંધ પૂરો કરીશ. ખુદ આચાર્યે ગ્રંથની શરૂઆતમાં યોગનો મહિમા ગાતાં ગાયું છે: 'સર્વ વિપત્તિરૂપી મલ્લસમૂહને વિદારવામાં યોગ તીક્ષ્ણ પરશુ છે. કર્મોના અકલ્પ્ય ઢગને તે ક્ષણમાત્રમાં હતો–નહોતો કરી શકે છે. તેના પ્રભાવથી યોગીનો કફ, મેલ કે તેમનો સ્પર્શમાત્ર પ્રભાવશાળી ઔષધિરૂપ બની જાય છે. વળી, તેનાથી આકાશગમનવિદ્યા, આશીવિષલબ્ધિ, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન વગેરે સિદ્ધિઓ અને શક્તિઓ સાંપડે છે ઇત્યાદિ.'

અત્યારના યુગને આ નિરૂપણ ઠંડા પહોરનાં ગપ્પાં જેવું લાગે; પણ લાગવા માત્રથી તે વસ્તુ તેવી જ છે એમ કોઈએ સમજવું જોઈએ નહિ. વિજ્ઞાને 'અમુક અશક્ય છે' એવી પામર માન્યતાને આપણામાં રહેવા દીધી નથી એ ખરેખર તેનો ઉપકાર છે. જેમ વિજ્ઞાન કે ભૌતિક શાસ્ત્ર પ્રયોગ જ છે તેમ યોગશાસ્ત્ર પણ પ્રયોગ પછી જ રચાયેલ છે. યોગનું લક્ષ્ય આત્માની પૂર્ણતા સાધવાનું છે. આવા સાધકોના અનુભવોને આપણે વિજ્ઞાનવાદીઓના અનુભવની માફક માન્ય રાખવા જોઈએ. અને ખાતરી કરવા માટે આપણે તેવા અનુભવો મેળવવા તત્પર રહેવું જોઈએ. મહર્ષિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પતંજલિ કે જે એક મહાન યોગી હતા, જેમનું યોગશાસ્ત્ર લગભગ બબે હજાર વર્ષોથી આજ સુધી એકસરખી રીતે માન્ય અને આધારભૂત થતું આવ્યું છે, તેમણે પોતે પોતાના ગ્રંથના વિભૂતિપાદ નામના ત્રીજા પાદમાં સૂત્ર ૧૮ થી ૫૫ સુધીનાં ૩૭ સૂત્રોમાં યોગજન્ય અનેક વિભૂતિઓનું વર્ણન કરેલ છે. યોગથી પૂર્વજાતિસ્મરણ જ્ઞાન થાય છે, મનઃપર્યાય-જ્ઞાનની માફક બીજાના ચિત્તનું જ્ઞાન થાય છે, અવધિજ્ઞાનની માફક સૂક્ષ્મ, વ્યવધાનવાળી અને દૂરની વસ્તુઓનું જ્ઞાન થાય છે, પરશરીરપ્રવેશ કરવાની શક્તિ સાંપડે છે, આકાશ-ગમન તથા અણિમા, મહિમાદિ આઠ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે વગેરે વગેરે. પરંતુ તે સિદ્ધિઓ પણ પૂર્ણતા પ્રાપ્ત કરવા મથતા યોગીએ તજવાની છે. તેમાં અટવાઈ રહ્યે આરો નથી. હેમાચાર્યની માફક સર્વે સંતો કહે છે કે ઉક્ત સિદ્ધિઓ તો યોગવૃક્ષની કૂંપળો જેવી છે અને તેનું ફળ મોક્ષ છે. યોગ જીવનમુક્ત થવા માટે છે, બીજી કોઈ પણ સિદ્ધિઓ કે લાલસા માટે નથી. દૃષ્ટાંતરૂપે યોગનો અનુભવ કરનાર સમર્થ સંતો અને યોગીઓ આ ભારતભૂમિ ઉપર અનેક થયેલ છે. ખુદ હેમચંદ્રાચાર્ય જ યોગી હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષયાનુક્રમણિકા

પ્રકાશકીય : ૩
સંપાદકીય : ૬
આચાર્ય હેમચંદ્ર : ૯
યોગ : ૨૩

પ્રથમ પ્રકાશ **પૃ. ૧–૨૦**

નોટ:–વિગતવાર ક્રમમાં જે અંક છે તે પૃષ્ઠાંક છે.

મંગલકથન ૧. ગ્રંથ રચવાના આધાર ૨. યોગમહિમા ૨. યોગનું સ્વરૂપ ૫. મહાવ્રતોનો નિર્દેશ અને સ્વરૂપ ૬. ભાવનાયુક્ત મહાવ્રતસેવનનું ફળ મોક્ષપ્રાપ્તિ ૮. ભાવનાઓનું સ્વરૂપ; અહિંસા વ્રતની પાંચ ભાવનાઓ ૮. સત્યવ્રતની પાંચ ભાવનાઓ ૯. અસ્તેય વ્રતની પાંચ ભાવનાઓ ૯. બ્રહ્મચર્ય વ્રતની પાંચ ભાવનાઓ ૧૦. અપરિગ્રહ વ્રતની પાંચ ભાવનાઓ ૧૧. ચારિત્રની બીજી વ્યાખ્યા ૧૨. પાંચ સમિતિઓ ૧૨. ત્રણ ગુપ્તિઓ ૧૪. સમિતિ–ગુપ્તિનું માતૃત્વકથન ૧૫. ચારિત્રના બે ભેદ ૧૬. ધર્માધિકારી–માર્ગાનુસારીની યોગ્યતા ૧૭. બુદ્ધિગુણો ૧૮.

દ્વિતીય પ્રકાશ **પૃ. ૨૦–૪૯**

ગૃહસ્થનાં બાર વ્રતોનો નિર્દેશ ૨૦. સમ્યક્ત્વ–મિથ્યાત્વનું વ્યાવહારિક લક્ષણ ૨૦. સાચા–ખોટા દેવની ઓળખ ૨૧. સદ્‌ગુરુ-વિવેક ૨૨. સદસદ્‌ધર્મનું સ્વરૂપ ૨૨. સમ્યક્ત્વનાં બાહ્ય ચિહ્નો ૨૪. સમ્યક્ત્વનાં ભૂષણ ૨૪. સમ્યક્ત્વનાં દૂષણ ૨૫. પાંચ અણુવ્રતો ૨૬. અહિંસા વ્રત ૨૬. સત્ય વ્રત ૩૪. અસ્તેય વ્રત ૩૭. બ્રહ્મચર્ય વ્રત ૪૦. અપરિગ્રહ વ્રત ૪૬.

તૃતીય પ્રકાશ **પૃ. ૪૯–૯૪**

ગુણવ્રતો : ૧ લું દિગ્‌વિરતિ ગુણવ્રત ૪૯. ૨ જું ભોગોપભોગમાન ગુણવ્રત ૫૦. ભોગોપભોગનું સ્વરૂપ ૫૦. સર્વથા વર્જનીય વસ્તુઓનો નિર્દેશ ૫૧. મદિરાદોષદર્શન ૫૧. માંસદોષનિરૂપણ ૫૩. નવનીતભક્ષણ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દોષ ૫૭. મદ્ય ખાવામાં રહેલા દોષો ૫૮. પાંચ ઉદુંબર લક્ષણ દોષ ૫૯. અનંતકાયનો ત્યાગ ૬૦. અજ્ઞાત ફલ ત્યાગ ૬૧. રાત્રિભોજન-નિષેધ ૬૧. કાચા દહીંની સાથે કઠોળ ખાવાનો નિષેધ ૬૭. ૩ જું અનર્થદંડવિરમણ ગુણવ્રત ૬૭. અપધ્યાન નિષેધ ૬૮. પાપોપદેશ નિષેધ ૬૮. પ્રમાદાચરણ નિષેધ ૬૯. સામાયિક નામનું પ્રથમ શિક્ષા-વ્રત ૭૦. દેશાવકાશિક વ્રત નામક બીજું શિક્ષાવ્રત ૭૦. પૌષધ વ્રત–ત્રીજું શિક્ષાવ્રત ૭૧. અતિથિ સંવિભાગ–ચોથું શિક્ષાવ્રત ૭૧. અહિંસાદિ બાર વ્રતોના અતિચારોનું વર્ણન ૭૨–૮૫ (૧૫ કર્માદાનો–અતિચારો ૭૭–૮૧) મહાશ્રાવકની દિનચર્યા—પ્રાતઃકાળ, સંધ્યાસમય ૮૫–૮૮. પ્રાતઃભાવના ૮૮. શ્રાવકના મનોરથો ૯૧. સંલેખના ૯૩.

ચતુર્થ પ્રકાશ **પૃ. ૯૫–૧૨૭**

આત્મા એ જ દર્શન, જ્ઞાન અને ચારિત્ર ૯૫. આત્મસાક્ષાત્કાર એ જ મોક્ષ. ૯૫. કષાયોનો નિર્દેશ ૯૬. ક્રોધજય ૯૭. માનજય ૯૮. માયાજય ૯૮. લોભજય ૯૯. પ્રેન્દ્રિયજય ૧૦૦. મનઃશુદ્ધિ ૧૦૨. રાગ-દ્વેષનો જય ૧૦૫. સમત્વપ્રાપ્તિ ૧૦૬. ૧૨ ભાવનાઓનું સેવન ૧૦૭. અનિત્ય ભાવના ૧૦૮. અશરણ ભાવના ૧૦૯. સંસાર ભાવના ૧૧૦. એકત્વ ભાવના ૧૧૦. અન્યત્વ ભાવના ૧૧૧. અશુચિત્વ ભાવના ૧૧૧. આશ્રવ ભાવના ૧૧૨. સંવર ભાવના ૧૧૩. નિર્જરા ભાવના ૧૧૪. તપ ૧૧૫. ધર્મસ્વાખ્યાત ભાવના ૧૧૬. લોકભાવના ૧૧૯. બોધિદુર્લભત્વ ભાવના ૧૨૦. ધ્યાન ૧૨૧. મૈત્રી આદિ ચાર ભાવના ૧૨૩. વિવિધ આસનોનું વર્ણન ૧૨૪.

પરિશિષ્ટ ૧ : યોગશાસ્ત્રાંતર્ગત દૃષ્ટાંતોનો ટૂંકસાર : **૧૨૯–૧૬૦**
પહેલો પ્રકાશ ૧૨૯. બીજો પ્રકાશ ૧૩૫. ત્રીજો પ્રકાશ ૧૫૩.

પરિશિષ્ટ ૨ : યોગશાસ્ત્રના શ્લોકોનો અકારાદિ ક્રમ : **૧૬૧–૧૬૯**

પરિશિષ્ટ ૩ : વિશિષ્ટ શબ્દોની સૂચિ : **૧૭૦–૧૭૩**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ अर्हम् ॥

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય વિરચિત

યોગશાસ્ત્ર

ગુજરાતી અનુવાદ સહિત

પ્રથમ પ્રકાશ

મંગલકથન

नमो दुर्वाररागादिवैरिवारनिवारिणे ।
अर्हते योगिनाथाय महावीराय तायिने ॥१॥

पन्नगे च सुरेन्द्रे च कौशिके पादसंस्पृशि ।
निर्विशेषमनस्काय श्रीवीरस्वामिने नमः ॥२॥

कृतापराधेऽपि जने कृपामन्थरतारयोः ।
ईषद्बाष्पार्द्रयोर्भद्रं श्रीवीरजिननेत्रयोः ॥३॥

ઘણી મુશ્કેલીથી વારી શકાય એવા રાગદ્વેષાદિ દુશ્મન-દળને દૂર કરનાર, (જગજ્જીવોના) રક્ષક, યોગીનાથ અર્હંત ભગવાન **મહાવીરને** નમસ્કાર. (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવાધિદેવ ઇન્દ્ર[1] (ભક્તિભાવથી) ચરણસ્પર્શ કરે કે ઉગ્ર સર્પ કૌશિક[1] (દંશબુદ્ધિથી) ચરણસ્પર્શ કરે છતાંય (બન્ને વિષે) સમભાવ રાખનાર **શ્રી વીર પ્રભુને** પ્રણામ. (૨)

પોતાને દુઃખ દેનાર જનો–પ્રાણીઓ પ્રત્યે પણ કૃપાથી કાંઇક ઢળેલાં–નમ્ર અને (કરુણાથી) અશ્રુભીનાં **શ્રી વીર પ્રભુનાં** નેત્રોનું કલ્યાણ થાઓ! અર્થાત્ તેવા કરુણાસાગર **શ્રી વીર પ્રભુને** અમારાં વંદન હો. (૩)

ગ્રંથ રચવાના આધાર

श्रुताम्भोधेरधिगम्य सम्प्रदायाच्च सद्गुरोः ।
स्वसंवेदनतश्चापि योगशास्त्रं विरच्यते ॥४॥

(૧)]શાસ્ત્રસમુદ્રમાંથી (૨) સદ્ગુરુપરંપરાથી તેમ જ (૩) પોતાના અનુભવથી (એમ ત્રણ પ્રકારે યોગતત્ત્વનો) નિશ્ચય કરીને હું આ યોગશાસ્ત્ર રચું છું. (૪)

યોગમાહાત્મ્ય

योगः सर्वविपद्वल्लीविताने परशुः शितः ।
अमूलमन्त्रतन्त्रं च कार्मणं निर्वृतिश्रियः ॥५॥

भूयांसोऽपि हि पाप्मानः प्रलयं यान्ति योगतः ।
चण्डवाताद् घनघना घनाघनघटा इव ॥६॥

क्षिणोति योगः पापानि चिरकालार्जितान्यपि ।
प्रचितानि यथैधांसि क्षणादेवाशुशुक्षणिः ॥७॥

---

૧. આ અને હવે પછીનાં દૃષ્ટાંતોની હકીકત ટિપ્પણોમાં જોવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कफविप्रुण्मलामर्शसर्वौषधिमहर्द्धयः ।
सम्भिन्नश्रोतोलब्धिश्च योगं ताण्डवडम्बरम् ॥८॥
चारणाशीविषावधिमनःपर्यायसम्पदः ।
योगकल्पद्रुमस्यैता विकासिकुसुमश्रियः ॥९॥
अहो योगस्य माहात्म्यं प्राज्यं साम्राज्यमुद्वहन् ।
अवाप केवलज्ञानं भरतो भरताधिपः ॥१०॥
पूर्वमप्राप्तधर्मोऽपि परमानन्दनन्दिता ।
योगप्रभावतः प्राप मरुदेवा परं पदम् ॥११॥
ब्रह्मस्त्रीभ्रूणगोघातपातकान्नरकातिथेः ।
दृढप्रहारिप्रभृतेर्योगो हस्तावलम्बनम् ॥१२॥
तत्कालकृतदुष्कर्मकर्मठस्य दुरात्मनः ।
गोप्त्रे चिलातीपुत्रस्य योगाय स्पृहयेन्न कः ॥१३॥
तस्याजननिरेवास्तु नृपशोर्मोघजन्मनः ।
अविद्धकर्णो यो योग इत्यक्षरशलाकया ॥१४॥

યોગ સર્વ વિપત્તિરૂપી વલ્લીસમૂહને વિદારવામાં તીક્ષ્ણ પરશુ છે તથા મોક્ષલક્ષ્મીને વશ કરવા માટે જડીબુટ્ટી, મંત્ર કે તંત્ર વગરનું (ઉત્તમ) કામણ–વશીકરણ છે. (૫)

પ્રચંડ વાયુથી જેમ અતિઘાટી વાદળીની ઘટા વીખરાઈ જાય છે, તેમ યોગ વડે ગમે તેટલાં મોટાં પાપ પણ નાશ પામે છે. (૬)

ઘણા લાંબા વખત સુધી એકઠાં કરેલાં લાકડાંને જેમ પ્રચંડ અગ્નિ ક્ષણવારમાં ભસ્મસાત્ કરી નાખે છે, તેમ ચિર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાળથી સંચિત પાપોને પણ યોગ ભસ્મીભૂત કરી નાખે છે. (૭)

યોગીનો કફ, મળ, શારીરિક મેલ, તેનો સ્પર્શ વગેરે મહાઋદ્ધિ–પ્રભાવશાળી ઔષધિરૂપ બની જાય છે તથા બધી ઇન્દ્રિયોના વિષયોનું જ્ઞાન તે કોઈ પણ એક ઇન્દ્રિય દ્વારા પ્રાપ્ત કરી શકે છે. આ બધો યોગનો પ્રભાવ છે. (૮)

(જેનાથી જળ, સ્થળ કે અંતરિક્ષમાં નિર્બંધ ગતિ કરી શકાય એવી) ચારણવિદ્યા, (શાપ કે વરદાન આપવા સમર્થ એવી) આશીવિષ લબ્ધિ, (સામાન્ય પ્રાણીને પરોક્ષ એવા મૂર્તદ્રવ્યનું પ્રત્યક્ષ જ્ઞાન કરી શકે એવું) અવધિજ્ઞાન અને (બીજાના મનના પર્યાયોને પ્રત્યક્ષ દેખનાર) મનઃપર્યાય જ્ઞાન યોગરૂપી કલ્પવૃક્ષની વિકસિત પુષ્પશ્રી સમાન છે એટલે કે ફળરૂપ નથી. (તેનું ફળ તો મોક્ષ છે.) (૯)

અહો, યોગનું કેવું માહાત્મ્ય! કે જેથી **ભરતક્ષેત્રનો** સ્વામી **ભરતચક્રવર્તી** વિશાળ સામ્રાજ્યનું વહન કરતો હોવા છતાંય કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકયો! (૧૦)

પૂર્વે કશી ધર્મસંપત્તિ પ્રાપ્ત ન કરેલી હોવા છતાં પરમ આનંદથી મુદિત થયેલી માતા **મરુદેવા** યોગપ્રભાવથી પરમ પદ પામી શકયાં. (૧૧)

બ્રાહ્મણ, સ્ત્રી, ગર્ભ અને ગાયની હત્યાનાં મહાપાપ કરવાને કારણે નરકના અતિથિસમાન લૂંટારુ **દૃઢપ્રહારી** વગેરેને (મોક્ષ જવામાં) યોગ જ આલંબન ટેકો હતો. (૧૨)

તરતમાં જ–થોડા જ સમય પહેલાં (સ્ત્રી હત્યાનું) દુષ્કર્મ કરનાર, દુરાત્મા **ચિલાતીપુત્રને** રક્ષણ આપનાર યોગની સ્પૃહા કોણ નહિ કરે? (૧૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(તેથી) જે માણસનો કાન "યોગ" એવા અક્ષરરૂપી સળી વડે વીંધાયો નથી એટલે કે જે માણસના કાને 'યોગ' એવો શબ્દ પડ્યો નથી તેવા વ્યર્થ જન્મવાળા નરપશુનો જન્મ જ મા થજો ! (૧૪)

યોગનું સ્વરૂપ

चतुर्वर्गेऽग्रणीर्मोक्षो योगस्तस्य च कारणम् ।
ज्ञानश्रद्धानचारित्ररूपं रत्नत्रयं च सः ॥१५॥

यथावस्थिततत्त्वानां संक्षेपाद्विस्तरेण वा ।
योऽवबोधस्तमत्राहुः सम्यग्ज्ञानं मनीषिणः ॥१६॥

रुचिर्जिनोक्ततत्त्वेषु सम्यक्श्रद्धानमुच्यते ।
जायते तन्निसर्गेण गुरोरधिगमेन वा ॥१७॥

सर्वसावद्ययोगानां त्यागश्चारित्रमिष्यते ।
कीर्तितं तदहिंसादिव्रतभेदेन पञ्चधा ॥१८॥

(ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ) ચાર પુરુષાર્થોમાં મોક્ષ ઉત્તમ છે અને યોગ તેની પ્રાપ્તિમાં કારણ છે. તે યોગ એટલે સમ્યગ્જ્ઞાન, સમ્યક્શ્રદ્ધા અને સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રય. (૧૫)

જે સ્વરૂપે જીવ, અજીવ આદિ તત્ત્વો છે, તે જ સ્વરૂપે તેમનો સંક્ષેપથી કે વિસ્તારથી જે બોધ થાય, તેને વિદ્વાનો સમ્યગ્જ્ઞાન કહે છે. (૧૬)

વીતરાગદેવે કહેલાં તત્ત્વો વિષે રુચિ–સત્ય પ્રતીતિ, તેનું નામ સમ્યક્ શ્રદ્ધા. તે શ્રદ્ધા બે રીતે ઉત્પન્ન થાય છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) નિસર્ગથી એટલે કે બાહ્ય નિમિત્તો વિના સ્વાભાવિક રીતે અથવા (૨) ગુરુના અધિગમથી અર્થાત્ ગુરુના ઉપદેશથી. (૧૭)

કાયિક, વાચિક કે માનસિક બધી પાપવાળી પ્રવૃત્તિઓનો ત્યાગ, તેને સમ્યક્ચારિત્ર કહેવામાં આવે છે. તે ચારિત્ર અહિંસાદિ (પાંચ) મહાવ્રતોને કારણે પાંચ પ્રકારનું પ્રસિદ્ધ છે. (૧૮)

મહાવ્રતોનો નિર્દેશ

अहिंसासूनृतास्तेयब्रह्मचर्यापरिग्रहाः ।
पञ्चभिः पञ्चभिर्युक्ता भावनाभिर्विमुक्तये ॥१९॥

(પોતપોતાની) પાંચ પાંચ ભાવનાઓથી યુક્ત અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપ પાંચ મહાવ્રતો મોક્ષને માટે છે, અર્થાત્ મોક્ષસાધક છે. (૧૯)

પાંચ મહાવ્રતોનું સ્વરૂપ

न यत् प्रमादयोगेन जीवितव्यपरोपणम् ।
त्रसानां स्थावराणां च तदहिंसाव्रतं मतम् ॥२०॥

प्रियं पथ्यं वचस्तथ्यं सूनृतव्रतमुच्यते ।
तत्तथ्यमपि नो तथ्यमप्रियं चाहितं च यत् ॥२१॥

अनादानमदत्तस्यास्तेयव्रतमुदीरितम् ।
बाह्याः प्राणा नृणामर्थो हरता तं हता हि ते ॥२२॥

दिव्यौदारिककामानां कृतानुमतिकारितैः ।
मनोवाक्कायतस्त्यागो ब्रह्माष्टादशधा मतम् ॥२३॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सर्वभावेषु मूर्च्छायास्त्यागः स्यादपरिग्रहः ।
यदसत्स्वपि जायेत मूर्च्छया चित्तविप्लवः ॥२४॥

પ્રમાદને વશ થઈ ત્રસ અને સ્થાવર જીવોનો પ્રાણવધ ન કરવો તે અહિંસા વ્રત મનાયું છે. (૨૦)

પ્રિય અને હિતકર હોય એવું સાચું વચન તે સત્ય નામનું (બીજું) મહાવ્રત કહેવાય છે; જે વચન સાચું હોવા છતાંય અપ્રિય અને અહિતકર હોય તે સત્ય નથી. (કારણ, તેવા વચનથી દુઃખ કે પ્રાણવધ થાય છે.) (૨૧)

અણદીધું કાંઈ પણ ન લેવું તેને અસ્તેય–અચૌર્ય નામનું (ત્રીજું) મહાવ્રત કહેલું છે; કારણ કે અર્થ એટલે ધનધાન્યાદિ પદાર્થો માણસોના બાહ્ય પ્રાણ છે, તેથી તે અર્થને લઈ લેનારે તેમના પ્રાણ જ હરી લીધા કહેવાય. (એટલે કે ત્રીજું વ્રત પણ અહિંસાનું પોષક છે.) (૨૨)

દિવ્ય શરીર સાથેના તેમ જ ઔદારિક–સ્થૂલ શરીર સાથેના કામભોગોને મન, વચન અને કાયા એ દરેકથી ન સેવવા, ન સેવરાવવા કે સેવતાને ન અનુમોદવા. એ રીતે અઢારે પ્રકારના કામભોગોનો ત્યાગ તે (ચોથું) બ્રહ્મચર્યવ્રત મનાયું છે (૨ શરીર × ૩ યોગ × ૩ કરણ=૧૮ પ્રકાર) (૨૩)

(જડ, ચેતનરૂપ) સર્વ પદાર્થોમાં આસક્તિનો ત્યાગ તે જ (પાંચમું) અપરિગ્રહ વ્રત અર્થાત્ માત્ર બાહ્ય પદાર્થોનો ત્યાગ એ અપરિગ્રહ વ્રત નથી, કારણ કે બાહ્ય પદાર્થોના અભાવમાં એટલે કે તેમનો ત્યાગ કર્યો હોય છતાં પણ તેમના ઉપર આસક્તિ હોય તો ચિત્ત ચંચળ રહે છે. (૨૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવનાયુક્ત મહાવ્રતસેવનનું ફળ

—મોક્ષપ્રાપ્તિ—

भावनाभिर्भावितानि पञ्चभिः पञ्चभिः क्रमात् ।
महाव्रतानि नो कस्य साधयन्त्यव्ययं पदम् ॥२५॥

અનુક્રમે (પોતપોતાની) પાંચ પાંચ ભાવનાઓથી ભાવિત–દૃઢ કરાયેલાં (ઉપર્યુક્ત પાંચ) મહાવ્રતો કોને અવ્યયપદ–મોક્ષપદ સાધી આપતાં નથી? અર્થાત્ આ મહાવ્રતોને ભાવના સહિત આચરનાર અવશ્ય મોક્ષપદ પામે છે. (૨૫)

ભાવનાઓનું સ્વરૂપ

અહિંસાવ્રતની પાંચ ભાવનાઓ

मनोगुप्त्येषणादानेर्याभिः समितिभिः सदा ।
दृष्टान्नपानग्रहणेनाहिंसां भावयेत् सुधीः ॥२६॥

બુદ્ધિમાન મનુષ્યે નીચેની પાંચ ભાવનાઓ દ્વારા અહિંસા વ્રતને દૃઢ બનાવવું જોઈએ:

(૧) મનોગુપ્તિ—મનને અશુભ વિચારોમાંથી રોકી શુભ વિચારોમાં જોડવું. (કારણ કે હિંસા કરવામાં મનના વ્યાપારની મુખ્યતા છે.)

(૨) એષણા સમિતિ—વિશુદ્ધ આહાર આદિ જીવનોપયોગી વસ્તુઓના ગ્રહણમાં જીવોની વિરાધના ન થાય એની સાવધાની રાખવી.

(૩) આદાન (નિક્ષેપ) સમિતિ—ઉપયોગપૂર્વક કોઈ પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્તુને લેવી કે મૂકવી. (જેથી કોઈ જીવને દુઃખ ન થાય.)

(૪) ઈર્યા સમિતિ—કોઈ પણ જંતુને ક્લેશ ન થાય એવી રીતે સાવધાનીપૂર્વક ચાલવું તે.

(૫) આલોકિત અન્નપાનગ્રહણ—ખાનપાનની વસ્તુઓને બરાબર જોઈ તપાસીને લેવી, તેનો ઉપયોગ કરવો. (કે જેથી જીવોની હિંસા ન થાય.) (૨૬)

सत्यव्रतनी पांच भावनाओ

हास्यलोभभयक्रोधप्रत्याख्यानैर्निरन्तरम् ।
आलोच्य भाषणेनापि भावयेत् सूनृतव्रतम् ॥२७॥

હાસ્યત્યાગ, લોભત્યાગ, ભયત્યાગ, ક્રોધત્યાગ તથા વિચારપૂર્વક ભાષણ (એ પાંચ ભાવનાઓ) વડે સત્યવ્રતને નિરંતર સુદૃઢ કરવું જોઈએ. (૨૭)

अस्तेयव्रतनी पांच भावनाओ

अलोच्यावग्रहयाञ्चाभीक्ष्णावग्रहयाचनम् ।
एतावन्मात्रमेवैतदित्यवग्रहधारणम् ॥२८॥

समानधार्मिकेभ्यश्च तथावग्रहयाचनम् ।
अनुज्ञापितपानान्नाशनमस्तेयभावनाः ॥२९॥ (युग्मम्)

નીચેની ભાવનાઓ અસ્તેયવ્રતની છે :

(૧) આલોચ્યાવગ્રહયાચના—વિચાર કરીને જ વાપરવા માટે જોઈતા અવગ્રહ-સ્થાનની યોગ્ય માલિક પાસે માગણી કરવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) અભીક્ષ્ણ અવગ્રહયાચના—સામાન્ય રીતે માલિકે એક વાર સ્થાન વાપરવા આપ્યું હોય છતાં રોગાદિ વિશેષ પ્રયોજન માટે અંદરનાં ખાસ ખાસ સ્થાનોની અથવા તે સમગ્ર સ્થાનની, માલિકને ક્લેશ ન થાય તે માટે, તેની પાસેથી અભીક્ષ્ણ-વારંવાર માગણી કરવી તે.

(૩) અવગ્રહધારણ—માલિક પાસે જગ્યા માગતી વખતે, 'આટલી જ જોઈએ, બાકીની નહિ' એવું ચોક્કસ પ્રમાણ નક્કી કરી દેવું તે.

(૪) સાધર્મિકાવગ્રહયાચના—પોતાની પહેલાં પોતાના સમાનધર્મવાળા અન્ય સાધુસાધ્વીએ કોઈ સ્થાન મેળવી લીધું હોય અને જો તે સ્થાનનો ઉપયોગ કરવાનો પ્રસંગ આવે તો તે સાધર્મિક પાસેથી જ તે સ્થાન માગી લેવું તે.

(૫) અનુજ્ઞાપિતપાનભોજનાશન—વિધિપૂર્વક અન્નપાનાદિ લાવ્યા પછી ગુરુને બતાવી તેમની આજ્ઞા મળ્યે તેનો ઉપયોગ કરવો. (૨૮–૨૯)

બ્રહ્મચર્યની પાંચ ભાવનાઓ

स्त्रीषण्ढपशुमद्वेश्मासनकुड्यान्तरोज्झनात् ।
सरागस्त्रीकथात्यागात् प्राग्रतस्मृतिवर्जनात् ॥३०॥

स्त्रीरम्याङ्गेक्षणस्वाङ्गसंस्कारपरिवर्जनात् ।
प्रणीतात्यशनत्यागाद् ब्रह्मचर्यं तु भावयेत् ॥३१॥

(युग्मम्)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) સ્ત્રીષંઢપશુમદ્રૂવેશ્માસનકુડ્યાન્તરવર્જન—
જ્યાં (દેવ, મનુષ્ય કે પશુવર્ગની) સ્ત્રી[૧] તથા નપુંસક રહેતાં હોય તે સ્થાનનો, તેમના દ્વારા સેવાયેલ શયનાસનનો તથા આડમાં રહીને દંપતીના પ્રણયશબ્દો કે ચેષ્ટાઓ સંભળાય કે દેખાય તેવા સ્થાનનો ત્યાગ.

(૨) સરાગસ્ત્રીકથાવર્જન—રાગપૂર્વક સ્ત્રીકથાનો અથવા રાગવાળી સ્ત્રી સાથેની કથાનો ત્યાગ એટલે કે કામવર્ધક કે કામોદ્દીપક વાતોનો ત્યાગ.

(૩) પ્રાગ્રતસ્મૃતિવર્જન—પહેલાં જે ભોગો ભોગવ્યા હોય તેમનું સ્મરણ ન કરવું.

(૪) સ્ત્રીરમ્યાંગેક્ષણ (તથા) સ્વાંગસંસ્કાર પરિવર્જન—બ્રહ્મચારીએ પોતાથી વિજાતીય સ્ત્રીનાં કામોદ્દીપક અંગો ન જોવાં તેમ જ પોતાના શરીરની ટાપટીપ ન કરવી.

(૫) પ્રણીતાત્યશનવર્જન—પ્રણીત એટલે કામવર્ધક રસાળાં ખાનપાનોનો તેમજ પ્રમાણથી અધિક માત્રામાં સાદાં ખાનપાનોના ઉપયોગનો પણ ત્યાગ.

આ પાંચ ભાવનાઓ વડે બ્રહ્મચર્યવ્રતને સ્થિર કરવું. (૩૦, ૩૧)

અપરિગ્રહની પાંચ ભાવનાઓ

स्पर्शे रसे च गन्धे च रूपे शब्दे च हारिणि ।
पञ्चस्वितीन्द्रियार्थेषु गाढं गार्ध्यस्य वर्जनम् ॥३२॥

૧. બ્રહ્મચારિણીએ પોતા માટે જ્યાં 'સ્ત્રી' છે ત્યાં 'પુરુષ' શબ્દ સમજવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एतेष्वेवामनोज्ञेषु सर्व्वथा द्वेषवर्जनम् ।
आकिञ्चन्यव्रतस्यैवं भावनाः पञ्च कीर्त्तिताः ॥३३॥
(युग्मम्)

મનોજ્ઞ—પ્રિય તથા અપ્રિય સ્પર્શ, રસ, ગંધ, રૂપ તથા શબ્દ એ પાંચેય ઇન્દ્રિયોના વિષયો વિષે અનુક્રમે આસક્તિનો તથા દ્વેષનો સર્વથા ત્યાગ એટલે કે સમભાવ; અર્થાત્ મનોજ્ઞ-અમનોજ્ઞ સ્પર્શસમભાવ, મનોજ્ઞામનોજ્ઞ રસસમભાવ આદિ પાંચ ભાવના અકિંચનવ્રત—અપરિગ્રહવ્રતની કહેલી છે. (૩૨–૩૩)

ચારિત્રની બીજી વ્યાખ્યા

अथवा पञ्चसमितिगुप्तित्रयपवित्रितम् ।
चरित्रं सम्यक्चारित्रमित्याहुर्मुनिपुङ्गवाः ॥३४॥

અથવા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ દ્વારા પવિત્ર બનેલ (સાધુઓની) પ્રવૃત્તિ સમ્યક્ચારિત્ર છે એમ મુનિશ્રેષ્ઠો કહે છે.

સમિતિ=સમ્-સમ્યક્—વિવેકપૂર્વક+ઇતિ—પ્રવૃત્તિ—ચેષ્ટા એટલે કે વિવેકપૂર્વક પ્રવૃત્તિ.

ગુપ્તિ=આત્માનું ગોપન—સંરક્ષણ એટલે જ્ઞાન અને શ્રદ્ધાપૂર્વક મન, વચન અને કાયાને ઉન્માર્ગે જતાં રોકવાં અને સન્માર્ગે પ્રવર્તાવવાં તે ગુપ્તિ. (૩૪)

પાંચ સમિતિઓ

ईर्याभाषैषणादाननिक्षेपोत्सर्गसंज्ञिकाः ।
पञ्चाहुः समितीस्तिस्रो गुप्तीस्त्रियोगनिग्रहात् ॥३५॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लोकातिवाहिते मार्गे चुम्बिते भास्वदंशुभिः ।
जन्तुरक्षार्थमालोक्य गतिरीर्या मता सताम् ॥३६॥

अवद्यत्यागतः सर्वजनीनं मितभाषणम् ।
प्रिया वाचंयमानां सा भाषासमितिरुच्यते ॥३७॥

द्विचत्वारिंशता भिक्षादोषैर्नित्यमदूषितम् ।
मुनिर्यदन्नमादत्ते सैषणासमितिर्मता ॥३८॥

आसनादीनि संवीक्ष्य प्रतिलिख्य च यत्नतः ।
गृह्णीयान्निक्षिपेद्वा यत्सादानसमितिः स्मृता ॥३९॥

कफमूत्रमलप्रायं निर्जन्तुजगतीतले ।
यत्नाद्यदुत्सृजेत् साधुः सोत्सर्गसमितिर्भवेत् ॥४०॥

સમિતિ પાંચ છે : (૧) ઈર્યાસમિતિ (૨) ભાષાસમિતિ (૩) એષણાસમિતિ (૪) આદાનનિક્ષેપસમિતિ (૫) ઉત્સર્ગસમિતિ. અને ગુપ્તિ (મન, વચન તથા કાયાના વ્યાપાર રૂપ) ત્રણ યોગોના રોધ કરવા રૂપ હોવાથી ત્રણ પ્રકારની છે : (૧) મનગુપ્તિ, (૨) વચનગુપ્તિ, (૩) કાયગુપ્તિ. (૩૫)

[સમિતિ સમ્યક્ પ્રવર્તન રૂપ છે તેથી તેમાં સત્ક્રિયાનું પ્રવર્તન મુખ્ય છે, જ્યારે ગુપ્તિ યોગના સમ્યગ્ નિગ્રહ રૂપ છે તેથી તેમાં અસત્ક્રિયાનો ત્યાગ મુખ્ય છે.]

કોઈ જંતુને દુઃખ ન થાય એ માટે લોકોની ખૂબ અવરજવરવાળા તથા સૂર્યનાં કિરણોને ઝીલતા માર્ગે જોઈને સાવધાનતાપૂર્વક ચાલવું તેને સત્પુરુષોએ 'ઈર્યાસમિતિ' માની છે. (૩૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાષાદોષ રહિત, લોકોને હિતકર અને પરિમિત ભાષણ ભાષા સંયમી–મુનિઓને 'ભાષાસમિતિ' તરીકે માન્ય છે. (૩૭)

મુનિ હમેશાં ભિક્ષાના ૪૨ દોષોથી રહિત અન્ન, પાનાદિ (જીવનોપયોગી આવશ્યક) વસ્તુઓનું જે ગ્રહણ કરે છે તે 'એષણાસમિતિ' કહેવાય છે. (૩૮)

આસન (વસ્ત્ર, પાત્ર) આદિને ઉપયોગપૂર્વક જોઈને તથા (રજોહરણ વડે) યતનથી–જયણાથી પ્રમાર્જીને કામમાં લેવાં અથવા મૂકવાં તે 'આદાનનિક્ષેપસમિતિ' નામની ચોથી સમિતિ (૩૯)

કફ કે મળમૂત્ર જેવી ત્યાજ્ય વસ્તુઓનો સાધુ કાળજી-પૂર્વક નિર્જીવ સ્થાનમાં જે ત્યાગ કરે તે 'ઉત્સર્ગસમિતિ' કહેવાય. (૪૦)

ત્રણ ગુપ્તિઓ

विमुक्तकल्पनाजालं समत्वे सुप्रतिष्ठितम् ।
आत्मारामं मनस्तज्ज्ञैर्मनोगुप्तिरुदाहृता ॥४१॥
संज्ञादिपरिहारेण यन्मौनस्यावलम्बनम् ।
वाग्वृत्तेः संवृतिर्वा या सा वाग्गुप्तिरिहोच्यते ॥४२॥
उपसर्गप्रसङ्गेऽपि कायोत्सर्गजुषो मुनेः ।
स्थिरीभावः शरीरस्य कायगुप्तिर्निगद्यते ॥४३॥
शयनासननिक्षेपादानचङ्क्रमणेषु यः ।
स्थानेषु चेष्टानियमः कायगुप्तिस्तु साऽपरा ॥४४॥

(અનેક પ્રકારની અકુશળ–દુષ્ટ–અશુભ) કલ્પનાજાળથી મુક્ત, (અક્રોધાદિ કુશળ કલ્પનાઓ દ્વારા) સમભાવમાં સ્થિર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયેલા અને (છેવટે કુશળ, અકુશળ સંકલ્પવિકલ્પોને પણ રોકી) આત્મસ્વરૂપના ચિંતનમાં રમમાણ મનને જ્ઞાનીઓએ 'મનગુપ્તિ' કહેલ છે. (૪૧)

(હાથ, મોઢું, આંખ કે આંગળી જેવા શરીરના કોઈ પણ ભાગથી થતા) ઇશારા–અણસારાનો ત્યાગ કરી મૌન ધારણ કરવું અથવા (બોલનારે) વચનવૃત્તિને કાબુમાં રાખવી એટલે કે નિયમનપૂર્વક સમ્યગ્બોલવું તે બીજી વચનગુપ્તિ. (૪૨)

કાયોત્સર્ગ–ધ્યાનમાં સ્થિત સાધુએ ગમે તેવાં વિઘ્નો આવે તોપણ શરીરનો સ્થિરીભાવ–નિશ્ચળતા જાળવી રાખવો અર્થાત્ શારીરિક બધી ચેષ્ટાઓનો સર્વથા ત્યાગ કરવો તેને કાયગુપ્તિ કહે છે. (૪૩)

અથવા

સૂવું, બેસવું, લેવું, મૂકવું, હરવું, ફરવું વગેરે કોઈ પણ ક્રિયાસ્થાનમાં શારીરિક ચેષ્ટા–વ્યાપારનું નિયમન કરવું, સ્વચ્છંદનો ત્યાગ કરવો તે પણ કાયગુપ્તિ કહેવાય છે. (૪૪)

સમિતિ-ગુપ્તિનું માતૃત્વકથન

एताश्चारित्रगात्रस्य जननात् परिपालनात् ।
संशोधनाच्च साधूनां मातरोऽष्टौ प्रकीर्त्तिताः ॥४५॥

આ ઉપર્યુક્ત પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સાધુઓના ચારિત્રરૂપી શરીરને (માતાની માફક) જન્મ દેતી હોવાથી, તેનું પરિપાલન કરતી હોવાથી, તેમ જ તેની અશુદ્ધિઓ દૂર કરી તેને સ્વચ્છ–નિર્મળ રાખતી હોવાથી, તેમની આઠ માતા રૂપે શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. (૪૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચારિત્રના બે ભેદ

सर्वात्मना यतीन्द्राणामेतच्चारित्रमीरितम् ।
यतिधर्मानुरक्तानां देशतः स्यादगारिणाम् ॥४६॥

યતીન્દ્રો–મુનિશ્રેષ્ઠોનું ચારિત્ર એ સર્વવિરતિ ચારિત્ર કહેવાય છે અને યતિધર્મ–સર્વવિરતિ ચારિત્ર–ઉપર પ્રીતિ રાખનાર (છતાં તેના પાલનમાં અશક્ત) ગૃહસ્થોનું ચારિત્ર એ દેશવિરતિ ચારિત્ર કહેવાય છે. અર્થાત્ ચારિત્રના બે પ્રકાર (૧) સર્વવિરતિ ચારિત્ર (૨) દેશવિરતિ ચારિત્ર; પહેલાનું પાલન સાધુ કરે છે અને બીજાનું સેવન સાધુધર્માનુરાગી ગૃહસ્થ–શ્રાવક કરે છે. (૪૬)

ધર્માધિકારી-માર્ગાનુસારીની યોગ્યતા

न्यायसम्पन्नविभवः शिष्टाचारप्रशंसकः ।
कुलशीलसमैः सार्द्धं कृतोद्वाहोन्यगोत्रजैः ॥४७॥

पापभीरुः प्रसिद्धं च देशाचारं समाचरन् ।
अवर्णवादी न क्वापि राजादिषु विशेषतः ॥४८॥

अनतिव्यक्तगुप्ते च स्थाने सुप्रातिवेश्मिके ।
अनेकनिर्गमद्वारविवर्जितनिकेतनः ॥४९॥

कृतसङ्गः सदाचारैर्मातापित्रोश्च पूजकः ।
त्यजन्नुपप्लुतं स्थानमप्रवृत्तश्च गर्हिते ॥५०॥

व्ययमायोचितं कुर्वन् वेषं वित्तानुसारतः ।
अष्टभिर्धीगुणैर्युक्तः शृण्वानो धर्ममन्वहम् ॥५१॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अजीर्णे भोजनत्यागी काले भोक्ता च सात्म्यतः ।
अन्योन्याप्रतिबन्धेन त्रिवर्गमपि साधयन् ॥५२॥

यदावदतिथौ साधौ दीने च प्रतिपत्तिकृत् ।
सदानभिनिविष्टश्च पक्षपाती गुणेषु च ॥५३॥

अदेशाकालयोश्चर्यां त्यजन् जानन् बलाबलम् ।
वृत्तस्थज्ञानवृद्धानां पूजकः पोष्यपोषकः ॥५४॥

दीर्घदर्शी विशेषज्ञः कृतज्ञो लोकवल्लभः ।
सलज्जः सदयः सौम्यः परोपकृतिकर्मठः ॥५५॥

अन्तरङ्गारिषड्वर्गपरिहारपरायणः ।
वशीकृतेन्द्रियग्रामो गृहिधर्माय कल्पते ॥५६॥

(दशभिः कुलकम्)

ધર્માધિકારી-યોગાધિકારી ગૃહસ્થનાં લક્ષણો

(૧) જેણે પોતાની સંપત્તિ ન્યાયપૂર્વક પેદા કરી હોય,

(૨) જે શિષ્ટ-બહુમાન્ય પુરુષોના આચાર-વર્તનનો પ્રશંસક હોય,

(૩) જેનો સમાન કુળ તથા શીલવાળા અન્ય ગોત્રના માણસો સાથે વિવાહસંબંધ હોય,

(૪) જે પાપભીરુ હોય,

(૫) જે (ભોજન, પહેરવેશ આદિ) પ્રચલિત દેશાચાર અનુસાર રહેતો હોય,

(૬) જે બીજાની અને ખાસ કરીને રાજા (રાજપુરુષો) આદિની નિંદા ન કરતો હોય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭) જેનું (રહેવાનું) મકાન બહુ ખુલ્લા અથવા બહુ ગુપ્ત (ગીચ કે ઊંડાણવાળા) ભાગમાં ન હોય, સારા પાડોશી-વાળું હોય તથા અવરજવર માટે અનેક દરવાજાવાળું ન હોય,

(૮) જેને સદાચારી પુરુષોનો સંગ હોય,

(૯) જે માતા-પિતાનો પૂજક—ભક્તિપૂર્વક આદરસત્કાર કરવાવાળો—હોય,

(૧૦) જે (યુદ્ધ, દુર્ભિક્ષ કે રોગચાળા જેવા) ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરનાર હોય,

(૧૧) જે (દેશ, કાળ અને જાતિની અપેક્ષાએ) નિંદ્ય ગણાતી પ્રવૃત્તિ ન કરતો હોય,

(૧૨) જે આવક અનુસાર અર્થ રાખતો હોય,

(૧૩) જે પોતાની સંપત્તિ પ્રમાણે પહેરવેશ રાખતો હોય,

(૧૪) જે આઠ બુદ્ધિગુણોથી[1] યુક્ત હોય,

(૧૫) જે હમેશ ધર્મશ્રવણ કરતો હોય,

(૧૬) જે અજીર્ણ જણાતાં ભોજનનો ત્યાગ કરતો હોય, તથા

---

૧. **शुश्रूषा श्रवणं चैव ग्रहणं धारणं तथा ।**
ऊहोऽपोहोऽर्थविज्ञानं तत्त्वज्ञानं च धीगुणाः ॥१॥

શાસ્ત્ર—સારી વાત સાંભળવાની ઇચ્છા, તેને સાંભળવું, તેનો અર્થ સમજવો, તેને યાદ રાખવું, સમજેલ અર્થને આધારે તેવા જ બીજા અર્થોને સમજવા તર્કવિતર્ક કરવા, વિરુદ્ધ અર્થોને દૂર કરવા, અર્થનું સમ્યગ્જ્ઞાન કરવું, અને (છેવટે) તત્ત્વનો નિર્ણય કરવો એ બુદ્ધિના આઠ ગુણો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૭) કાળે એટલે ભૂખ લાગે ત્યારે શાંતભાવે પ્રકૃતિને અનુકૂલ પરિમિત ભોજન કરતો હોય,

(૧૮) જે ધર્મ, અર્થ અને કામ એ ત્રણેયનું, પરસ્પરને બાધા ન પહોંચે તેવી રીતે, સેવન કરતો હોય,

(૧૯) જે અતિથિ, સાધુ તથા ગરીબોની યથાયોગ્ય સેવા (સત્કાર) કરતો હોય,

(૨૦) જે કોઈ દિવસ અભિનિવેશ–પૂર્વગ્રહ–કદાગ્રહ રાખતો ન હોય,

(૨૧) જે ગુણોનો પક્ષપાતી હોય,

(૨૨) જે નિષિદ્ધ દેશમાં કે નિષિદ્ધ સમયે જતો ન હોય,

(૨૩) જે સ્વપરના બલાબલનો બરાબર જાણકાર હોય,

(૨૪) જે વ્રતધારી તથા જ્ઞાનવૃદ્ધોનો પૂજક–સેવા–સન્માન કરનાર—હોય,

(૨૫) જે પોષ્ય જન–કુટુંબ પરિવારનું (યથાયોગ્ય) પોષણ કરતો હોય,

(૨૬) જે દીર્ઘદર્શી હોય,

(૨૭) જે વિશેષજ્ઞ–વિવેકી હોય,

(૨૮) જે કૃતજ્ઞ–પોતા પર કરેલા ઉપકારને જાણનાર હોય,

(૨૯) જે લોકોમાં પ્રિય–લોકોનો પ્રેમસંપાદન કરનાર–હોય,

(૩૦) જે લાજ–મર્યાદાવાળો હોય,

(૩૧) જે દયાળુ હોય,

(૩૨) જે સૌમ્ય આકૃતિવાળો હોય,

(૩૩) જે પરોપકારપરાયણ હોય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩૪) જે (કામ, ક્રોધ, લોભ, માન, મદ અને મત્સર) એ છ અંતરંગ શત્રુઓનો પરિહાર—નાશ કરવામાં તત્પર હોય,

(૩૫) જેણે ઇન્દ્રિયોને વશ કરી હોય, તેવો માણસ ગૃહસ્થ-ધર્મનું પાલન કરવા યોગ્ય થાય છે.

દ્વિતીય પ્રકાશ

ગૃહસ્થનાં બાર વ્રતોનો નિર્દેશ

*

सम्यक्त्वमूलानि पञ्चाणुव्रतानि गुणास्त्रयः ।
शिक्षापदानि चत्वारि व्रतानि गृहमेधिनाम् ॥१॥

પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો એમ શ્રાવકોનાં (બાર) વ્રતો છે; (તે બધાં) સમ્યક્ત્વમૂલક છે.

સમ્યક્ત્વ મિથ્યાત્વનું વ્યાવહારિક લક્ષણ

या देवे देवतावुद्धिर्गुरौ च गुरुतामतिः ।
धर्म्मे च धर्म्मधीः शुद्धा सम्यक्त्वमिदमुच्यते ॥२॥
अदेवे देवबुद्धिर्या गुरुधीरगुरौ च या ।
अधर्म्मे धर्म्मबुद्धिश्च मिथ्यात्वं तद्विपर्ययात् ॥३॥

દેવ, ગુરુ અને ધર્મને વિષે દેવત્વ, ગુરુત્વ અને ધર્મત્વની જે શુદ્ધ બુદ્ધિ, તેને સમ્યક્ત્વ કહેવામાં આવે છે. (૨)

દેવ ન હોય તેમાં દેવત્વબુદ્ધિ, ગુરુ ન હોય તેમાં ગુરુત્વબુદ્ધિ અને અધર્મમાં ધર્મત્વબુદ્ધિ એ મિથ્યાત્વ છે. કારણ કે તે સમ્યક્ત્વથી વિપરીત છે. (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાચા-ખોટા દેવની ઓળખ

सर्वज्ञो जितरागादिदोषस्त्रैलोक्यपूजितः ।
यथास्थितार्थवादी च देवोऽर्हन् परमेश्वरः ॥४॥

ध्यातव्योऽयमुपास्योऽयमयं शरणमिष्यताम् ।
अस्यैव प्रतिपत्तव्यं शासनं चेतनाऽस्ति चेत् ॥५॥

ये स्त्रीशस्त्राक्षसूत्रादिरागाद्यङ्ककलङ्किताः ।
निग्रहानुग्रहपरास्ते देवाः स्युर्न मुक्तये ॥६॥

नाट्याट्टहाससङ्गीताद्युपप्लवविसंस्थुलाः ।
लम्भयेयुः पदं शान्तं प्रपन्नान् प्राणिनः कथम् ? ॥७॥

જે સર્વજ્ઞ છે, જેણે રાગાદિ દોષોને જીત્યા છે, જે ત્રણ લોકમાં પૂજાય છે, જે પદાર્થોને જેવા છે તેવા રૂપે કહે છે, તે દેવ, અર્હન્ કે પરમેશ્વર કહેવાય છે. (૪)

જો (માણસમાં) ચેતના-વિવેકબુદ્ધિ હોય તો (તેણે) આ ઉપર કહેલ દેવનું જ ધ્યાન કરવું જોઈએ, આની જ ઉપાસના કરવી જોઈએ અને આની જ આજ્ઞા સ્વીકારવી જોઈએ. (૫)

જે દેવો સ્ત્રી શસ્ત્ર, જપમાળા વગેરે રાગાદિક દોષોનાં ચિહ્નોથી કલંકિત છે (તથા) જેઓ નિગ્રહ-શાપ, અનુગ્રહ-વરદાન આપ્યા કરે છે, તેઓ મુક્તિ અપાવનાર થતા નથી.

નાટય, અટ્ટહાસ્ય, સંગીતાદિ ઉપદ્રવોથી અસ્થિર-સમભાવ રહિત દેવો (પોતાને) શરણે આવેલાં પ્રાણીઓને શાંતપદ-મોક્ષ કેવી રીતે પ્રાપ્ત કરાવે? (૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સદ્‌ગુરુવિવેક

महाव्रतधरा धीरा भैक्षमात्रोपजीविनः ।
सामायिकस्था धर्म्मोपदेशका गुरवो मताः ॥८॥
सर्वाभिलाषिणः सर्वभोजिनः सपरिग्रहाः ।
अब्रह्मचारिणो मिथ्योपदेशा गुरवो न तु ॥९॥
परिग्रहारम्भमग्नास्तारयेयुः कथं परान् ।
स्वयं दरिद्रो न परमीश्वरीकर्तुमीश्वरः ॥१०॥

(જેઓ પાંચ) મહાવ્રતધારી, ધીર, માત્ર ભિક્ષાથી જ નિર્વાહ કરનારા, સમભાવમાં સ્થિત, (તથા સાચા) ધર્મના ઉપદેશક છે (તેઓ સાચા) ગુરુ કહેવાય છે. (૮)

બધી વસ્તુની ઇચ્છા કરનાર, (ભક્ષ્યાભક્ષ્ય) બધું ય ખાનાર, (સ્ત્રી, પુત્ર, ધન, ધાન્ય, મકાન વગેરે) પરિગ્રહવાળા, અસંયમી તથા અસત્ય ઉપદેશ આપનાર સદ્‌ગુરુ નથી. (૯)

પરિગ્રહ અને આરંભમાં--હિંસાકાર્યમાં--ડૂબેલા બીજાને શી રીતે તારી શકે? જે પોતે જ દરિદ્ર હોય, તે બીજાને ધનવાન શી રીતે બનાવી શકે? (૧૦)

સદસદ્‌ ધર્મનું સ્વરૂપ

दुर्गतिप्रपतत्प्राणिधारणाद्धर्म्म उच्यते ।
संयमादिर्दशविधः सर्व्वज्ञोक्तो विमुक्तये ॥११॥
अपौरुषेयं वचनमसम्भवि भवेद्यदि ।
न प्रमाणं भवेद्वाचां ह्याप्ताधीना प्रमाणता ॥१२॥
मिथ्यादृष्टिभिराम्नातो हिंसाद्यैः कलुषीकृतः ।
स धर्म इति वित्तोऽपि भवभ्रमणकारणम् ॥१३॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુર્ગતિમાં પડતા પ્રાણીને ધારણ કરે–બચાવે તે ધર્મ કહેવાય; (અને) મોક્ષપ્રાપ્તિ માટે સર્વજ્ઞ પુરુષોએ બતાવેલો (તે ધર્મ) સંયમાદિ[1] દશ પ્રકારનો છે. (૧૧)

આપૌરુષેય–કોઈ પુરુષે ન કહેલું–વચન અસંભવિત છે, છતાં કદાચ તેવું વચન સંભવે તો (પણ) તે પ્રમાણભૂત નથી; કારણ કે વચનોનું પ્રામાણ્ય (તેના બોલનાર) આપ્ત-અનુભવીને અધીન છે. અર્થાત બોલનારની દોષરહિતતા ઉપર વચનની પ્રમાણભૂતતા સંભવે છે, અન્યથા નહિ. (૧૨)

મિથ્યાદૃષ્ટિવાળાઓએ કહેલો–બતાવેલો ધર્મ, ધર્મ તરીકે ઓળખાતો હોય તોપણ તે સંસારભ્રમણનું કારણ છે, અર્થાત્ તે અધર્મ જ છે, (કારણ કે) તે હિંસા વગેરે દોષોથી દૂષિત છે. (૧૩)

ઉપસંહાર

सरागोऽपि हि देवश्चेद् गुरुरब्रह्मचार्यपि ।
कृपाहीनोऽपि धर्म्मः स्यात् कष्टं नष्टं हहा जगत् ॥

સરાગી પણ જો દેવ કહેવાય, અબ્રહ્મચારી હોવા છતાં જો ગુરુ કહેવાય, દયાભાવ વિનાનો ધર્મ પણ જો ધર્મ કહેવાય તો આ જગતનું સત્યાનાશ જ વળ્યું સમજવું. (૧૪)

---

૧ उत्तमः क्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागाकिञ्चन्यब्रह्मचर्याणि धर्मः । तत्त्वार्थसूत्र अ० ९, सूत्र ६ । तथा समवायांग सूत्र, समवाय १०

(૧) ક્ષમા, (૨) માર્દવ–મૃદુતા, (૩) આર્જવ–સરળતા–વિચાર, વાણી અને વર્તનની એકતા, (૪) શૌચ–નિર્લોભિતા (૫) સત્ય, (૬) સંયમ, (૭) તપ, (૮) ત્યાગ, (૯) આકિંચન્ય–મમત્વ ન રાખવું તે (૧૦) બ્રહ્મચર્ય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યક્ત્વનાં બાહ્ય ચિહ્નો

शमसंवेगनिर्वेदानुकम्पास्तिक्यलक्षणैः ।
लक्षणैः पञ्चभिः सम्यक् सम्यक्त्वमुपलक्ष्यते ॥१५॥

નીચેનાં પાંચ લક્ષણો દ્વારા સમ્યક્ત્વ બરાબર ઓળખી શકાય છે :

(૧) શમ–અનંતાનુબંધી કષાયોનો ઉપશમ–શાંતિ.

(૨) સંવેગ–મોક્ષાભિલાષ–મુમુક્ષા; દેવો કે મનુષ્યોના સુખને વાસ્તવિક સુખ ન માનતાં મોક્ષને જ સાચું સુખ સમજી તેની જ ઇચ્છા કરવી.

(૩) નિર્વેદ–વૈરાગ્ય; કોઈ પણ પ્રકારના સાંસારિક સુખ પ્રત્યે ઉદાસીનતા.

(૪) અનુકંપા–બીજાના દુઃખને દૂર કરવાની ઇચ્છા.

(૫) આસ્તિકય–વીતરાગે કહેલાં તત્ત્વો ઉપર વિશ્વાસ. (૧૫)

સમ્યક્ત્વનાં ભૂષણ

स्थैर्यं प्रभावना भक्तिः कौशलं जिनशासने ॥
तीर्थसेवा च पञ्चास्य भूषणानि प्रचक्षते ॥१६॥

સમ્યક્ત્વનાં પાંચ ભૂષણો કહેલાં છે.

(૧) સ્થૈર્ય–જિનોક્ત ધર્મ વિષે અસ્થિર ચિત્તવાળાને સ્થિરતા કરાવવી અને સ્વયં પરતીર્થિક પ્રભાવમાં ન આવતાં અડોલ રહેવું.

(૨) પ્રભાવના[૧]–ધર્મની ઉન્નતિ કરવામાં યથાશક્તિ મદદ કરવી.

(૧) પ્રભાવના કરનાર પ્રભાવકો આઠ પ્રકારના છે :
(૧) પ્રવચની—આગમગ્રંથો સારી રીતે જાણનાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) ભક્તિ—વિનય, વૈય્યાવૃત્ત્યાદિ ગુણોનું પરિપાલન.
(૪) જિનશાસનમાં કુશળતા—જૈનધર્મના સિદ્ધાંતોમાં નિપુણતા.
(૫) તીર્થસેવા—તીર્થંકરના (જન્મ, દીક્ષા, જ્ઞાન, નિર્વાણ-સ્થાનો રૂપ) દ્રવ્યતીર્થ તથા (સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ)ભાવતીર્થની સેવા.(૧૬)

સમ્યક્ત્વનાં દૂષણ

शङ्का काङ्क्षा विचिकित्सा मिथ्यादृष्टिप्रशंसनम् ।
तत्संस्तवश्च पञ्चापि सम्यक्त्वं दूषयन्त्यलम् ॥१७॥

નીચેના પાંચે દોષો સમ્યક્ત્વને ખૂબ દૂષિત કરે છે:
(૧) શંકા—જિનોક્ત તત્ત્વ વિષે સંદેહ.
(૨) કાંક્ષા—બીજાના ધર્મને વધારે સુખકર–શાતાકારી કે વધારે ચમત્કારી સમજી તેની ઇચ્છા કરવી તે.
(૩) વિચિકિત્સા—ધર્માચરણના ફળ વિષે અવિશ્વાસ.
(૪) મિથ્યાદૃષ્ટિપ્રશંસા—વિપરીત–અસત્ય માન્યતા ધરાવનારની પ્રશંસા.

---

(૨) ધર્મકથી—ધર્મકથા સુંદર રીતે કરી શકનાર.
(૩) વાદી—વાદવિવાદમાં કુશળ.
(૪) નૈમિત્તિક—ત્રૈકાલિક લાભાલાભ કહેનાર, નિમિત્તશાસ્ત્ર જાણનાર.
(૫) તપસ્વી.
(૬) વિદ્યાવાન—પ્રજ્ઞપ્તિ વગેરે શાસનદેવતા જેને મદદ કરનાર હોય તે.
(૭) સિદ્ધ—અંજન, પાદલેપ વગેરે સિદ્ધિઓના ધારક.
(૮) કવિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) મિથ્યાદૃષ્ટિસંસ્તવ—મિથ્યાદૃષ્ટિવાળાનો સંસર્ગ–પરિચય. (૧૭)

પાંચ અણુવ્રતો

विरतिं स्थूलहिंसादेर्द्विविधत्रिविधादिना ।
अहिंसादीनि पञ्चाणुव्रतानि जगदुर्जिनाः ॥१८॥

(જેને મિથ્યાદૃષ્ટિઓ પણ હિંસા રૂપે કહે તેવી સર્વ સ્વીકૃત) સ્થૂલ હિંસા, (સ્થૂલ) અસત્ય વગેરેથી (કરવા, કરાવવા રૂપ) બે કરણ અને (મન, વચન તથા કાયા રૂપ) ત્રણ યોગ વડે નિવૃત્ત થવું તેને જિનેશ્વરોએ અહિંસાદિ એટલે કે અહિંસા સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ અણુવ્રત –ગૃહસ્થ માટેનાં નાનાં વ્રતો–કહેલ છે. (૧૮)

અહિંસાવ્રત

पङ्गुकुष्ठिकुणित्वादि दृष्ट्वा हिंसाफलं सुधीः ।
निरागस्त्रसजन्तूनां हिंसां सङ्कल्पतस्त्यजेत् ॥१९॥

પાંગળાપણું, કોઢિયાપણું, ઠૂંઠાપણું વગેરે હિંસાનાં ફળરૂપ સમજીને બુદ્ધિમાન પુરુષ નિરપરાધી ત્રસ–જંગમ–પ્રાણીઓની હિંસાનો સંકલ્પથી (પણ) ત્યાગ કરે અર્થાત્ હિંસાનો સંકલ્પ સરખો પણ ન કરે. (૧૯)

आत्मवत् सर्वभूतेषु सुखदुःखे प्रियाप्रिये ।
चिन्तयन्नात्मनोऽनिष्टां हिंसामन्यस्य नाचरेत् ॥२०॥

પોતાની પેઠે બધાં પ્રાણીઓને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે એમ વિચાર કરતો (બુદ્ધિમાન) પોતાને ન ગમતી હિંસા બીજા પ્રત્યે પણ ન આચરે. (૨૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निरर्थिकां न कुर्वीत जीवेषु स्थावरेष्वपि ।
हिंसामहिंसाधर्मज्ञः काङ्क्षन्मोक्षमुपासकः ॥२१॥

અહિંસા ધર્મના જાણકાર, મોક્ષના અભિલાષી શ્રાવકે સ્થાવર જીવોની પણ નિરર્થક હિંસા ન કરવી. (૨૧)

प्राणी प्राणितलोभेन यो राज्यमपि मुञ्चति ।
तद्वधोत्थमघं सर्वोर्वीदानेऽपि न शाम्यति ॥२२॥

જીવવાના લોભ ખાતર જે પ્રાણી માત્ર રાજ્ય સુધ્ધાં પણ છોડી દે છે, તે પ્રાણીનો વધ કરવાથી થતું પાપ સમસ્ત પૃથ્વીનું દાન કર્યે પણ શમતું નથી, ધોવાતું નથી. (૨૨)

वने निरपराधानां वायुतोयतृणाशिनाम् ।
निघ्नन् मृगाणां मांसार्थी विशिष्येत कथं शुनः ॥२३॥

વનમાં વાયુ, જળ અને ઘાસ ખાઈને રહેનારાં નિરપરાધી મૃગોને–પ્રાણીઓને માંસ માટે મારનાર (માણસ) કૂતરાથી કેવી રીતે વિશિષ્ટ છે? અર્થાત્ કૂતરો જ છે! (૨૩)

दीर्यमाणः कुशेनापि यः सवाङ्गे हन्त दूयते ।
निर्मन्तून् स कथं जन्तूनन्तयेन्निशितायुधैः ॥२४॥

પોતાનું શરીર ડાભ વડે પણ ભોંકાતાં જે (માણસ) દુઃખી થાય છે, તે નિરપરાધી પ્રાણીઓનો તીક્ષ્ણ શસ્ત્રો વડે કેમ નાશ કરી શકે? (૨૪)

निर्मातुं क्रूरकर्म्माणः क्षणिकामात्मनो धृतिम् ।
समापयन्ति सकलं जन्मान्यस्य शरीरिणः ॥२५॥

પોતાના ક્ષણિક સ્વાસ્થ્ય–સુખના નિર્માણ માટે ઘાતકી માણસો બીજા પ્રાણીનો આખો જન્મ પૂરો કરી નાખે છે. (૨૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

म्रियस्वेत्युच्यमानोऽपि देही भवति दुःखितः ।
मार्यमाणः प्रहरणैर्दारुणैः स कथं भवेत् ॥२६॥

'તું મરી જા' એટલું કહેવાતાં જ (દરેક) પ્રાણી દુઃખી થાય છે, તો પછી તીક્ષ્ણ શસ્ત્રો વડે હણાતાં (તે) કેટલો દુઃખી થતો હશે ? (૨૬)

श्रूयते प्राणिघातेन रौद्रध्यानपरायणौ ।
सुभूमो ब्रह्मदत्तश्च सप्तमं नरकं गतौ ॥२७॥

શાસ્ત્રોમાં કહ્યું છે કે રૌદ્રધ્યાનમાં રત-મગ્ન **સુભૂમ** અને **બ્રહ્મદત્ત** (નામના બે ચક્રવર્તીઓ) પ્રાણીઓના ઘાત કરવાને કારણે સાતમી નરકે ગયા છે. (૨૭)

कुणिर्वरं वरं पङ्गुरशरीरी वरं पुमान् ।
अपि सम्पूर्णसर्वाङ्गो न तु हिंसापरायणः ॥२८॥

કૂંઠો માણસ સારો, પાંગળો માણસ સારો, અરે, અશરીરી-કુત્સિત શરીરી-કોઢિયો સારો, પરંતુ સર્વાંગસંપૂર્ણ હોવા છતાં હિંસાપરાયણ પુરુષ નહિ સારો. (૨૮)

हिंसा विघ्नाय जायेत विघ्नशान्त्यै कृताऽपि हि ।
कुलाचारधियाऽप्येषा कृता कुलविनाशिनी ॥२९॥

વિઘ્નની શાંતિ માટે કરેલી હિંસા પણ વિઘ્ન માટે જ પરિણમે છે, તથા કુલાચારની દૃષ્ટિએ કરાયેલ હિંસા પણ કુલનાશક નીવડે છે. (૨૯)

अपि वंशक्रमायातां यस्तु हिंसां परित्यजेत् ।
स श्रेष्ठः सुलस इव कालसौकरिकात्मजः ॥३०॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વંશપરંપરાથી ચાલતી આવેલી હિંસાને પણ જે તજી દે છે, તે કાલસૌકરિકના પુત્ર સુલસની માફક શ્રેષ્ઠ છે. (૩૦)

दमो देवगुरूपास्तिर्दानमध्ययनं तपः ।
सर्वमप्येतदफलं हिंसां चेन्न परित्यजेत् ॥३१॥

જો માણસ હિંસાનો ત્યાગ ન કરે તો તેનાં દમ–ઇન્દ્રિય-નિગ્રહ, દેવગુરુની ઉપાસના–સેવા, દાન, અધ્યયન તથા તપ એ બધુંય નિષ્ફળ જાય છે. (૩૧)

विश्वस्तो मुग्धधीर्लोकः पात्यते नरकावनौ ।
अहो नृशंसैर्लोभान्धैर्हिंसाशास्त्रोपदेशकैः ॥३२॥

અહો! હિંસા શાસ્ત્રના દયાહીન અને લોભાંધ ઉપદેશકો વિશ્વાસુ અને મુગ્ધબુદ્ધિવાળા લોકોને નરક લોકમાં પાડે છે.(૩૨)

" यज्ञार्थं पशवः सृष्टाः स्वयमेव स्वयंभुवा ।
यज्ञोऽस्य भूत्यै सर्वस्य तस्माद्यज्ञे वधोऽवधः ॥३३॥

" औषध्यः पशवो वृक्षास्तिर्यञ्चः पक्षिणस्तथा ।
यज्ञार्थं निधनं प्राप्ताः प्राप्नुवन्त्युच्छ्रितिं पुनः ॥३४॥

" मधुपर्के च यज्ञे च पितृदैवतकर्मणि ।
अत्रैव पशवो हिंस्या नान्यत्रेत्यब्रवीन्मनुः ॥३५॥

" एष्वर्थेषु पशून् हिंसन् वेदतत्त्वार्थविद् द्विजः ।
आत्मानं च पशूंश्चैव गमयत्युत्तमां गतिम् " ॥३६॥

તેમનું હિંસાશાસ્ત્ર (અહીં મનુસ્મૃતિ) કહે છેઃ—

" સ્વયંભૂ–બ્રહ્માએ પોતે જ પશુઓને યજ્ઞ માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્જ્યાં છે. યજ્ઞ સમસ્ત વિશ્વના કલ્યાણ અર્થે છે, માટે યજ્ઞમાં કરેલી હિંસા હિંસા નથી. (૩૩)

" યજ્ઞને માટે હણાયેલાં ઔષધિ–દાભ વગેરે વનસ્પતિ, પશુ, વૃક્ષ, તિર્યંચ તથા પક્ષીઓ ઉચ્ચ ગતિને પામે છે. (૩૪)

" (જેમાં ગાયનો વધ થાય છે એવી) મધુપર્ક નામની ક્રિયામાં, યજ્ઞમાં, પિતૃઓનાં અને દેવતાઓનાં (શ્રાદ્ધ, મહાયજ્ઞાદિ) કર્મોમાં જ પશુહિંસા કરવી; બીજે નહિ. (૩૫)

" ઉપર્યુક્ત કર્મો વખતે પશુની હિંસા કરનાર વેદવિદ્ બ્રાહ્મણ પોતાને તથા તે પશુઓને ઉત્તમ ગતિમાં લઈ જાય છે. "[૧] (૩૬)

ये चक्रुः क्रूरकर्माणः शास्त्रं हिंसोपदेशकम् ।
क्व ते यास्यन्ति नरके नास्तिकेभ्योऽपि नास्तिकाः ॥३७॥

જે ક્રૂરકર્મી લોકોએ હિંસાનો ઉપદેશ આપનાર શાસ્ત્રો રચ્યાં છે, તેવા નાસ્તિકશિરોમણિ કયા નરકમાં જશે ? અર્થાત્ કદાચ નવું નરક રચવું પડશે ! (૩૭)

वरं वराकश्चार्वाको योऽसौ प्रकटनास्तिकः ।
वेदोक्ततापसच्छद्मच्छन्नं रक्षो न जैमिनिः ॥३८॥

બિચારો **ચાર્વાક** સારો કે તે પ્રકટ–ખુલ્લેખુલ્લો નાસ્તિક છે, પરંતુ મોઢે વેદવચનો બોલતો, તાપસના વેશમાં છુપાયેલો રાક્ષસ (સરખો) **જૈમિનિ** સારો નથી. (૩૮)

" देवोपहारव्याजेन यज्ञव्याजेन येऽथवा ।
घ्नन्ति जन्तून् गतघृणा घोरां ते यान्ति दुर्गतिम् " ॥

૧. જુઓ મનુસ્મૃતિ, અધ્યાય ૫, શ્લોક ૩૯–૪૦–૪૧–૪૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"દેવોને બલિ આપવાને બહાને કે યજ્ઞને બહાને જે ઘૃણા વિનાના ક્રૂર લોકો જંતુઓને હણે છે, તેઓ ઘોર દુર્ગતિને પામે છે."[૧] (૩૯)

शमशीलदयामूलं हित्वा धर्मं जगद्धितम् ।
अहो हिंसाऽपि धर्म्माय जगदे मन्दबुद्धिभिः ॥४०॥

શમ–કષાય અને ઇન્દ્રિયોનો જય, શીલ–સદ્વર્તન–સુસ્વભાવ અને દયામૂલક જગહિતકારી ધર્મને ત્યજીને મંદ–બુદ્ધિ લોકોએ હિંસાને પણ ધર્મના કારણરૂપે કહી છે, એ અતિ નવાઈની વાત છે! (૪૦)

" हविर्यच्चिररात्राय यच्चानन्त्याय कल्पते ।
पितृभ्यो विधिवद्दत्तं तत्प्रवक्ष्याम्यशेषतः" ॥४१॥

"જે હવિ–શ્રાદ્ધ પિતૃઓને (તેમની) ચિરકાળ તેમ જ અનંતકાળ સુધીની તૃપ્તિ અર્થે વિધિપૂર્વક દેવાય છે, તે સંબંધી બધું કહું છું."[૨] (૪)

" तिलव्रीहियवैर्माषैरद्भिर्मूलफलेन च ।
दत्तेन मासं प्रीयन्ते विधिवत्पितरो नृणाम् ॥४२॥

---

૧. શ્રી હેમચંદ્રાચાર્યની 'અન્યયોગવ્યવચ્છેદિકા' નામની સ્તુતિ ઉપર 'સ્યાદ્વાદમંજરી' નામની ટીકા છે. સ્તુતિના ૧૧મા શ્લોક ઉપરની ટીકામાં આચાર્યશ્રીનો આ શ્લોક ટાંકેલ છે. ઉક્ત મંજરીના સંપાદક સાક્ષરવર શ્રી. આ. બા. ધ્રુવને તેમ જ પછીના સંપાદક શ્રી જગદીશચંદ્રજી જૈનને આ શ્લોકનું આધારસ્થાન મળ્યું નથી.

૨. આ અને બીજા પાંચ શ્લોકો મનસ્મૃતિના છે. જુઓ મનુસ્મૃતિ, અધ્યાય ૩. શ્લોક ૨૬૬–૬૭–૬૮–૬૯–૭૦–૭૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" (માણસો) તલ, ડાંગર, જવ, કાળા અડદ, પાણી કે મૂલફળ (પિતૃઓને) વિધિપૂર્વક આપે તો એક માસ સુધી તૃપ્તિ થાય છે." (૪૨)

" द्वौ मासौ मत्स्यमांसेन त्रीन् मासान् हारिणेन तु ।
औरभ्रेणाथ चतुरः शाकुनेनेह पञ्च तु ॥४३॥

" षण्मासांश्छागमांसेन पार्षतेनेह सप्त वै ।
अष्टावेणस्य मांसेन रौरवेण नवैव तु ॥४४॥

" दश मासांस्तु तृप्यन्ति वराहमहिषामिषैः ।
शशकूर्मयोर्मांसेन मासानेकादशैव तु ॥४५॥

"संवत्सरं तु गव्येन पयसा पायसेन तु ।
वार्ध्रीणसस्य मांसेन तृप्तिर्दादशवार्षिकी " ॥४६॥

" વળી, તેમને માછલીના માંસથી બે મહિના, હરણના માંસથી ત્રણ મહિના, ઘેટાના માંસથી ચાર મહિના, પક્ષીના માંસથી પાંચ મહિના, બકરાના માંસથી છ મહિના, પૃષત–કાબરા મૃગના માંસથી સાત મહિના, 'એણ' જાતના મૃગના માંસથી આઠ મહિના, 'રુરુ' જાતિના મૃગના માંસથી નવ મહિના, વરાહ–સૂવર અને પાડાના માંસથી દશ મહિના, સસલા અને કાચબાના માંસથી અગિયાર મહિના, ગાયના દૂધ અને ક્ષીરથી એક વર્ષ અને ઘરડા બકરાના માંસથી બાર વર્ષ સુધી તૃપ્તિ થાય છે." (૪૩–૪૪–૪૫–૪૬)

इति स्मृत्यनुसारेण पितॄणां तर्पणाय या ।
मूढैर्विधीयते हिंसा साऽपि दुर्गतिहेतवे ॥४७॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે સ્મૃતિવાક્યાનુસાર પિતૃઓની તૃપ્તિને અર્થે મૂઢ મનુષ્યો જે હિંસા કરે છે તે પણ (તેમની પોતાની) દુર્ગતિનું કારણ બને છે. (૪૭)

यो भूतेष्वभयं दद्याद् भूतेभ्यस्तस्य नो भयम् ।
यादृग्वितीर्यते दानं तादृगासाद्यते फलम् ॥४८॥

(પરંતુ) જે માણસ અન્ય પ્રાણીઓને અભયદાન આપે છે, તેને તેમના તરફથી ભય રહેતો નથી, (કારણ કે) જેવું દાન દેવાય છે તેવું ફળ પમાય છે. (૪૮)

कोदण्डदण्डचक्रासिशूलशक्तिधराः सुराः ।
हिंसका अपि हा कष्टं पूज्यन्ते देवताधिया ॥४९॥

એ અતિ અફસોસની વાત છે કે **ધનુર્ધારી (શંકર), દંડધારી (યમ), ચક્ર તથા ખડ્ગધારી (વિષ્ણુ), શૂલધારી (શિવ) અને શક્તિધારી (કાર્તિકેયકુમાર)** વગેરે દેવો હિંસક હોવા છતાં દેવત્વબુદ્ધિથી પૂજાય છે. (૪૯)

मातेव सर्वभूतानामहिंसा हितकारिणी ।
अहिंसैव हि संसारमरावमृतसारणिः ॥५०॥
अहिंसा दुःखदावाग्निप्रावृषेण्यघनावली ।
भवभ्रमिरुगार्त्तानामहिंसा परमौषधी ॥५१॥

માતાની માફક અહિંસા સર્વ જીવોની હિતકારિણી છે; અહિંસા જ સંસારરૂપી મરુભૂમિમાં અમૃતનદી છે; અહિંસા દુઃખરૂપી દાવાગ્નિને બુઝવવા માટે વર્ષાઋતુનાં (વરસતાં) વાદળાં જેવી છે અને અહિંસા જ ભવભ્રમણરૂપ રોગથી પીડાતાને પરમ ઔષધિ છે. (૫૦, ૫૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दीर्घमायुः परं रूपमारोग्यं श्लाघनीयता ।
अहिंसायाः फलं सर्वं किमन्यत्कामदैव सा ॥५२॥

દીર્ઘ આયુષ્ય, ઉત્તમ રૂપ, નીરોગતા અને પ્રશંસા એ બધાં અહિંસાનાં ફળ છે. વધારે શું કહું ? અહિંસા તો મનોવાંચ્છિત બધું'ય આપનારી છે. (૫૨)

सत्यव्रत

मन्मनत्वं काहलत्वं मूकत्वं मुखरोगिताम् ।
वीक्ष्यासत्यफलं कन्यालीकाद्यसत्यमुत्सृजेत् ॥५३॥

ન સમજાય એવું બોલવાપણું, તોતડાપણું, મૂંગાપણું, મોઢાનું રોગિલાપણું—આ બધાંને અસત્યનાં ફળરૂપે જાણીને કન્યા સંબંધી અસત્ય વગેરે પ્રકારનાં અસત્યોનો ત્યાગ કરવો જોઈએ. (૫૩)

कन्यागोभूम्यलीकानि न्यासापहरणं तथा ।
कूटसाक्ष्यं च पञ्चेति स्थूलासत्यान्यकीर्त्तयन् ॥५४॥

(શ્રી જિનેશ્વર પ્રભુએ) નીચેનાં પાંચ સ્થૂલ અસત્યો કહેલાં છે—

(૧) કન્યાઅલીક—કોઈ એક કન્યાને બીજી કન્યા તરીકે કહેવી, નાનીને મોટી કહેવી વગેરે પ્રકારે કન્યા સંબંધી અસત્ય બોલવું તે. કન્યાની માફક કુમાર વિષયક અસત્યનો પણ આમાં જ સમાવેશ થાય છે.

(૨) ગોઅલીક—ગાય સંબંધી અને બીજાં બધાં પશુ તેમ જ પક્ષી સંબંધી પણ અસત્ય બોલવું તે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) ભૂમિઅલીક—પોતાની ભૂમિને પરાયી કે પરાયીને પોતાની કહેવી વગેરે પ્રકારે ભૂમિ સંબંધી અસત્ય બોલવું તે.

(૪) ન્યાસાપહરણ—કોઈએ થાપણ મૂકી હોય છતાં 'નથી મૂકી' એમ કહીને તેને હજમ કરી જવી તે.

(૫) કૂટસાક્ષ્ય—ખોટી સાક્ષી પૂરવી તે, અર્થાત્ સાચાને ખોટું કહેવું અને ખોટાને સાચું કહેવું તે. (૫૪)

નોંધ—ટીકામાં જણાવેલ છે કે પ્રથમનાં ત્રણ લોકવિરુદ્ધ છે, ચોથું વિશ્વાસઘાત કરનારું છે અને પાંચમું ધર્મવિરુદ્ધ છે.

અસત્ય નહિ બોલવાનાં કારણોનો નિર્દેશ

सर्वलोकविरुद्धं यद्यद्विश्वसितघातकम् ।
यद्विपक्षश्च पुण्यस्य न वदेत्तदसूनृतम् ॥५५॥

(માટે) જે લોકથી વિરુદ્ધ છે, જે વિશ્વાસનો ઘાત કરવાવાળું છે અને જે પુણ્યથી—ધર્મથી ઊલટું છે, તેવું અસત્ય ન બોલવું. (૫૫)

અસત્યનું ફળ

असत्यतो लघीयस्त्वमसत्याद्वचनीयता ।
अधोगतिरसत्याच्च तदसत्यं परित्यजेत् ॥५६॥

અસત્યથી આ લોકમાં હલકાઈ અને નિંદા તથા પરલોકમાં અધોગતિ થાય છે, માટે અસત્યનો ત્યાગ કરવો. (૫૬)

असत्यवचनं प्राज्ञः प्रमादेनापि नो वदेत् ।
श्रेयांसि येन मज्यन्ते वात्ययेव महाद्रुमाः ॥५७॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ડાહ્યા માણસે પ્રમાદથી–અજાણતાં પણ–અસત્ય ન બોલવું, કારણ કે, પ્રબળ પવનથી મહાવૃક્ષો જેમ તૂટી પડે છે, તેમ અસત્યથી શ્રેયનો–કલ્યાણનો ભાંગીને ભૂકો થાય છે. (૫૭)

असत्यवचनाद्वैरविषादाप्रत्ययादयाः ।
प्रादुःषन्ति न के दोषाः कुपथ्याद् व्याधयो यथा ॥५८॥

જેમ કુપથ્ય સેવવાથી (બધા) રોગો ઉત્પન્ન થાય છે, તેમ અસત્ય વચનથી વેર-વિરોધ, વિષાદ પશ્ચાત્તાપ, અવિશ્વાસ વગેરે કયા કયા દોષો પેદા નથી થતા ? (૫૮)

निगोदेष्वथ तिर्यक्षु तथा नरकवासिषु ।
उत्पद्यन्ते मृषावादप्रसादेन शरीरिण ॥५९॥

પ્રાણીઓ અસત્ય બોલવાના ફળરૂપે નિગોદ, પશુ તથા નરકયોનિમાં ઉત્પન્ન થાય છે. (૫૯)

ब्रूयाद् भियोपरोधाद्वा नासत्यं कालिकार्यवत् ।
यस्तु ब्रूते स नरकं प्रयाति वसुराजवत् ॥६०॥

(કોઈ પણ પ્રકારના) ભયથી કે ઉપરોધથી એટલે કે પ્રેમ વા લાલચથી અસત્ય ન બોલવું, જેમ **કાલિકાચાર્ય** ન બોલ્યા; પરંતુ જે માણસ (તેવે કારણે) જૂઠું બોલે છે તે **વસુરાજા**ની માફક નરકે જાય છે. (૬૦)

न सत्यमपि भाषेत परपीडाकरं वचः ।
लोकेऽपि श्रूयते यस्मात् कौशिको नरकं गतः ॥६१॥

વળી, સાચું છતાં પારકાંને પીડા કરનારું વચન ન બોલવું, કારણ કે લોકોમાં સંભળાય છે કે **કૌશિક તાપસ** એવું વચન બોલી નરકમાં ગયેલ છે. (૬૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अल्पादपि मृषावादा-द्रौरवादिषु संभवः ।
अन्यथा वदतां जैनीं वाचं त्वहह का गतिः? ॥६२॥

થોડા પણ અસત્ય ભાષણથી રૌરવાદિ નરક વગેરેમાં ઉત્પન્ન થવું પડે છે, તો જિનેશ્વરની વાણીને વિપરીત રીતે કહેનારાંઓની અહો, શી ગતિ થશે ? (૬૨)

ज्ञानचारित्रयोर्मूलं सत्यमेव वदन्ति ये ।
धात्री पवित्रीक्रियते तेषां चरणरेणुभिः ॥५३॥

જેઓ જ્ઞાન અને ચારિત્રના મૂળ સ્વરૂપ સત્યને જ બોલે છે, તેમની ચરણરજથી પૃથ્વી પવિત્ર થાય છે. (૬૩)

अलीकं ये न भाषन्ते सत्यव्रतमहाधनाः ।
नापराद्धुमलं तेभ्यो भूतप्रेतोरगादयः ॥६४॥

સત્યવ્રતરૂપી મહાધનવાળા જે જીવો જૂઠું નથી બોલતા, તેમને ભૂત, પ્રેત, નાગ વગેરે કાંઈ દુઃખ દઈ શકતાં નથી. (૬૪)

અસ્તેય વ્રત

दौर्भाग्यं प्रेष्यतां दास्यमङ्गच्छेदं दरिद्रताम् ।
अदत्तात्तफलं ज्ञात्वा स्थूलस्तेयं विवर्जयेत् ॥६५॥

દુર્ભાગ્ય, નોકરી, દાસત્વ, અંગચ્છેદ, દરિદ્રતા એ બધું ચોરીના ફળરૂપે પ્રાપ્ત થાય છે એમ જાણીને સ્થૂલ ચોરીનો ત્યાગ કરવો. (૬૫)

पतितं विस्मृतं नष्टं स्थितं स्थापितमाहितम् ।
अदत्तं नाददीत स्वं परकीयं क्वचित्सुधीः ॥६६॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુદ્ધિમાન પુરુષે હેઠે પડી ગયેલું, ભુલાઈ ગયેલું, ખોવાઈ ગયેલું, (કોઈની માલિકીમાં) રહેલું, થાપણ તરીકે મુકાયેલું કે આહિત–સંધરેલું–દાટેલું હોય એવું પારકાનું ધન અણદીધું કદી ન લેવું. (૬૬)

अयं लोकः परलोको धर्मो धैर्यं धृतिर्मतिः ।
मुष्णता परकीयं स्वं मुषितं सर्वमप्यदः ॥६७॥

જે માણસે પારકાનું ધન ચોર્યું છે, તેણે પોતાના પણ આલોક, પરલોક, ધર્મ, ધૈર્ય, ધૃતિ–હિંમત, મતિ એ બધું ચોર્યું છે. (૬૭)

एकस्यैकं क्षणं दुःखं मार्यमाणस्य जायते ।
सपुत्रपौत्रस्य पुनर्यावज्जीवं हृते धने ॥६८॥

જો કોઈ જીવને જનથી મારવામાં આવે તો તે મરનાર એકલાને જ એક ક્ષણ દુઃખ થાય છે, પરંતુ (તેનું) ધન ચોરી લેવામાં આવે તો (તેને), તેના પુત્ર, પૌત્ર વગેરે (આખા કુટુંબને) જીવનપર્યંત દુઃખ થાય. (૬૮)

चौर्यपापद्रुमस्येह वधबन्धादिकं फलम् ।
जायते परलोके तु फलं नरकवेदना ॥६९॥

ચોરીરૂપ પાપવૃક્ષનું ફળ આ લોકમાં જ વધ, બંધનાદિરૂપે મળે છે અને પરલોકમાં પણ તેનું ફળ નરકવેદનારૂપે મળે છે. (૬૯)

दिवसे वा रजन्यां वा स्वप्ने वा जागरेऽपि वा ।
सशल्य इव चौर्येण नैति स्वास्थ्यं नरः क्वचित् ॥७०॥

ચોરી કરવાથી માણસ શલ્ય ભોંકાયેલા માણસની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માફક દિવસે કે રાત્રે, સ્વપ્નમાં–ઊંઘતાં કે જાગતાં કદાપિ શાંતિ પામતો નથી. (૭૦)

मित्रपुत्रकलत्राणि भ्रातरः पितरोऽपि हि ।
संसृजन्ति क्षणमपि न म्लेच्छैरिव तस्करैः ॥७१॥

(વળી) ચોરોનાં મિત્ર, પુત્ર, સ્ત્રી, ભાઈઓ, માતાપિતા (વગેરે સગાંવહાલાં) પણ મ્લેચ્છોની માફક તેમની સાથે એક ક્ષણ પણ સંસર્ગ રાખતાં નથી.

संबन्ध्यपि निगृह्णेत चौर्यान्मण्डिकवन्नृपैः ।
चौरोऽपि त्यक्तचौर्यः स्यात्स्वर्गभाग्रौहिणेयवत् ॥७२॥

(તેમ જ) રાજાઓ તો સંબંધીને પણ **મંડિક**ની માફક ચોરી કરવાને કારણે નિગ્રહમાં રાખે છે; છતાં કોઈ ચોર ચોરી છોડી દે તો તે **રૌહિણેય**ની પેઠે સ્વર્ગસુખ ભોગવનાર દેવ બને છે. (૭૨)

दूरे परस्य सर्वस्वमपहर्तुमुपक्रमः ।
उपाददीत नादत्तं तृणमात्रमपि क्वचित् ॥७३॥

(માટે) માણસે બીજાનું સર્વસ્વ હરી લેવાનું તો દૂર રહ્યું, એક તણખલું પણ અણદીધું કદી ન લેવું. (૭૩)

परार्थग्रहणे येषां नियमः शुद्धचेतसाम् ।
अभ्यायान्ति श्रियस्तेषां स्वयमेव स्वयंवराः ॥७४॥
अनर्था दूरतो यान्ति साधुवादः प्रवर्त्तते ।
स्वर्गसौख्यानि ढौकन्ते स्फुटमस्तेयचारिणाम् ॥७५॥

જે શુદ્ધ ચિત્તવાળાઓ બીજાના ધનનું હરણ કરવાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિવૃત્ત થયા છે તેમની પાસે લક્ષ્મી સ્વયં સ્વયંવરા (કન્યા)ની માફક આવે છે. જેઓ અસ્તેયવ્રત પાળે છે તેમના બધા અનર્થો દૂર થઈ જાય છે, તેમનાં પ્રશંસા ફેલાય છે અને પરલોકમાં તેમને સ્વર્ગનાં સુખો આવી મળે છે, (૭૪–૭૫)

બ્રહ્મચર્ય વ્રત

षण्ढत्वमिन्द्रियच्छेदं वीक्ष्याब्रह्मफलं सुधीः ।
भवेत् स्वदारसंतुष्टोऽन्यदारान् वा विवर्जयेत् ॥७६॥

નપુંસકપણું અને ઇન્દ્રિયચ્છેદ મૈથુનનું ફળ છે એમ વિચારીને સુજ્ઞ પુરુષે સ્વસ્ત્રીસંતોષી થવું અથવા પરસ્ત્રીનો ત્યાગ કરવો. (૭૫)

रम्यमापातमात्रे यत् परिणामेऽतिदारुणम् ।
किंपाकफलसंकाशं तत्कः सेवेत मैथुनम् ॥७७॥

જે પહેલવહેલાં કિંપાકવૃક્ષના ફળ જેવું મનોહર લાગે છે, પરંતુ પરિણામે અતિ ભયંકર છે, એવા મૈથુનનું કોણ સેવન કરે ? (૭૭)

कम्पः स्वेदः श्रमो मूर्च्छा भ्रमिर्ग्लानिर्बलक्षयः ।
राजयक्ष्मादिरोगाश्च भवेयुर्मैथुनोत्थिताः ॥७८॥

(વળી) મૈથુનથી કંપ, સ્વેદ–પરસેવો, શ્રમ, મૂર્ચ્છા, ભ્રમ, ગ્લાનિ, નિર્બળતા, ક્ષય વગેરે રોગો (માણસમાં) પેદા થાય છે. (૭૮)

योनियन्त्रसमुत्पन्नाः सुसूक्ष्मा जन्तुराशयः ।
पीड्यमाना विपद्यन्ते यत्र तन्मैथुनं त्यजेत् ॥७९॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોનિમાર્ગમાં ઉત્પન્ન થયેલાં અતિસૂક્ષ્મ જંતુઓ મૈથુન વખતે પીડા પામવાથી નાશ પામે છે, તેથી તેનો ત્યાગ કરવો જોઈએ. (૭૯)

વાત્સ્યાયને પણ કહ્યું છે કે—

"रक्तजाः कृमयः सूक्ष्मा मृदुमध्याधिशक्तयः ।
जन्मवर्त्मसु कण्डूतिं जनयन्ति तथाविधाम्" ॥८०॥

" લોહીમાંથી પેદા થતાં, મૃદુ, મધ્યમ કે અધિક શક્તિવાળાં કૃમિ જંતુઓ યોનિમાર્ગમાં પોતાની શક્તિને અનુરૂપ ખજવાળ પેદા કરે છે." (૮૦)

स्त्रीसम्भोगेन यः कामज्वरं प्रतिचिकीर्षति ।
स हुताशं घृताहुत्या विध्यापयितुमिच्छति ॥८१॥

જે માણસ પોતાના કામજ્વરને સ્ત્રીસંભોગથી દૂર કરવા ઇચ્છે છે, તે ઘીની આહુતિ દ્વારા અગ્નિને હોલવવા ઇચ્છે છે. (૮૧)

वरं ज्वलदयस्तम्भपरिरम्भो विधीयते ।
न पुनर्नरकद्वाररामाजघनसेवनम् ॥८२॥

ધગધગતા લોઢાના સ્તંભનું આલિંગન સારું, પરંતુ નરકના દ્વાર સમા મૈથુનનું સેવન નહિ સારું. (૮૨)

सतामपि हि वामभ्रूर्ददाना हृदये पदम् ।
अभिरामं गुणग्रामं निर्वासयति निश्चितम् ॥८३॥

સત્પુરુષોના હૃદયમાં પણ જો વિકારી સ્ત્રી સ્થાન પામે એટલે કે સત્પુરુષો પણ જો સ્ત્રીસંબંધી વિકારોનું સ્મરણ કરે તો તે સ્ત્રી તેમના પણ ઉમદા ગુણસમૂહનો દેશનિકાલ કરે છે. (૮૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वञ्चकत्वं नृशंसत्वं चञ्चलत्वं कुशीलता ।
इति नैसर्गिका दोषा यासां तासु रमेत कः ॥८४॥

જેમને માયાશીલતા, ક્રૂરતા, ચંચલતા, કુટિલતા એ બધા દોષો સ્વાભાવિક છે તેવી સ્ત્રીઓ સાથે કોણ ક્રીડા કરે ? (૮૪)

प्राप्तुं पारमपारस्य पारावारस्य पार्यते ।
स्त्रीणां प्रकृतिवक्राणां दुश्चरित्रस्य नो पुनः ॥८५॥

અપાર ઉદધિનો પાર પામવો શકય છે, પણ પ્રકૃતિથી વક્ર સ્ત્રીઓના દુરાચરણનો પાર પામવો અશકય છે. (૮૫)

नितम्बिन्यः पतिं पुत्रं पितरं भ्रातरं क्षणात् ।
आरोपयन्त्यकार्येऽपि दुर्वृत्ताः प्राणसंशये ॥८६॥

દુશ્ચરિત્રવાળી સ્ત્રીઓ નજીવા કારણે (પોતાના) પતિ, પુત્ર, પિતા કે ભ્રાતાને ક્ષણવારમાં જાનના જોખમમાં ઉતારે છે. (૮૬)

भवस्य बीजं नरकद्वारमार्गस्य दीपिका ।
शुचां कन्दः कलेर्मूलं दुःखानां खानिरङ्गना ॥८७॥

સ્ત્રીઓ સંસારનું બીજ છે, નરકદ્વારનો માર્ગદર્શક દીપક છે, શોકની જડ છે, કજિયા-કંકાસનું મૂળ છે અને દુઃખની ખાણ છે. (૮૭)

मनस्यन्यद्वचस्यन्यत् क्रियायामन्यदेव हि ।
यासां साधारणस्त्रीणां ताः कथं सुखहेतवः ॥८८॥

જેના મનમાં કાંઈક હોય, વચનમાં તેથી જુદું હોય અને ક્રિયામાં-વર્તનમાં તેથીય જુદું હોય તેવી વેશ્યાઓ કેવી રીતે સુખહેતુક થઈ શકે ? (૮૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मांसमिश्रं सुरामिश्रमनेकविटचुम्बितम् ।
को वेश्यावदनं चुम्बेदुच्छिष्टमिव भोजनम् ॥८९॥

બહુ પુરુષોથી ચુંબાયેલા તેમ જ મદિરા અને માંસયુક્ત વેશ્યાના વદનને એઠા ભોજનની માફક કોણ ચુંબે? (૮૯)

अपि प्रदत्तसर्वस्वात् कामुकात् क्षीणसम्पदः ।
वासोऽप्याच्छेत्तुमिच्छन्ति गच्छतः पण्ययोषितः ॥९०॥

પોતાનું સર્વસ્વ આપી દીધેલું હોવાથી નિર્ધન થઈ ગયેલા (અને તેથી) ત્યાંથી ચાલ્યા જતા કામુક પાસેથી (પહેરેલું) કપડું પણ ખેંચી લેવાની વેશ્યાઓ ઇચ્છા કરે છે.(૯૦)

न देवान्न गुरून्नापि सुहृदो न च बान्धवान् ।
असत्संगरतिर्नित्यं वेश्यावश्यो हि मन्यते ॥९१॥

વેશ્યાને વશ થયેલો કામી પુરુષ દેવ, ગુરુ, મિત્ર અને બંધુઓનું જરા પણ માનતો નથી; કારણ કે તે ખરાબ સોબતમાં જ રત–રચ્યોપચ્યો રહે છે. (૯૧)

कुष्ठिनोऽपि स्मरसमान् पश्यन्तीं धनकाङ्क्षया ।
तन्वतीं कृत्रिमं स्नेहं निःस्नेहां गणिकां त्यजेत् ॥९२॥

ધનની આકાંક્ષાથી કોઢિયાને પણ **કામદેવ** સમાન જોનારી–કહેનારી તથા (તેમના તરફ) કૃત્રિમ પ્રેમ ફેલાવનારી–વર્ષાવનારી સ્નેહ વિનાની વેશ્યાને ડાહ્યા માણસે તજવી. (૯૨)

नासक्त्या सेवनीया हि स्वदारा अप्युपासकैः ।
आकरः सर्वपापानां किं पुनः परयोषितः ॥९३॥

ઉપાસકોએ પોતાની સ્ત્રીને પણ આસક્તિપૂર્વક ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવવી જોઈએ, તો પછી પરસ્ત્રીની તો વાત જ શી? કારણ કે તે સર્વ પાપોની ખાણ છે. (૯૩)

स्वपतिं या परित्यज्य निस्त्रपोपपतिं भजेत् ।
तस्यां क्षणिकचित्तायां विश्रम्भः कोऽन्ययोषिति ॥९४॥

જે નિર્લજ્જ સ્ત્રી પોતાના પતિને તજીને અન્ય પતિને ભજે છે તે ચંચળવૃત્તિવાળી પરસ્ત્રીનો શો વિશ્વાસ? (૯૪)

भीरोराकुलचित्तस्य दुःस्थितस्य परस्त्रियाम् ।
रतिर्न युज्यते कर्तुमुपशूनं पशोरिव ॥९५॥

કસાઈખાના પાસે ઊભેલા પશુને જેમ કોઈ પણ ચીજ ઉપર પ્રીતિ થઈ શકતી નથી, તેમ ભયભીત અને વ્યાકુળ ચિત્તવાળા તથા કુસ્થાને જઈ ચડેલા નર પુરુષને પરસ્ત્રી ઉપર પ્રેમ થઈ શકતો નથી. (૯૫)

प्राणसन्देहजननं परमं वैरकारणम् ।
लोकद्वयविरुद्धं च परस्त्रीगमनं त्यजेत् ॥९६॥

જીવનના જોખમવાળું, વેરનું પરમ કારણ અને આ લોક તથા પરલોકથી વિરુદ્ધ એવા પરસ્ત્રીગમનનો ત્યાગ કરવો જોઈએ. (૯૬)

सर्वस्वहरणं बन्धं शरीरावयवच्छिदाम् ।
मृतश्च नरकं घोरं लभते पारदारिकः ॥९७॥

પરસ્ત્રી સાથે ગમન કરનાર આ લોકમાં પોતાના સર્વસ્વનો નાશ, જેલ આદિનું બંધન, શરીરના અવયવોનો છેદ (વગેરે) વહોરે છે અને મર્યા પછી ઘોર નરકને પામે છે. (૯૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्वदाररक्षणे यत्नं विदधानो निरन्तरम् ।
जानन्नपि जनो दुःखं परदारान् कथं व्रजेत् ॥९८॥

પોતાની સ્ત્રીના રક્ષણ માટે નિરંતર પ્રયત્ન કરતાં અનેક દુઃખોને અનુભવતો માણસ પરસ્ત્રીગમન કેમ કરે ? (૯૮)

विक्रमाक्रान्तविश्वोऽपि परस्त्रीषु रिरंसया ।
कृत्वा कुलक्षयं प्राप नरकं दशकन्धरः ॥९९॥

પોતાના પરાક્રમથી સમસ્ત વિશ્વને ઘેરી લેનાર–પરાજિત કરનાર–દશમસ્તક **રાવણ**, પરસ્ત્રી સાથે રમણ કરવાની ઇચ્છા માત્રથી(પોતાના),કુળનો વિનાશ કરીને નરકગતિને પામ્યો.(૯૯)

लावण्यपुण्यावयवां पदं सौन्दर्यसम्पदः ।
कलाकलापकुशलामपि जह्यात्परस्त्रियम् ॥१००॥

પરસ્ત્રી લાવણ્યયુક્ત શુભ અવયવોવાળી હોય કે સૌન્દર્યરૂપી લક્ષ્મીના સ્થાનરૂપ હોય, અથવા વિવિધ કળાઓમાં કુશળ હોય તોપણ તેનો ત્યાગ કરવો. (૧૦૦)

अकलङ्कमनोवृत्तेः परस्त्रीसन्निधावपि ।
सुदर्शनस्य किं ब्रूमः सुदर्शनसमुन्नतेः ॥१०१॥

પરસ્ત્રી પાસે હોવા છતાં પણ–તેના સેવનનો યોગ હોવા છતાં પણ–પોતાની ચિત્તવૃત્તિને જરા પણ મલિન ન થવા દેનાર (અને તેથી જ) શાસનના પ્રભાવક **સુદર્શન**ની શી સ્તુતિ કરીએ ? (૧૦૧)

ऐश्वर्यराजराजोऽपि रूपमीनध्वजोऽपि च ।
सीतया रावण इव त्याज्यो नार्या नरः परः ॥१०२॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ સીતાએ રાવણનો ત્યાગ કર્યો તેમ સ્ત્રીઓએ ઐશ્વર્યમાં રાજરાજેશ્વર કુબેર સરખા અને સૌંદર્યમાં કામદેવ સરખા પરપુરુષનો ત્યાગ કરવો. (૧૦૨)

नपुंसकत्वं तिर्यक्त्वं दौर्भाग्यं च भवे भवे ।
भवेन्नराणां स्त्रीणां चान्यकान्तासक्तचेतसाम् ॥१०३॥

પરસ્ત્રીમાં આસક્ત પુરુષોને તથા પરપુરુષમાં આસક્ત સ્ત્રીઓને ભવેભવે નપુંસકતા, પશુતા અને દુર્ભાગતા પ્રાપ્ત થાય છે. (૧૦૩)

प्राणभूतं चरित्रस्य परब्रह्मैककारणम् ।
समाचरन् ब्रह्मचर्यं पूजितैरपि पूज्यते ॥१०४॥

ચારિત્રના પ્રાણભૂત, પરબ્રહ્મ–મોક્ષના અદ્વિતીય ઉપાયરૂપ બ્રહ્મચર્યનું પાલન કરનાર મનુષ્ય નરેંદ્રો અને દેવેંદ્રોથી પણ પૂજાય છે. (૧૦૪)

चिरायुषः सुसंस्थाना दृढसंहनना नराः ।
तेजस्विनो महावीर्या भवेयुर्ब्रह्मचर्यतः ॥१०५॥

બ્રહ્મચર્યના પાલનથી મનુષ્યો દીર્ઘાયુષી, સુડોળ, સુદૃઢ બાંધાવાળા, તેજસ્વી તેમ જ મહાવીર્યવાન બને છે. (૧૦૫)

અપરિગ્રહ વ્રત

असन्तोषमविश्वासमारम्भं दुःखकारणम् ।
मत्वा मूर्च्छाफलं कुर्यात् परिग्रहनियन्त्रणम् ॥१०६॥

દુઃખના કારણભૂત અસંતોષ, અવિશ્વાસ અને હિંસાને મૂર્ચ્છાનું–પરિગ્રહનું ફળ સમજીને પરિગ્રહનો નિયમ કરવો. (૧૦૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परिग्रहमहत्त्वाद्धि मज्जत्येव भवाम्बुधौ ।
महापोत इव प्राणी त्यजेत्तस्मात् परिग्रहम् ॥१०७॥

જેમ અતિભારથી વહાણ ડૂબી જાય છે, તેમ અતિ પરિગ્રહથી પ્રાણી સંસારસમુદ્રમાં ડૂબી જાય છે. (૧૦૭)

त्रसरेणुसमोऽप्यत्र न गुणः कोऽपि विद्यते ।
दोषास्तु पर्वतस्थूलाः प्रादुष्यन्ति परिग्रहे ॥१०८॥

પરિગ્રહમાં ત્રસરેણુ–સૂક્ષ્મ રજકણ જેટલો પણ ગુણ નથી, ઊલટા તેમાં પર્વત જેવડા મોટા મોટા દોષો પેદા થાય છે. (૧૦૮)

सङ्गाद् भवन्त्यसन्तोऽपि रागद्वेषादयो द्विषः ।
मुनेरपि चलेच्चेतो यत्तेनान्दोलितात्मनः ॥१०९॥

પહેલાં ન હતા એવા રાગદ્વેષાદિ દુશ્મનો સંગમાંથી–પરિગ્રહમાંથી પેદા થાય છે, કારણ કે તેના પ્રભાવમાં આવેલ મુનિઓનાં ચિત્ત પણ ચંચળ બને છે. (૧૦૯)

संसारमूलमारम्भास्तेषां हेतुः परिग्रहः ।
तस्मादुपासकः कुर्यादल्पमल्पं परिग्रहम् ॥११०॥

સંસારનું મૂળ હિંસાદિ પ્રવૃત્તિઓ છે અને તે પ્રવૃત્તિઓનું મૂળ પરિગ્રહ છે, માટે ઉપાસકે–શ્રાવકે પરિગ્રહને બને તેટલો અલ્પ કરવો. (૧૧૦)

मुष्णन्ति विषयस्तेना दहति स्मरपावकः ।
रुन्धन्ति वनिताव्याधाः सङ्गैरङ्गीकृतं नरम् ॥१११॥

પરિગ્રહને વશ થયેલા માણસને વિષયરૂપી ચોરો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(સંયમરૂપી ધનથી) લૂંટી લે છે, કામાગ્નિ બાળ્યા કરે છે અને સ્ત્રીઓરૂપી પારધીઓ (સંસારમાં) રુંધી-બાંધી રાખે છે. (૧૧૧)

तृप्तो न पुत्रैः सगरः कुचिकर्णो न गोधनैः ।
न धान्यैस्तिलकश्रेष्ठी न नन्दः कनकोत्करैः ॥११२॥

સગર રાજાને સાઠ હજાર પુત્રોથી, **કુચિકર્ણ**ને ગાયોનાં અનેક ધણ-ટોળાંથી, **તિલક** શેઠને પુષ્કળ ધાન્યથી અને **નંદ**રાજાને સુવર્ણના ઢગલાંઓથી તૃપ્તિ ન થઈ. (૧૧૨)

तपःश्रुतपरीवारां शमसाम्राज्यसम्पदम् ।
परिग्रहग्रहग्रस्तास्त्यजेयुर्योगिनोऽपि हि ॥११३॥

પરિગ્રહરૂપી ગ્રહથી ગળાયેલા યોગીઓ પણ તપ અને જ્ઞાનના પરિવારવાળી, સંતોષરૂપી સામ્રાજ્યની સંપત્તિનો ત્યાગ કરે છે, નાશ કરે છે. (૧૧૩)

असन्तोषव्रतः सौख्यं न शक्रस्य न चक्रिणः ।
जन्तोः सन्तोषभाजो यदभयस्येव जायते ॥११४॥

સંતોષી માણસને **અભયકુમાર**ની માફક (સંતોષરૂપી સામ્રાજ્યનું) જે સુખ સાંપડે છે તે અસંતોષી (દેવાધિદેવ) શક્રને કે (રાજાધિરાજ) ચક્રવર્તીને પણ નથી મળતું. (૧૧૪)

सन्निधौ निधयस्तस्य कामगव्यनुगामिनी ।
अमराः किङ्करायन्ते सन्तोषा यस्य भूषणम् ॥११५॥

જેનું સંતોષ આભૂષણ છે અર્થાત્ જે પરમ સંતોષી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, તેના કાબૂમાં (બધા) ભંડારો છે, કામધેનુ ગાય તેની પાછળ પાછળ ફરે છે અને બધા દેવો તેના દાસ બની રહે છે. (૧૧૫)

તૃતીય પ્રકાશ

ત્રણ ગુણવ્રતો

'દિગ્‌વિરતિ' ગુણવ્રત

दशस्वपि कृता दिक्षु यत्र सीमा न लङ्घ्यते ।
ख्यातं दिग्विरतिरिति प्रथमं तद् गुणव्रतम् ॥१॥

જે વ્રતમાં દશે દિશાઓમાં (અથવા અમુકમાં) (જવર-અવર માટે) કરાયેલ મર્યાદાનો ભંગ કરવામાં નથી આવતો તે **'દિગ્‌વિરતિ'** નામના પહેલા ગુણવ્રત તરીકે પ્રસિદ્ધ છે. (૧)

[નોંધ—ગુણવ્રત એટલે અણુવ્રતોને ગુણકારક, ઉપકારક વા પોષક વ્રત.]

चराचराणां जीवानां विमर्दननिवर्तनात् ।
तप्तायोगोलकल्पस्य सद्व्रतं गृहिणोऽप्यदः ॥२॥

(તેવી ક્ષેત્રમર્યાદા કરવાથી) ચરાચર જીવોના (નિર્બંધ-અમર્યાદિત) વિનાશથી નિવૃત્ત થવાય છે તેથી તપેલા લોઢાના ગોળા સમા ગૃહસ્થ માટે આ વ્રત પણ શુભ વ્રત કહેવાયું છે. (૨)

[નોંધ—આ વ્રત ગૃહસ્થ માટે છે, સાધુ માટે નહિ. કારણ કે જેમ તપેલા લોઢાનો ગોળો જ્યાં જાય ત્યાંના બધા જીવોનો નાશ કરે છે, તેમ ગૃહસ્થ પણ જ્યાં જાય ત્યાં આરંભ, પરિગ્રહમાં પ્રવૃત્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગતો હોવાથી જીવહિંસા કરે છે; જ્યારે સાધુ તો નવવિધ હિંસાના ત્યાગી હોવાથી હર સમય સમિતિ અને ગુપ્તિ યુક્ત હોય છે. તેથી તે તપ્તગોલક માફક હિંસા કરતા નથી. એટલા માટે ગૃહસ્થના ગમનાગમન ઉપર કાબૂ રાખવા માટે આ વ્રત આવશ્યક છે અને તેથી તેને માટે તે શુભ પણ છે. તેવી જ રીતે બીજાં બે ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો પણ ગૃહસ્થ માટે જ યોજાયેલાં છે, સાધુ માટે નહિ.]

जगदाक्रममाणस्य प्रसरल्लोभवारिधेः ।
स्खलनं विदधे तेन येन दिग्विरतिः कृता ॥३॥

જે માણસ 'દિગ્વિરતિ' વ્રત લે છે તે સમસ્ત સંસાર ઉપર આક્રમણ કરવા ધસતા લોભસમુદ્રને રોધે છે. (૩)

'ભોગોપભોગમાન' ગુણવ્રત

भोगोपभोगयोः संख्या शक्त्या यत्र विधीयते ।
भोगोपभोगमानं तद् द्वैतीयीकं गुणव्रतम् ॥४॥

જે વ્રતમાં ભોગોપભોગની વસ્તુઓની સંખ્યા–મર્યાદા યથાશક્તિ નક્કી કરાય છે, તે **'ભોગોપભોગમાન'** નામનું બીજું ગુણવ્રત છે. (૪)

ભોગોપભોગનું સ્વરૂપ

सकृदेव भुज्यते यः स भोगोऽन्नस्रगादिकः ।
पुनः पुनः पुनर्भोग्य उपभोगोऽङ्गनादिकः ॥५॥

અન્ન, પુષ્પમાળા વગેરે જે એક જ વખત ભોગવાય છે તે **'ભોગ'** અને સ્ત્રી (વસ્ત્ર, અલંકાર) વગેરે જે વારંવાર ભોગવાય છે તે **'ઉપભોગ.'** (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વથા વર્જનીય વસ્તુઓનો નિર્દેશ

मद्यं मांसं नवनीतं मधूदुम्बरपञ्चकम् ।
अनन्तकायमज्ञातफलं रात्रौ च भोजनम् ॥६॥
आमगोरससंपृक्तं द्विदलं पुष्पितौदनम् ।
दध्यहर्द्वितयातीतं कुथितान्नं च वर्जयेत् ॥७॥

મદ્ય, માંસ, માખણ, મધ, ઉમરો વગેરે પાંચ વૃક્ષોનાં ફળ, અનંતકાયવાળાં કંદ વગેરે, અજ્ઞાતફળ, રાત્રિભોજન, કાચા દહીંમાં મેળવેલું કઠોળ, વાસી ભાત, બે દિવસ ઉપરનું થઈ ગયેલું દહીં અને કોહી ગયેલું અન્ન, આ બધું સર્વથા તજવું જોઈએ. (૬–૭)

મદિરાદોષદર્શન

मदिरापानमात्रेण बुद्धिर्नश्यति दूरतः ।
वैदग्धीबन्धुरस्यापि दौर्भाग्येणेव कामिनी ॥८॥

જેમ દુર્ભાગ્યને કારણે અતિ ચતુર–બુદ્ધિમાન પુરુષની પણ સ્ત્રી (તેની પાસેથી) ચાલી જાય છે, તેમ મદિરાના પીવા માત્રથી (માણસની) બુદ્ધિ દૂરથી જ ચાલી જાય છે, સર્વથા નષ્ટ થઈ જાય છે. (૮)

पापाः कादम्बरीपानविवशीकृतचेतसः ।
जननीं वा प्रियीयन्ति जननीयन्ति च प्रियाम् ॥९॥
न जानाति परं स्वं वा मद्याच्चलितचेतनः ।
स्वामीयति वराकः स्वं स्वामिनं किङ्करीयति ॥१०॥

દારૂ પીવાથી વ્યાકુળ ચિત્તવાળા અર્થાત્ ભાનભૂલેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાપી પુરુષો પોતાની માતા સાથે પોતાની પત્નીની માફક વર્તન રાખે છે અને પોતાની પત્ની સાથે માતાનો વ્યવહાર કરે છે. વળી, તેવા પામર પુરુષો પોતાને તથા પારકાને પારખી શકતા નથી, શેઠને નોકર સમાન અને પોતાને શેઠ સમાન ગણે છે. (૯–૧૦)

मद्यपस्य शवस्येव लुठितस्य चतुष्पथे ।
मूत्रयन्ति मुखे श्वानो व्याप्ते विवरशङ्कया ॥११॥

ચોકમાં–ચકલામાં આળોટતા દારૂડિયાના મુડદાની માફક ખુલ્લા થઈ ગયેલા મોઢાને ખાડો સમજીને કુતરાંઓ તેમાં મૂતરી જાય છે. (૧૧)

मद्यपानरसे मग्नो नग्नः स्वपिति चत्वरे ।
गूढं च स्वमभिप्रायं प्रकाशयति लीलया ॥१२॥

મદ્યપાનમાં મગ્ન થયેલો દારૂડિયો ચોરા ઉપર પણ નાગો સૂઈ જાય છે અને પોતાના ગુપ્ત વિચારોને પણ તે સહેલાઈથી–લહેરથી કહી દે છે. (૧૨)

वारुणीपानतो यान्ति कान्तिकीर्तिमतिश्रियः ।
विचित्राश्चित्ररचना विलुठत्कज्जलादिव ॥१३॥

જેવી રીતે અતિસુંદર ચિત્રો ઉપર કાજળ ફરી વળે તો તે નષ્ટ થઈ જાય છે, તેવી રીતે દારૂ પીવાથી માણસની કાંતિ, કીર્તિ, બુદ્ધિપ્રતિભા અને લક્ષ્મી નાશ પામે છે. (૧૩)

भूतावेशवन्नरीनर्ति रारटीति सशोकवत् ।
दाहज्वरार्त्तवद्भूमौ सुरापो लोलुठीति च ॥१४॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દારૂડિયો ભૂતના વળગાડવાળા માણસની માફક ધૂણ્યા કરે છે, શોકવાળા માણસની માફક રડ્યા કરે છે, અને દાહજ્વરથી દુઃખી માણસની માફક આળોટ્યા કરે છે. (૧૪)

विदधत्यङ्गशैथिल्यं ग्लपयन्तीन्द्रियाणि च ।
मूर्च्छामतुच्छां यच्छन्ती हाला हालाहलोपमा ॥१५॥

હાલાહલ વિષ સમી સુરા શરીરને શિથિલ કરી નાખે છે, ઇન્દ્રિયોને અશક્ત કરી નાખે છે અને ખૂબ ઊંડા ઘેનમાં નાખી દે છે. (૧૫)

विवेकः संयमो ज्ञानं सत्यं शौचं दया क्षमा ।
मद्यात्पलीयते सर्वं तृण्या वह्निकणादिव ॥१६॥

ઘાસનો ઢગલો જેમ અગ્નિના તણખાથી નાશ પામે છે, તેમ મદિરાથી વિવેક, સંયમ, જ્ઞાન, સત્ય, શૌચ, દયા અને ક્ષમા નાશ પામે છે. (૧૬)

दोषाणां कारणं मद्यं मद्यं कारणमापदाम् ।
रोगातुर इवापथ्यं तस्मान्मद्यं विवर्जयेत् ॥१७॥

(ચોરી, વ્યભિચાર વગેરે) દોષોનું કારણ મદ્ય છે તથા (વધ, બંધનાદિ) વિપત્તિઓનું (પણ) તે જ કારણ છે, માટે રોગી જેમ કુપથ્યથી દૂર રહે તેમ માણસે તેનાથી દૂર રહેવું.

માંસદોષનિરૂપણ

चिखादिषति यो मांसं प्राणिप्राणापहारतः ।
उन्मूलयत्यसौ मूलं दयाऽऽख्यं धर्मशाखिनः ॥१८॥

પ્રાણીઓના પ્રાણ હરીને જે માણસ માંસ ખાવાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇચ્છા રાખે છે, તે ધર્મરૂપી વૃક્ષના 'દયા' નામક મૂળને ઉખેડે છે. (૧૮)

अशनीयन् सदा मांसं दयां यो हि चिकीर्षति ।
ज्वलति ज्वलने वल्लीं स रोपयितुमिच्छति ॥१९॥

જે માંસાહારી માણસ દયા કરવા ઇચ્છે છે તે માનો બળતા અગ્નિમાં વેલ રોપવા ઇચ્છે છે. (૧૯)

हन्ता पलस्य विक्रेता संस्कर्ता भक्षकस्तथा ।
क्रेताऽनुमन्ता दाता च घातका एव यन्मनुः ॥२०॥
"अनुमन्ता विशसिता निहन्ता क्रयविक्रयी ।
संस्कर्त्ता चोपहर्त्ता च खादकश्चेति घातकाः"[1] ॥२१॥

વળી કહે છે કે—

"नाकृत्वा प्राणिनां हिंसां मांसमुत्पद्यते क्वचित् ।
न च प्राणिवधः स्वर्ग्यस्तस्मान्मांसं विवर्जयेत्"[2] ॥२२॥

(પ્રાણીના) ઘાત કરનાર, માંસનો વેચનાર, (તેના ઉપર) સંસ્કાર કરનાર એટલે કે સુધારનાર, રાંધનાર વગેરે, તેને ખાનાર, ખરીદનાર, અનુમોદન આપનાર તથા (અતિથિને) દેનાર–પીરસનાર (એ બધા) સરખા જ ઘાતક છે; મહર્ષિ મનુએ પણ કહ્યું છે—

"અનુમોદન આપનાર, મારેલા પ્રાણીના શરીરના વિભાગ કરનાર, ઘાત કરનાર, વેપાર કરનાર, રાંધનાર, પીરસનાર અને ખાનાર એ બધા ઘાતક જ છે.

---

૧. મનુસ્મૃતિ, અધ્યાય ૫, શ્લોક ૫૧.
૨. મનુસ્મૃતિ, અ. ૫, શ્લો. ૪૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"પ્રાણીની હિંસા કર્યા વિના માંસ કદાચેય ઉત્પન્ન થતું નથી, તેમ જ પ્રાણીવધ સ્વર્ગ આપતો નથી, માટે માંસનો ત્યાગ કરવો." (૨૦-૨૧-૨૨)

ये भक्षयन्त्यन्यपलं स्वकीयपलपुष्टये ।
ते एव घातका यन्न वधको भक्षकं विना ॥२३॥

જે લોકો પોતાના માંસની-શરીરની પુષ્ટિને અર્થે બીજાનું માંસ ખાય છે, તેઓ જ (ખરી રીતે) ઘાતક છે. કારણ કે (માંસનો કોઈ) ભક્ષક ન હોય તો પ્રાણીનો વધ કરનાર કોઈ રહે જ નહિ. (૨૩)

मिष्टान्नान्यपि विष्ठासादमृतान्यपि मूत्रसात् ।
स्युर्यस्मिन्नङ्गकस्यास्य कृते कः पापमाचरेत् ॥२४॥

જેમાં મિષ્ટાન્નો વિષ્ટારૂપ થઈ જાય છે અને અમૃતો મૂત્રરૂપ બની જાય છે, તેવા શરીર માટે (હિંસારૂપી) પાપ કોણ કરે? (૨૪)

मांसाशने न दोषोऽस्तीत्युच्यते यैर्दुरात्मभिः ।
व्याधगृध्रबृकव्याघ्रशृगालास्तैर्गुरूकृताः ॥२५॥

'માંસ ભક્ષણમાં દોષ નથી' એવું જે પાપાત્માઓ કહે છે તેઓએ (સાચે જ) પારધી, ગીધ, વરુ, વાઘ, શિયાળ, (જેવાઓને પોતાના) ગુરુ બનાવેલા હોવા જોઈએ. (૨૫)

"मां स भक्षयिताऽमुत्र यस्य मांसमिहाद्म्यहम् ।

૧. જુઓ મનુસ્મૃતિ, અધ્યાય ૫, શ્લોક ૫૬, "**न मांसभक्षणे दोषः**" ઇત્યાદિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एतन्मांसस्य मांसत्वे निरुक्तं मनुरब्रवीत्''[1] ॥२६॥

'માંસ' શબ્દનું માંસત્વ બતાવવામાં **મનુ**એ એવી વ્યુત્પત્તિ કરી છે કે જેનું 'માંસ' હું આ જન્મમાં ખાઉં છું **'स'** 'તે' **'मां'**–'મને' પર જન્મમાં ખાશે. (૨૬)

मांसास्वादनलुब्धस्य देहिनं देहिनं प्रति ।
हन्तुं प्रवर्तते बुद्धिः शाकिन्या इव दुर्धियः ॥२७॥

માંસના ભક્ષણમાં લુબ્ધ થયેલ, દુર્બુદ્ધિ માણસની બુદ્ધિ **શાકિની** દેવીની માફક પ્રત્યેક પ્રાણીને મારવા માટે પ્રવર્તે છે, જોડાય છે. (૨૭)

ये भक्षयन्ति पिशितं दिव्यभोज्येषु सत्स्वपि ।
सुधारसं परित्यज्य भुञ्जते ते हलाहलम् ॥२८॥

દિવ્ય ભોજનો હોવા છતાં જેઓ માંસ ખાય છે, તેઓ અમૃતરસ છોડીને હલાહલ વિષ ખાય છે. (૨૮)

न धर्मो निर्दयस्यास्ति पलादस्य कुतो दया ।
पललुब्धो न तद्वेत्ति विद्याद्वोपदिशेन्न हि ॥२९॥

માંસ ખાનારમાં દયા હોતી નથી અને દયારહિતમાં ધર્મ હોતો નથી (કારણ કે) પ્રાયઃ માંસલુબ્ધ માણસ (દયા મૂલક) ધર્મને જાણતો નથી અને જાણતો હોય તો તે તેવા ધર્મનો ઉપદેશ આપતો નથી. (૨૯)

केचिन्मांसं महामोहादश्नन्ति न परं स्वयम् ।
देवपित्रतिथिभ्योऽपि कल्पयन्ति यदुच्चरे ॥३०॥

---

१ મનુસ્મૃતિ, અ. ૫, શ્લોક ૫૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"क्रीत्वा स्वयं वाऽप्युत्पाद्य परोपहृतमेव वा ।
देवान् पितॄन् समभ्यर्च्य खादन् मांसं न दुष्यति" ॥३१॥

કેટલાક માણસો મહામૂઢતાથી માત્ર પોતે માંસ ખાય છે એટલું જ નહિ પણ દેવો, પિતૃઓ અને અતિથિઓને પણ (માંસ) આપે છે; કારણ કે તેઓ કહે છે કે—

" ખરીદીને (મેળવેલ), સ્વયં પેદા કરીને–હિંસા કરીને (મેળવેલ) અથવા બીજાએ લાવી આપેલ માંસને દેવતા અને પિતૃઓની પૂજામાં ધર્યા પછી ખાનાર માણસ દૂષિત થતો નથી." (૩૦–૩૧)

मन्त्रसंस्कृतमप्यद्याद्यवाल्पमपि नो पलम् ।
भवेज्जीवितनाशाय हालाहललवोऽपि हि ॥३२॥

મંત્રોથી પવિત્ર કરાયેલું હોય છતાંય જવના દાણા જેટલું પણ માંસ ન ખાવું, કારણ કે હલાહલ વિષનું એક ટીપું પણ મૃત્યુનું કારણ બને છે. (૩૨)

सद्यः सम्मूर्छितानन्तजन्तुसन्तानदूषितम् ।
नरकाध्वनि पाथेयं कोऽश्नीयात् पिशितं सुधीः ॥३३॥

વળી (પ્રાણીના મરણ પછી) તરત જ (તેનું) માંસ સમ્મૂર્છિમ જંતુઓની ઉત્પત્તિપરંપરાથી દૂષિત થાય છે, અર્થાત્ તેમાં તરત જ અનંત સૂક્ષ્મ જંતુઓ ઉત્પન્ન થઈ જાય છે, (તેથી) નરકે જતાં રસ્તામાં ભાતારૂપ તેને કોણ ખાય ? (૩૩)

नवनीतलक्षणदोष

अन्तर्मुहूर्तात् परतः सुसूक्ष्मा जन्तुराशयः ।
यत्र मूर्छन्ति तन्नाद्यं नवनीतं विवेकिभिः ॥३४॥

---

१. મનુસ્મૃતિ, અ. ૫, શ્લો. ૩૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમાં અંતર્મુહૂર્ત બાદ અતિ સૂક્ષ્મ જંતુદળ સમ્મૂર્છિમભાવે ઉત્પન્ન થાય છે, તેવું માખણ વિવેકીઓએ ન ખાવું. (૩૪)

एकस्याऽपि हि जीवस्य हिंसने किमघं भवेत् ।
जन्तुजातमयं तत्को नवनीतं निषेवते ? ॥३५॥

એક જ જીવનો વધ કરવામાં કેટલું બધું પાપ લાગે છે! તો પછી જંતુઓના સમૂહરૂપ માખણ કોણ ખાય ? (૩૫)

મધ ખાવામાં રહેલા દોષો

अनेकजन्तुसङ्घातनिघातसमुद्भवम् ।
जुगुप्सनीयं लालावत् कः स्वादयति माक्षिकम् ॥३६॥

અનેક જંતુઓના સમૂહનો નાશ કરવાથી ઉત્પન્ન થતું તથા લાળની માફક જુગુપ્સા–ચીતરી ચઢાવનાર મધ કોણ ખાય ? (૩૬)

भक्षयन्माक्षिकं क्षुद्रजन्तुलक्षक्षयोद्भवम् ।
स्तोकजन्तुनिहन्तृभ्यः शौनिकेभ्योऽतिरिच्यते ॥३७॥

થોડાં પ્રાણી મારનાર ખાટકી કરતાં લાખો (માખીઓ વગેરે) નાનાં જંતુઓના વિનાશમાંથી ઉત્પન્ન થતું મધ ખાનાર માણસ (પાપમાં) વધી જાય છે. (૩૭)

एकैककुसुमक्रोडाद्रसमापीय मक्षिकाः ।
यद्वमन्ति मधूच्छिष्टं तदश्नन्ति न धार्मिकाः ॥३८॥

એક એક ફૂલના ક્રોડ–અંતરમાંથી રસ પીને માખો જેનું વમન કરી કાઢે છે, તેવા એઠા મધને ધાર્મિક પુરુષો નથી ખાતા. (૩૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अप्यौषधकृते जग्धं मधु श्वभ्रनिबन्धनम् ।
भक्षितः प्राणनाशाय कालकूटकणोऽपि हि ॥३९॥

જેમ કાલકૂટ વિષનો એક કણ પણ આધો હોય તો તે પ્રાણીનો નાશ કરે છે, તેમ દવાને કારણે આધેલું મધ પણ નરકનું કારણ બને છે. (૩૯)

मधुनोऽपि हि माधुर्यमबोधैरहहोच्यते ।
आसाद्यन्ते यदास्वादाच्चिरं नरकवेदनाः ॥४०॥

જે મધના ચાખવાથી દીર્ઘ કાળ સુધી નરકની વેદના ચાખવી પડે છે, તે મધની મધુરતાને તો મૂર્ખ લોકો જ 'આ હા હા!' કરી વખાણે છે. (૪૦)

मक्षिकामुखनिष्ठ्यूतं जन्तुघातोद्भवं मधु ।
अहो पवित्रं मन्वाना देवस्नाने प्रयुञ्जते ॥४१॥

માખીઓના મુખમાંથી નીકળેલા અને જંતુઓના વિનાશમાંથી ઉત્પન્ન થતા મધને પવિત્ર માનનારા માણસો તેને દેવસ્નાન માટે વાપરે એ ખરેખર આશ્ચર્ય છે. (૪૧)

પાંચ ઉદુંબર ભક્ષણદોષ

उदुम्बरवटप्लक्षकाकोदुम्बरशाखिनाम् ।
पिप्पलस्य च नाश्नीयात् फलं कृमिकुलाकुलम् ॥४२॥

ઉમરડો, વડ, અંજીર, કાકોદુંબર અને પીપળો એ પાંચ વૃક્ષોનાં ફળ અગણિત જંતુઓના સ્થાન રૂપ હોવાથી ન ખાવાં. (૪૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अप्राप्नुवन्नन्यभक्ष्यमपि क्षामो बुभुक्षया ।
न भक्षयति पुण्यात्मा पञ्चोदुम्बरजं फलम् ॥४३॥

બીજું કાંઈ ખાવાનું ન મેળવી શકનાર ભૂખથી ક્ષીણ થઈ ગયેલ હોય છતાં પણ પુણ્યાત્મા પુરુષ એ પાંચ ઉમરડા જાતિનાં ફળ ન ખાય. (૪૩)

અનંતકાયનો ત્યાગ

आर्द्रः कन्दः समग्रोऽपि सर्वः किशलयोऽपि च ।
स्नुही लवणवृक्षत्वक् कुमारी गिरिकर्णिका ॥४४॥
शतावरी विरूढानि गुडूची कोमलाम्लिका ।
पल्यङ्कोऽमृतवल्ली च वल्लः शूकरसंज्ञितः ॥४५॥
अनन्तकायाः सूत्रोक्ता अपरेऽपि कृपापरैः ।
मिथ्यादृशामविज्ञाता वर्जनीयाः प्रयत्नतः ॥४६॥

મિથ્યાદૃષ્ટિઓને (અનંતકાયરૂપે) નહિ જણાયેલા એવા (સૂરણ, બટાટા, કુંગળી, મૂળો, ગાજર, શકરિયાં, આદુ, લસણ, લીલી હળદર વગેરે) બધા લીલા કંદ, બધી જાતની કૂંપળો, સ્નુહી–થોર, લવણવૃક્ષની છાલ, કુંવારપાઠું, ગિરિકર્ણિકા વેલ, શતાવરી વેલ, કોંટા ફૂટેલાં કઠોળ, ગળો, કૂણી આમલી, પલ્યંક શાક, 'અમૃત' નામની વેલ, શૂકર જાતિના વાલ વગેરે [1]સૂત્રોમાં કહેલા તેમ જ બીજા પણ અનંત જીવોવાળા પદાર્થો શ્રાવકોએ યતનાપૂર્વક છોડવા. (૪૪–૪૫–૪૬)

---

૧ જુઓ આગમોદય સમિતિ પ્રકાશિત પ્રજ્ઞાપના સૂત્ર, પદ ૧, સૂત્ર ૨૪, તથા દે. લા. પ્રકાશિત જીવાભિગમસૂત્ર પ્રતિપત્તિ ૧, સૂત્ર ૨૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજ્ઞાત ફલત્યાગ

स्वयं परेण वा ज्ञातं फलमद्याद्विशारदः ।
निषिद्धे विषफले वा मा भूदस्य प्रवर्तनम् ॥४७॥

નિષિદ્ધ કરાયેલું અથવા ઝેરી ફળ ન ખવાઈ જાય તે માટે ડાહ્યા માણસે પોતાને અથવા બીજાને જાણીતું જ ફળ ખાવું. (૪૭)

રાત્રિભોજન-નિષેધ

अन्नं प्रेतपिशाचाद्यैः सञ्चरद्भिर्निरङ्कुशैः ।
उच्छिष्टं क्रियते यत्र तत्र नाद्यादिनात्यये ॥४८॥

જે સમયે (સર્વત્ર) ફરતાં નિરંકુશ પ્રેત, પિશાચ વગેરે અન્નને એઠું કરે છે તેવા રાત્રિના સમયે ન ખાવું. (૪૮)

घोरान्धकाररुद्धाक्षैः पतन्तो यत्र जन्तवः ।
नैव भोज्ये निरीक्ष्यन्ते तत्र भुञ्जीत को निशि ॥४९॥

રાત્રિમાં કે જે સમયે ઘોર અંધારાને કારણે (માણસોની) રુંધાઈ ગયેલી આંખો દ્વારા ભોજનમાં પડતાં જંતુઓ દેખાતાં નથી, તેવે સમયે કોણ ભોજન કરે ? (૪૯)

मेधां पिपीलिका हन्ति यूका कुर्याज्जलोदरम् ।
कुरुते मक्षिका वान्तिं कुष्ठरोगं च कोलिकः ॥५०॥
कण्टको दारुखण्डं च वितनोति गलव्यथाम् ।
व्यञ्जनान्तर्निपतितस्तालु विध्यति वृश्चिकः ॥५१॥
विलग्नश्च गले वालः स्वरभङ्गाय जायते ।
इत्यादयो दृष्टदोषाः सर्वेषां निशि भोजने ॥५२॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કીડી (ખાવામાં આવી જાય તો) બુદ્ધિનો નાશ કરે છે, જૂથી જલંદર થઈ જાય છે, માખી ઊલટી કરાવે છે, કરોળિયાથી કોઢ થાય છે, કાંટો કે ફાચર ગળામાં ઇજા કરે છે, શાકમાં વીંછી અવાઈ જાય તો તાળવું ફાડી નાખે છે, ગળામાં વાળ ચોટી જાય તો સ્વરભંગ થાય છે—વગેરે રાત્રિ ભોજનમાં થતા દોષો સર્વવિદિત છે. (૫૦–૫૧–૫૨)

नाप्रेक्ष्यसूक्ष्मजन्तूनि निश्यद्यात्मासुकान्यपि ।
अप्युद्यत्केवलज्ञानैर्नार्हतं यन्निशाऽशनम् ॥૫૩॥

રાત્રે ન જોઈ શકાય એવા જંતુઓ હોવાથી પ્રાસુક–નિરવદ્ય ભોજન (ભોદક, ફળ વગેરે) પણ નહિ ખાવું, કારણ કે કેવળજ્ઞાનીઓએ રાત્રિભોજન સ્વીકાર્યું નથી. (૫૩)

धर्मविन्नैव भुञ्जीत कदाचन दिनात्यये ।
बाह्या अपि निशाभोज्यं यदभोज्यं प्रचक्षते ॥૫૪॥

ધર્મના સમજનારે દિવસ પૂરો થયા પછી કદી ખાવું નહિ, કારણ કે જૈનેતર લોકો પણ રાત્રિભોજનને અભોજ્ય તરીકે વર્ણવે છે. (૫૪)

"त्रयीतेजोमयो भानुरिति वेदविदो विदुः ।
तत्करैः पूतमखिलं शुभं कर्म समाचरेत्" ॥૫૫॥
"नैवाहुतिर्न च स्नानं न श्राद्धं देवतार्चनम् ।
दानं वा विहितं रात्रौ भोजनं तु विशेषतः"[1] ॥૫૬॥

१. રાત્રિભોજનનિષેધના સમર્થનમાં આચાર્યશ્રીએ ટાંકેલા શ્લોકોનાં આધારસ્થળો પુરાણોમાં કયાંક હોવાં જોઈએ, પરંતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"दिवसस्याष्टमे भागेऽमन्दीभूते दिवाकरे ।
नक्तं तु तद्विजानीयान्न नक्तं निशि भोजनम्" ॥५७॥

" સૂર્ય (ઋગ્, યજુસ્ અને સામવેદરૂપી) વેદત્રયીના તેજવાળો છે એમ વેદોને જાણનારાઓ કહે છે, તેથી તેનાં કિરણોથી પવિત્ર કરાયેલ હોય એવું જ શુભ કામ કરવું.

" (તેથી) રાત્રિવેળાએ આહુતિ, સ્નાન, શ્રાદ્ધ, દેવપૂજા, દાન અને ખાસ કરીને રાત્રિભોજનનો નિષેધ કરેલ છે.

" 'નક્ત' એટલે રાત્રિભોજન એમ નહિ, પણ સૂર્ય મંદ થયો હોય તેવા દિવસના આઠમા ભાગમાં કરાયેલું ભોજન તે 'નક્ત' સમજવું." (૫૫–૫૬–૫૭)

હજુ સુધી મેળવી શકાયાં નથી. છતાં તે જ આશયને પોષક આધારો અહીં આપવામાં આવે છેઃ—

'नत्वा सूर्यं परं धाम ऋग्यजुःसामरूपिणम्'

(આનંદાશ્રમ પ્રકાશિત) સૌર પુ. અ. ૧–૧૩

'स्नानं दानं जपो होमः सूर्यपर्वणि यत्कृतम् ।
तत्सर्वं कोटिगुणितं सूर्यकोटिप्रभावतः ॥

સ્કંદ પુ. ખંડ ૭, અ. ૧૭–૪

'न पाणौ लवणं विद्वान् प्राश्नीयान्न च रात्रिषु' तथा
'सायं प्रातस्तु भुञ्जीत न तु भूमौ कदाचन' ।

મહાભા. અનુ. પર્વ. અધ્યા. ૬૪–૬૩, ૬૪

યતિઓના ભોજન સમયનો વિચાર કરતાં નિર્ણય સાગર પ્રકાશિત મનુ તેમ જ યાજ્ઞવલ્કય સ્મૃતિઓમાં નીચે પ્રમાણે છેઃ-

'नक्तं चाह्नं समश्नीयादिवा वाहृत्य शक्तितः
नक्त=प्रदोष (टीका) મનુ સ્મૃ. અ. ૬–૧૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"વળી કહ્યું છે કે–

"देवैस्तु भुक्तं पूर्वाह्णे मध्याह्ने ऋषिभिस्तथा ।
अपराह्णे च पितृभिः सायाह्ने दैत्यदानवैः ॥५८॥

"सन्ध्यायां यक्षरक्षोभिः सदा भुक्तं कुलोद्वह ! ।
सर्ववेलां व्यतिक्रम्य रात्रौ भुक्तमभोजनम्" ॥५९॥

હે કુલદીપક યુધિષ્ઠિર ! દેવો, ઋષિમુનિઓ, પિતૃઓ, દૈત્ય–દાનવો અને યક્ષ–રાક્ષસો (અનુક્રમે) સવારે, બપોરે, ઢળતા બપોરે, સાંજે અને સંધ્યાસમયે ભોજન કરે છે; તેથી આ બધી વેળા વટાવીને કરેલું રાત્રિભોજન અભોજન–દુષ્ટરૂપ છે." (૫૮–૫૯)

'चायं प्रातर्द्विजातीनामशनं स्मृतिनोदितम्'

મનુ સ્મૃ. અ. ૨–૬ (ક્ષેપક)

अप्रमत्तश्चरेद् भैक्ष्यं सायाह्नेऽनभिलक्षितः'

યાજ્ઞ. સ્મૃ. અ. ૩–૫૯

યતિ સાંજે ભિક્ષાર્થે નીકળે ત્યારે ગૃહસ્થોએ તે પહેલાં જમી લીધેલું હોવું જોઈએ; કારણ કે મનુએ કેવા વેર ભિક્ષા માટે જવું તે બતાવતાં કહેલ છે કે—

'विधूमे सन्नमुसले व्यङ्गारे भुक्तवज्जने ।
वृत्ते शरावसंपाते भिक्षां नित्यं यतिश्चरेत्' ॥

મનુ સ્મૃ. અ. ૬–૫૬

આના ઉપર ટીકા લખતાં ટીકાકાર શ્રી કુલ્લૂક ભટ્ટ સ્પષ્ટ લખે છે કે— 'एतच्च दिनशेषमुहूर्तत्रयरूपसायाह्नोपलक्षणम्' ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આયુર્વેદમાં પણ કહ્યું છે કે—

"हृन्नाभिपद्मसङ्कोचश्चण्डरोचिरपायतः ।
अतो नक्तं न भोक्तव्यं सूक्ष्मजीवादनादपि" ॥६०॥

"સૂર્યના આથમી જવાથી (શરીરમાં રહેલ) હૃદયકમળ અને નાભિકમળ સંકોચાઈ જાય છે, તેથી, તેમ જ સૂક્ષ્મ જીવો ખવાઈ જાય છે તે કારણે પણ, રાત્રીભોજન ન કરવું." (૬૦)

संसजज्जीवसङ्घातं भुञ्जाना निशि भोजनम् ।
राक्षसेभ्यो विशिष्यन्ते मूढात्मानः कथं नु ते ॥६१॥

(છતાંય) અનેક જંતુઓ (આવીને) પડતાં હોય તેવું રાત્રિભોજન કરનારા મૂઢ માણસોને રાક્ષસોથી કેવી રીતે જુદા પાડી શકાય ? (૬૧)

वासरे च रजन्यां च यः खादन्नेव तिष्ठति ।
शृङ्गपुच्छपरिभ्रष्टः स्पष्टं स पशुरेव हि ॥६२॥

રાતદિવસ જે ખા ખા કરે છે, તે શિંગડાં અને પૂંછડા વિનાનો પશુ જ છે. (૬૨)

अह्नो मुखेऽवसाने च यो द्वे द्वे घटिके त्यजन् ।
निशाभोजनदोषज्ञोऽश्नात्यसौ पुण्यभाजनम् ॥६३॥

રાત્રિભોજનના દોષોને જાણનાર જે માણસ દિવસની શરૂઆતમાં અને અંતમાં બબે ઘડી મૂકીને ભોજન કરી લે છે, તે પુણ્યવાન છે. (૬૩)

अकृत्वा नियमं दोषाभोजनादिनभोज्यपि ।
फलं भजेन्न निर्व्याजं न वृद्धिर्भाषितं विना ॥६४॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેવી રીતે વ્યાજની બોલી કર્યા વિના (માત્ર થાપણ મૂકે) વૃદ્ધિ-વ્યાજ મળતી નથી, તેવી રીતે દિવસે ભોજન કરી લેનારને પણ રાત્રિભોજનનો ત્યાગ કર્યા વિના તેનો સ્વાભાવિક લાભ મળતો નથી. (૬૪)

ये वासरं परित्यज्य रजन्यामेव भुञ्जते ।
ते परित्यज्य माणिक्यं काचमाददते जडाः ॥६५॥

જે જડ માણસો દિવસને છોડીને માત્ર રાત્રે ખાય છે, તેઓ માણેકને છોડીને કાચનું ગ્રહણ કરે છે. (૬૫)

वासरे सति ये श्रेयस्काम्यया निशि भुञ्जते ।
ते वपन्त्यूषरे क्षेत्रे शालीन् सत्यपि पल्वले ॥६६॥

દિવસે અનુકૂળતા હોવા છતાં જેઓ કાંઈ કલ્યાણની આશાએ રાત્રે ખાય છે, તેઓ કયારો હોવાં છતાં ખારવાળી જમીનમાં ડાંગર વાવે છે. (૬૬)

उलूककाकमार्जारगृध्रशम्बरशूकराः ।
अहिवृश्चिकगोधाश्च जायन्ते रात्रिभोजनात् ॥६७॥

રાત્રિભોજન કરવાથી મનુષ્યો (આવતા જન્મમાં) ઘુવડ, કાગડા, બિલાડા, ગીધ, સાબર, ભૂંડ, સાપ, વીંછી અને મધર રૂપે જન્મે છે. (૬૭)

श्रूयते ह्यन्यशपथाननादृत्यैव लक्ष्मणः ।
निशाभोजनशपथं कारितो वनमालया ॥६८॥

એમ સંભળાય છે કે વનમાલાએ લક્ષ્મણ પાસે બીજા બધા સોગંદ ન લેવરાવીને 'રાત્રિભોજનનું પાપ લાગે' એવા સોગંદ લેવરાવ્યા. (૬૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

करोति विरतिं धन्यो यः सदा निशिभोजनात् ।
सोऽर्द्धं पुरुषायुषस्य स्यादवश्यमुपोषितः ॥६९॥

જે ધન્ય પુરુષ હમેશાં રાત્રિભોજનનો ત્યાગ કરે છે તે પોતાના આયુષ્યનો અર્ધો ભાગ ઉપવાસી રહે છે. (૬૯)

रजनीभोजनत्यागे ये गुणाः परितोऽपि तान् ।
न सर्वज्ञादृते कश्चिदपरो वक्तुमीश्वरः ॥७०॥

રાત્રિભોજનના ત્યાગમાં જે ગુણો છે તેમને સર્વજ્ઞ સિવાય બીજો કોઈ કહેવા સમર્થ નથી. (૭૦)

કાચા દહીંની સાથે કઠોળ ખાવાનો નિષેધ

आमगोरससंपृक्तद्विदलादिषु जन्तवः ।
दृष्टाः केवलिभिः सूक्ष्मास्तस्मात्तानि विवर्जयेत् ॥७१॥

કેવળજ્ઞાનીઓને કાચા દહીંમાં મેળવેલ કઠોળ વગેરેમાં સૂક્ષ્મ જંતુઓ ઉત્પન્ન થતાં દેખાયાં છે, તેથી તેવા કઠોળનો ત્યાગ કરવો. (૭૧)

जन्तुमिश्रं फलं पुष्पं पत्रं चान्यदपि त्यजेत् ।
सन्धानमपि संसक्तं जिनधर्मपरायणः ॥७२॥

વળી, જંતુવાળાં ફળ, ફૂલ, પત્ર, અથાણું અને એવા જ અન્ય પદાર્થોનો જૈનધર્મપરાયણ પુરુષે ત્યાગ કરવો. (૭૨)

૩. અનર્થદંડવિરમણ ગુણવ્રત

आर्तं रौद्रमपध्यानं पापकर्मोपदेशिता ।
हिंसोपकारिदानं च प्रमादाचरणं तथा ॥७३॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शरीराद्यर्थदण्डस्य प्रतिपक्षतया स्थितः ।
योऽनर्थदण्डस्तत्त्यागस्तृतीयं तु गुणव्रतम् ॥७४॥

શરીરાદિને કારણે થતા પાપકારી વ્યાપારનો વિરોધી જે નિષ્કારણ વ્યાપાર તેનો ત્યાગ, તે (**'અનર્થદંડવિરમણ'** નામનું) ત્રીજું ગુણવ્રત. (તે અનર્થદંડ ચાર પ્રકારનો છે.) (૧) આર્ત્ત અને રૌદ્રધ્યાનરૂપ દુર્ધ્યાન, (૨) પાપકર્મનો ઉપદેશ, (૩) હિંસામાં મદદ કરનારાં (શસ્ત્રાદિ સાધનોનું) દાન, તથા (૪) પ્રમાદાચરણ. (૭૩–૭૪)

અપધ્યાન નિષેધ

वैरिघातो नरेन्द्रत्वं पुरघाताग्निदीपने ।
खेचरत्वाद्यपध्यानं मुहूर्तात्परतस्त्यजेत् ॥७५॥

દુશ્મનોનો નાશ કરવાના, રાજાપણું પામવાના, શહેરના વિનાશના, દાવાનળ પ્રગટાવવાના, આકાશગમન કરવાના વગેરે પ્રકારના ચિંતવનરૂપ અપધ્યાન (કદાચ મનમાં આવી જાય તો) મુહૂર્તવારમાં તજી દેવું. (૭૫)

પાપોપદેશ નિષેધ

वृषभान् दमय, क्षेत्रं कृष, षण्ढय वाजिनः ।
दाक्षिण्याविषये पापोपदेशोऽयं न कल्पते ॥७६॥

દાક્ષિણ્ય—પુત્ર, ભાઈ, ભાણેજ, ભત્રીજા વગેરે—ન હોય એવાને 'વાછડાઓ પળોટ', 'ખેતર ખેડ', 'ઘોડાઓને બસીકર' વગેરે પ્રકારનો પાપોપદેશ આપવો શ્રાવકને વ્યાજબી નથી. (૭૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હિંસોપકારી સાધન દેવાનો નિષેધ

यन्त्रलाङ्गलशस्त्राग्निमुशलोदूखलादिकम् ।
दाक्षिण्याविषये हिंस्रं नार्पयेत् करुणापरः ॥७७॥

(તથા) પુત્ર વગેરે ન હોય એવાને ગાડું, હળ, શસ્ત્ર, અગ્નિ, સાંબેલું, ખાંડણિયો વગેરે હિંસામાં કારણભૂત વસ્તુઓ દયાળુ શ્રાવક ન આપે. (૭૭)

પ્રમાદાચરણ નિષેધ

कुतूहलाद् गीतनृत्तनाटकादिनिरीक्षणम् ।
कामशास्त्रप्रसक्तिश्च द्यूतमद्यादिसेवनम् ॥७८॥
जलक्रीडाऽऽन्दोलनादिविनोदो जन्तुयोधनम् ।
रिपोः सुतादिना वैरं भक्तस्त्रीदेशराट्कथाः ॥७९॥
रोगमार्गश्रमौ मुक्त्वा स्वापश्च सकलां निशाम् ।
एवमादि परिहरेत्प्रमादाचरणं सुधीः ॥८०॥

કુતૂહલપૂર્વક ગીત, નૃત્ય, નાટક વગેરે જોવાં; કામશાસ્ત્રમાં ચોંટયા રહેવું; જુગાર, મદિરા વગેરેનું સેવન કરવું; જળક્રીડા, હિંડોળા ઉપર હિંચકવું વગેરે પ્રકારનો વિનોદ કરવો; પશુ–પક્ષીઓની સાઠમારી કરાવવી; દુશ્મનના પુત્ર સાથે (પણ) વેરભાવ રાખવો; ખાનપાન, સ્ત્રી, દેશ અને રાજા સંબંધી વાતો કર્યા કરવી; રોગ અને પ્રવાસના થાકના કારણ સિવાય આખી રાત સૂઈ રહેવું વગેરે પ્રકારનાં પ્રમાદનાં આચરણોનો બુદ્ધિમાન પુરુષે ત્યાગ કરવો. (૭૮–૭૯–૮૦)

विलासहासनिष्ठ्यूतनिद्राकलहदुष्कथा ।
जिनेन्द्रभवनस्यान्तराहारं च चतुर्विधम् ॥८१॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(તેથી ખાસ કરીને) જિનમંદિરમાં વિલાસ, હાસ્ય, થૂંકવું, નિદ્રા, કલહ, (ચોર, પરસ્ત્રી વગેરે સંબંધી) દુષ્કથા તથા ચાર પ્રકારનો આહાર (એ બધાં) તજવાં. (૮૧)

સામાયિકવ્રત નામનું પ્રથમ શિક્ષાવ્રત

त्यक्तार्त्तरौद्रध्यानस्य त्यक्तसावद्यकर्मणः ।
मुहूर्तं समता या तां विदुः सामायिकव्रतम् ॥८२॥

આર્ત અને રૌદ્ર ધ્યાનનો તથા (સર્વ પ્રકારનાં) પાપ કર્મોનો ત્યાગ કરીને માણસ એક મુહૂર્ત પર્યંત જે સમતા ધારણ કરે છે તેને સાધુ પુરુષો '**સામાયિકવ્રત**' તરીકે જાણે છે. (૮૨)

सामायिकव्रतस्थस्य गृहिणोऽपि स्थिरात्मनः ।
चन्द्रावतंसकस्येव क्षीयते कर्म सञ्चितम् ॥८३॥

સામાયિકવ્રતમાં સ્થિર થયેલ, શાંત ચિત્તવાળા ગૃહસ્થના પણ સંચિત કર્મો **ચંદ્રાવતંસક** રાજાની માફક ક્ષીણ થઈ જાય છે. (૮૩)

દેશાવકાશિકવ્રતનામક બીજું શિક્ષાવ્રત

दिग्व्रते परिमाणं यत्तस्य संक्षेपणं पुनः ।
दिने रात्रौ च देशावकाशिकव्रतमुच्यते ॥८४॥

દિગ્વ્રત નામના (પ્રથમ) ગુણવ્રતમાં (દિશાઓમાં) જવાની જે મર્યાદા કરી હોય તેને એક રાતદિવસ પૂરતી ટૂંકાવવી તે '**દેશાવકાશિક**' નામનું બીજું શિક્ષાવ્રત કહેવાય છે. (૮૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોષધ વ્રત—ત્રીજું શિક્ષાવ્રત

चतुष्पर्व्यां चतुर्थादिकुव्यापारनिषेधनम् ।
ब्रह्मचर्यक्रियास्नानादित्यागः पोषधव्रतम् ॥८५॥

(આઠમ, ચૌદશ, પૂનમ અને અમાવાસ્યા એ) ચાર પર્વોમાં ચતુર્થાદિ–ઉપવાસાદિ તપ, કુપ્રવૃત્તિનો ત્યાગ, બ્રહ્મચર્યનું પાલન, સ્નાનાદિનો ત્યાગ એ જ '**પોષધવ્રત**' નામનું ત્રીજું શિક્ષાવ્રત છે.

गृहिणोऽपि हि धन्यास्ते पुण्यं ये पोषधव्रतम् ।
दुष्पालं पालयन्त्येव यथा स चुलनीपिता ॥८६॥

(ગૃહસ્થાવસ્થામાં) પાળવું મુશ્કેલ એવું પવિત્ર પોષધવ્રત જે ગૃહસ્થો **ચુલનીપિતાની** પેઠે પાળે જ છે તેમને ધન્ય છે. (૮૬)

અતિથિસંવિભાગ—ચોથું શિક્ષાવ્રત

दानं चतुर्विधाहारपात्राच्छादनसद्मनाम् ।
अतिथिभ्योऽतिथिसंविभागव्रतमुदीरितम् ॥८७॥

ચાર પ્રકારનો આહાર, પાત્રો, વસ્ત્ર, મકાન વગેરે અતિથિને–સાધુસાધ્વીઓને આપવું તે **અતિથિસંવિભાગ** નામનું ચોથું શિક્ષાવ્રત કહેવાય છે. (૮૭)

पश्य सङ्गमको नाम सम्पदं वत्सपालकः ।
चमत्कारकरीं प्राप मुनिदानप्रभावतः ॥८८॥

જુઓ '**સંગમ**' નામનો ગોવાળિયો મુનિને દાન કરવાના પ્રભાવથી ચમત્કારી સંપત્તિને પામ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્રતોના અતિચારોનું વર્ણન

व्रतानि सातिचाराणि सुकृताय भवन्ति न ।
अतिचारास्ततो हेयाः पञ्च पञ्च व्रते व्रते ॥८९॥

અતિચારવાળાં–દોષ કે સ્ખલનવાળાં–વ્રતો શુભ લાભ આપતાં નથી, તેથી દરેક વ્રતનાં જે પાંચ પાંચ અતિચારો છે, તેમનો ત્યાગ કરવો. (૮૯)

અહિંસાવ્રતના અતિચારો

क्रोधाद्बन्धश्छेदोऽधिकभाराधिरोपणम् ।
प्रहारोऽन्नादिरोधश्चार्हिंसायां परिकीर्तिताः ॥९०॥

(૧) ક્રોધપૂર્વક કોઈ પણ પ્રાણીને બાંધવું, (૨) તેના અવયવો છેદવા, (૩) તેના ઉપર અધ્ધ ઉપરાંત ભાર લાદવો, (૪) તેને (પરોણા, ચાબખા વગેરે વડે) મારવું તથા (૫) તેના ખાનપાનને અટકાવવું—આ પાંચ અતિચારો અહિંસા-વ્રતના કહેવાય છે. (૯૦)

સત્યવ્રતના અતિચારો

मिथ्योपदेशः सहसाऽभ्याख्यानं गुह्यभाषणम् ।
विश्वस्तमन्त्रभेदश्च कूटलेखश्च सूनृते ॥९१॥

(૧) મિથ્યોપદેશ—પારકાને પીડા થાય એવું બોલવું અથવા જેવું હોય તેવું ન કહેવું અથવા ભળતું જ સમજાવવું એ.

(૨) સહસાભ્યાખ્યાન—વગર વિચાર્યે કોઈના ઉપર દોષા-રોપણ કરવું તે.

(૩) ગુહ્યભાષણ—રાષ્ટ્રહિત કે સમાજહિતની પ્રકાશિત ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવા જેવી વાતોને પ્રકાશિત કરવી તે અથવા બે માણસો વચ્ચે પ્રીતિ ઘટે અને કલેશ થાય એ હેતુસર એકબીજાની ચાડી ખાવી તે.

(૪) વિશ્વસ્તમંત્રભેદ—પોતાના ઉપર વિશ્વાસ રાખતાં સ્ત્રી, મિત્ર વગેરેની આનગી વાતો ખુલ્લી કરી દેવી તે.

(૫) કૂટ લેખ—ખોટા દસ્તાવેજો કરવા અથવા દસ્તાવેજોના અક્ષરોમાં કે મહોરમાં ફેરફાર કરવો તે. (૯૧)

અસ્તેયવ્રતના અતિચારો

स्तेनानुज्ञा तदानीतादानं द्विड्राज्यलङ्घनम् ।
प्रतिरूपक्रिया मानान्यत्वं चास्तेयसंश्रिताः ॥९२॥

(૧) સ્તેનાનુજ્ઞા—ચોરને ચોરી કરવામાં પ્રેરણા આપવી અથવા ચોરી માટેનાં ઓજારો આપવાં કે વેચવાં તે.

(૨) તદાનીતઆદાન—ચોરે આણેલી વસ્તુ લેવી કે ખરીદવી તે.

(૩) દ્વિડ્રાજ્યલંઘન—બે રાજ્યોએ કરેલ દાણવ્યવસ્થાનો ભંગ કરવા દુશ્મન રાજ્યની હદ ઓળંગવી તે.

(૪) પ્રતિરૂપ ક્રિયા—સાચી વસ્તુ બતાવીને ખોટી બનાવટી વસ્તુ આપવી અથવા સારી વસ્તુ બતાવી નરસી વસ્તુ આપવી તે.

(૫) માનાન્યત્વ—ખોટાં તોલ-માપ દ્વારા વધુ લેવું અને ઓછું દેવું તે. (૯૨)

બ્રહ્મચર્યવ્રતના અતિચારો

इत्वरात्तागमोऽनात्तागतिरन्यविवाहनम् ।
मदनात्याग्रहोऽनङ्गक्रीडा च ब्रह्मणि स्मृताः ॥९३॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) ઇત્વરાત્તાગમ—થોડા વખત માટે ભાડે રાખેલી સ્ત્રી–વેશ્યા સાથેનું મૈથુનસેવન.

(૨) અનાત્તાગમ—વેશ્યા અથવા જેનો પતિ પરદેશ ગયો હોય તેવી સ્ત્રી અથવા કોઈ અનાથ સ્ત્રી અથવા કોઈ પુરુષના કબજામાં ન હોય એવી સ્ત્રી સાથે ગમન કરવું તે.

(૩) અન્યવિવાહન—પોતાની સંતતિ ઉપરાંત બીજાની સંતતિનાં લગ્ન કરાવવાં તે.

(૪) મદનઅત્યાગ્રહ—અન્ય સાંસારિક કર્તવ્યોના ભોગે સ્ત્રી સાથે વિવિધ પ્રકારે વારંવાર મૈથુનસેવન કર્યા કરવું તે.

(૫) અનંગક્રીડા—અસ્વાભાવિક રીતે સૃષ્ટિવિરુદ્ધ કામસેવન કરવું અથવા અન્ય સ્ત્રી, પુરુષ કે નપુંસક સાથે વિકારવર્ધક ચેષ્ટાઓ કરવી તે. (૯૩)

અપરિગ્રહવ્રતના અતિચારો

धनधान्यस्य कुप्यस्य गवादेः क्षेत्रवास्तुनः ।
हिरण्यहेम्नश्च संख्यातिक्रमोऽत्र परिग्रहे ॥९४॥

(૧) ધનધાન્યસંખ્યાતિક્રમ—ધનધાન્યની જે મર્યાદા કરી હોય તેનું ઉલ્લંઘન કરવું તે.

(૨) કુપ્યસંખ્યાતિક્રમ—સોના–ચાંદીની વસ્તુઓ સિવાયની બધી ઘરવખરીની મર્યાદાનું ઉલ્લંઘન કરવું તે.

(૩) ગવાદિસંખ્યાતિક્રમ—ગાય, ભેંસ, બળદ, ઘોડા વગેરે ચોપગાં; હંસ, બતક, મોર, પોપટ વગેરે બે પગાં પ્રાણીઓની તથા નોકર–ચાકરોની મર્યાદાનું ઉલ્લંઘન કરવું તે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) ક્ષેત્રવાસ્તુસંખ્યાતિક્રમ—ખેડવા લાયક જમીન અને રહેવા લાયક વાસ્તુ–ઘર એ બેયનું પ્રમાણ નક્કી કર્યા પછી તેમનું ઉલ્લંઘન કરવું તે.

(૫) હિરણ્યહેમસંખ્યાતિક્રમ—ઘડેલ કે નહિ ઘડેલ ચાંદી–સોનાના પ્રમાણની જે મર્યાદા કરી હોય તેને ઉલ્લંઘવી તે. (૯૪)

बन्धनाद् भावतो गर्भाद्योजनाद्दानतस्तथा ।
प्रतिपन्नव्रतस्यैष पञ्चधाऽपि न युज्यते ॥९५॥

વ્રતધારી ગૃહસ્થે નીચેના પાંચ પ્રકારે થતું મર્યાદાનું ઉલ્લંઘન કરવું વાજબી નથી—

(૧) બંધનથી—ધનધાન્યની મર્યાદા કર્યા પછી જ્યારે બીજો કોઈ ધનધાન્ય દેવા આવ્યો હોય ત્યારે તેને એવું કહે કે હું અમુક વખત પછી લઈશ, અથવા મારું અમુક ધનધાન્ય વેચાયા પછી લઈશ, અથવા લઈને ઘરમાં જુદું બાંધી રાખે તો તેમ કર્યે પ્રમાણનું ઉલ્લંઘન કર્યું કહેવાય.

(૨) ભાવથી—ઘરવખરીની સંખ્યાનું પ્રમાણ બરાબર થઈ ગયા પછી વાસણ, ગાદલાંગોદડાં, ખાટલાપાટલા કે એવું જ બીજું કાંઈ નવું આવ્યું હોય તો બબે ચીજો ભેગી કરીને સંખ્યાનું પ્રમાણ ન ઉલ્લંઘવા દે તો તે ભાવથી સંખ્યાનું ઉલ્લંઘન કર્યું કહેવાય.

(૩) ગર્ભથી—ગાયો–ભેંસોનું પ્રમાણ કર્યા પછી વર્ષ દરમ્યાન ગર્ભ ધારણ કરવાને કારણે સંખ્યા વધે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છતાં તે ગર્ભને ધ્યાનમાં ન લે તો ગર્ભથી પ્રમાણનું ઉલ્લંઘન કર્યું કહેવાય.

(૪) યોજનથી—અમુક ઘર અને અમુક ખેતરની સંખ્યા નક્કી કરી હોય, પણ પાછળથી કોઈ ઘર કે ખેતર સાથે બીજા ઘર કે ખેતરનું જોડાણ કરી દઈ એક કરી લેવું તે રીતે પણ પ્રમાણાતિક્રમનો અતિચાર સેવ્યો કહેવાય. (૯૫)

(૫) દાનથી—એક ચાતુર્માસ માટે કોઈએ સોના–ચાંદીની મર્યાદા કરી હોય, પછી તેને રાજા તરફથી વા અન્ય કારણે મર્યાદાના પ્રમાણથી અધિક મળે ત્યારે 'વ્રત પૂરું થયે પાછું લઈશ' એમ કહી બીજાને સાચવવા આપે તો મર્યાદાનું તે રીતે ઉલ્લંઘન કર્યું કહેવાય.

દિગ્‌વિરતિવ્રતના અતિચારો

स्मृत्यन्तर्धानमूर्ध्वाधस्तिर्यग्भागव्यतिक्रमः ।
क्षेत्रवृद्धिश्च पञ्चेति स्मृता दिग्विरतिव्रते ॥९६॥

(૧) સ્મૃત્યંતર્ધાન—દિશાઓમાં જવા માટે કરેલ મર્યાદાને વ્યાકુળતા, પ્રમાદ, મતિમંદતા વગેરે કારણે ભૂલી જવી તે.

(૨-૩-૪) ઊર્ધ્વાધસ્તિર્યગ્‌ભાગવ્યતિક્રમ—ઊંચે જવાની, નીચે જવાની અને તિરછા જવાની જે મર્યાદા બાંધી હોય તેને એકાળજીથી ઓળંગી જવી તે.

(૫) ક્ષેત્રવૃદ્ધિ—જરૂર પડે તેમ એક દિશાનું પ્રમાણ ઘટાડી બીજી દિશામાં વધારી દેવું તે. (૯૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભોગોપભોગમાનવ્રતના અતિચારો

सचित्तस्तेन संबद्धः संमिश्रोऽभिषवस्तथा ।
दुष्पक्वाहार इत्येते भोगोपभोगमानगाः ॥९७॥

(૧) સચિત્તાહાર—કંદમૂળ, ફળ વગેરે જીવવાળા પદાર્થોનો આહાર.

(૨) સચિત્તસંબદ્ધાહાર—ઠળિયા, ગોટલી વગેરે સચેતન પદાર્થોથી જોડાયેલાં બોર, કેરી વગેરે પાકાં ફળોનો આહાર.

(૩) અભિષવાહાર—કોઈ પણ પ્રકારના માદક દ્રવ્યનું સેવન કરવું અથવા ઘણા માદક દ્રવ્યોમાંથી ઉત્પન્ન થયેલ દારૂ વગેરે રસનું સેવન કરવું તે.

(૫) દુષ્પકવાહાર—અધકચરું રાંધેલું અથવા બરાબર ન રાંધેલું ખાવું તે. (૯૭)

['ભોગોપભોગ=એક વખત કે અનેક વખત ભોગવાય એવી ચીજો, એવાં સાધનો' એ સર્વસામાન્ય અર્થ ઉપરાંત જૈનોએ 'ભોગોપભોગ' શબ્દનો અર્થાંતર સ્વીકાર્યો છે અને તે એ છે કે 'તે વસ્તુઓ કે સાધનો મેળવવા માટેની પ્રવૃત્તિ;' માટે ભોગોપભોગમાનનો બીજો અર્થ થયો 'ભોગોપભોગનાં સાધનો માટેની પ્રવૃત્તિની મર્યાદા.' તેથી આ વ્રતના આ બીજા અર્થની અપેક્ષાએ પંદર અતિચારો છે. તેમને આચાર્ય આ પ્રમાણે જણાવે છે—]

૧૫. કર્માદાન-અતિચારો

अमी भोजनतस्त्याज्याः कर्मतः खरकर्म तु ।
तस्मिन् पञ्चदशमलान् कर्मादानानि संत्यजेत् ॥९८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર્યુક્ત પાંચ અતિચારો ભોજનની અપેક્ષાએ તજવાના છે, તથા કર્મની અપેક્ષાએ કઠોર–પ્રાણિબાધક કર્મ (તજવાનાં છે.) તેથી પ્રાણિબાધક કર્મની મર્યાદારૂપ ભોગોપભોગમાન વ્રતના 'કર્માદાન' સંજ્ઞાથી પ્રસિદ્ધ પંદર અતિચારો તજવાના છે. (૯૮)

अङ्गारवनशकटभाटकस्फोटजीविका ।
दन्तलाक्षारसकेशविषवाणिज्यकानि च ॥९९॥
यन्त्रपीडा निर्लाञ्छनमसतीपोषणं तथा ।
दवदानं सरःशोष इति पञ्चदश त्यजेत् ॥१००॥

તે પંદર કર્માદાનો આ પ્રમાણે છે—

(૧) અંગારજીવિકા, (૨) વનજીવિકા, (૩) શકટજીવિકા, (૪) ભાટકજીવિકા, (૫) સ્ફોટકજીવિકા; (૬) દંતવાણિજ્ય, (૭) લાક્ષાવાણિજ્ય, (૮) રસવાણિજ્ય, (૯) કેશવાણિજ્ય, (૧૦) વિષવાણિજ્ય; (૧૧) યંત્રપીડાકર્મ, (૧૨) નિર્લાંછનકર્મ, (૧૩) અસતીપોષણ, (૧૪) દવદાન, (૧૫) સરઃશોષ. (૯૯–૧૦૦)

अङ्गारभ्राष्ट्रकरणं कुम्भायःस्वर्णकारिता ।
ठठारत्वेष्टकापाकाविति ह्यङ्गारजीविका ॥१०१॥

(૧) અંગારજીવિકા—(લાકડાં બાળી) કોલસા પાડવાના, (ચણા, ચોખા, ઘઉં, જુવાર વગેરે પ્રકારના અનાજને) શેકનાર ભઠિયારાના, કુંભારના, લુહારના, સોનીના, કંસારાના અને ઈંટો પકવવાના ધંધા દ્વારા આજીવિકા ચલાવવી તે. (૧૦૧)

छिन्नाच्छिन्नवनपत्रमसूनफलविक्रयः ।
कणानां दलनात् पेषाद् वृत्तिश्च वनजीविका ॥१०२॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) વનજીવિકા—છેદેલા કે નહિ છેદેલા વનનાં પાંદડાં, ફૂલ, ફળ વગેરે વેચી તથા કણ–અનાજને દળી–ભરડીને આજીવિકા ચલાવવી તે. (૧૦૨)

शकटानां तदङ्गानां घटनं खेटनं तथा ।
विक्रयश्चेति शकटजीविका परिकीर्तिता ॥१०३॥

(૩) શકટજીવિકા—ગાડાં અને તેમના વિભાગોને બનાવવાં, બનાવરાવવાં, તેમને ભાડે ફેરવવાં તથા વેચવાં એ શકટજીવિકા કહેવાય છે. (૧૦૩)

शकटोक्षलुलायोष्ट्रखराश्वतरवाजिनाम् ।
भारस्य वहनाद् वृत्तिर्भवेद्भाटकजीविका ॥१०४॥

(૪) ભાટકજીવિકા—ગાડાં, ઉક્ષન્–બળદ,લુલાય–પાડા, ઊંટ, ગધેડાં, ખચ્ચર અને ઘોડા વગેરેને ભાડે ફેરવવાથી જે જીવિકા મળે તે. (૧૦૪)

सरःकूपादिखननशिलाकुट्टनकर्मभिः ।
पृथिव्यारम्भसम्भूतैर्जीवनं स्फोटजीविका ॥१०५॥

(૫) સ્ફોટક જીવિકા—તળાવ, કૂવા વગેરે ખોદવાં, પથ્થર ફોડવા (વગેરે) પૃથ્વીઘાતક કર્મો વડે જીવિકા ચલાવવી તે. (૧૦૫)

दन्तकेशनखास्थित्वग्रोम्णो ग्रहणमाकरे ।
त्रसाङ्गस्य वणिज्यार्थं दन्तवाणिज्यमुच्यते ॥१०६॥

(૬) દંતવાણિજ્ય—(હાથી વગેરેનાં) દાંત, (ચમરી ગાય વગેરેનાં) કેશ, (ઘુવડ વગેરેનાં) નખ, શંખ વગેરેનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાડકાં, (વાઘ વગેરેનાં) ચામડાં, (હંસ વગેરેનાં) રોમ ઇત્યાદિ જંગમ પ્રાણીઓનાં અંગોને તેમની ઉત્પત્તિના સ્થાને જઈ ગ્રહણ કરાવી વેપાર કરવો તે. (૧૦૬)

लाक्षामनःशिलानीलीधातकीटङ्कणादिनः ।
विक्रयः पापसदनं लाक्षावाणिज्यमुच्यते ॥१०७॥

(૭) લાક્ષાવાણિજ્ય—લાખ, મનઃશિલ (એક જાતનો પોટાસ), ગળી, ધાતકી વૃક્ષ (એની છાલ, ફૂલ વગેરેમાંથી દારૂ ગળાય છે), ટંકણખાર વગેરેનો પાપકારી વ્યાપાર કરવો તે. (૧૦૭)

नवनीतवसाक्षौद्रमद्यप्रभृतिविक्रयः ।
द्विपाच्चतुष्पाद्विक्रयो वाणिज्यं रसकेशयोः ॥१०८॥

(૮) રસવાણિજ્ય—માખણ, વસા–ચરબી, ક્ષૌદ્ર–મધ, મદિરા વગેરેનો વેપાર.

(૯) કેશવાણિજ્ય—બેપગાં, ચોપગાં વગેરે જીવતાં પ્રાણીઓનો વેપાર. (૧૦૮)

विषास्त्रहलयन्त्रायोहरितालादिवस्तुनः ।
विक्रयो जीवितघ्नस्य विषवाणिज्यमुच्यते ॥१०९॥

(૧૦) વિષવાણિજ્ય—વિષ, હથિયાર, હળ, (રેંટ વગેરે) યંત્ર, (કોશ, કોદાળી વગેરે) લોઢાનાં ઓજાર, હરતાળ વગેરે જીવવિઘાતક વસ્તુઓનો વેપાર. (૧૦૯)

तिलेक्षुसर्षपैरण्डजलयन्त्रादिपीडनम् ।
दलतैलस्य च कृतिर्यन्त्रपीडा प्रकीर्तिता ॥११०॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૧) યંત્રપીડાકર્મ—તલ, શેરડી, સરસવ, એરંડી આદિને ઘાણી, કોલુ વગેરે યંત્રોમાં પીલવાં તથા યંત્રોને બનાવવાં તે. (૧૧૦)

नासावेधोऽङ्कनं मुष्कच्छेदनं पृष्ठगालनम् ।
कर्णकम्बलविच्छेदो निर्लाञ्छनमुदीरितम् ॥१११॥

(૧૨) નિર્લાંછન કર્મ—(બળદ, પાડા વગેરેનાં) નાક વીંધવાં, (ગાય, ઘોડા વગેરેને) આંકવાં, (આખલા, ઘોડા વગેરેને) ખસી કરવા, (ઊંટ વગેરેની) પીઠ ગાળવી, (ગાય વગેરેનાં) કાન, ધાબળી વગેરેને કાપવાં (આ બધી સતત પ્રવૃત્તિથી જીવિકા ચલાવવી) તે. (૧૧૧)

सारिकाशुकमार्जारश्वकुर्कुटकलापिनाम् ।
पोषो दास्याश्च वित्तार्थमसतीपोषणं विदुः ॥११२॥

(૧૩) અસતીપોષણ—સારિકા, પોપટ, બિલાડાં, કૂતરાં, કૂકડાં, મોર વગેરેને પોષવાં તથા (વ્યભિચાર દ્વારા આવક માટે) દાસી વગેરે પોષવાં તે. (૧૧૨)

व्यसनात् पुण्यबुद्ध्या वा दवदानं भवेद् द्विधा ।
सरःशोषः सरःसिन्धुह्रदादेरम्बुसंप्लवः ॥११३॥

(૧૪) દવદાન—નિરર્થક ટેવ ખાતર અથવા પુણ્યબુદ્ધિએ એમ બે પ્રકારે દવ સળગાવવા તે.

(૧૫) સરઃશોષ—સરોવર, નદી, તળાવ વગેરેમાંથી પાણી કાઢી નાખવું તે. (૧૧૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનર્થદંડવિરમણવ્રતના અતિચારો

संयुक्ताधिकरणत्वमुपभोगातिरिक्तता ।
मौखर्यमथ कौत्कुच्यं कन्दर्पोऽनर्थदण्डगाः ॥११४॥

'અનર્થદંડવિરતિ' નામના ત્રીજા ગુણવ્રતના આ પાંચ અતિચારો છે—

(૧) સંયુક્તાધિકરણત્વ—હિંસાનાં સાધનો સંયુક્ત રાખવાં તે; અર્થાત્ ખાંડણિયો અને સાંબેલું, ગાડું અને ધોંસરું, કોશ અને હળ, ધનુષ્ય અને બાણ—એ બધાં હિંસાનાં સાધનો ભેગાં રાખવાં.

(૨) ઉપભોગાતિરિક્તતા—ભોગોપભોગની વસ્તુઓને પોતા માટે આવશ્યક હોય તે કરતાં વધારે રાખવી.

(૩) મૌખર્ય—નિર્લજ્જપણે સંબંધ વિનાનું વગર વિચાર્યું જેમ તેમ બકવા કરવું.

(૪) કૌત્કુચ્ય—ભાંડ જેવી શારીરિક કુચેષ્ટાઓ કરવી કે જેથી બીજા આપણી ઉપર હસે.

(૫) કંદર્પ—કામ; પણ અહીં કામહેતુક અથવા કામ-પ્રધાન વાક્પ્રયોગ. (૧૧૪)

સામાયિકવ્રતના અતિચારો

कायवाङ्मनसां दुष्टप्रणिधानमनादरः ।
स्मृत्यनुपस्थापनं च स्मृताः सामायिकव्रते ॥११५॥

સામાયિકવ્રતમાં નીચેના પાંચ અતિચારો છે:

(૧) કાયદુષ્પ્રણિધાન—હાથ, પગ વગેરે અંગોનું નકામું અને ખોટી રીતે સંચાલન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) વાગ્દુષ્પ્રણિધાન—શબ્દસંસ્કાર વિનાની, અર્થ વિનાની તેમ જ હાનિકારક ભાષા બોલવી તે.

(૩) મનોદુષ્પ્રણિધાન—ક્રોધ, દ્રોહ વગેરે વિકારોને વશ થઈ ચિંતનાદિ મનોવ્યાપાર કરવો તે.

(૪) અનાદર—અનુત્સાહ અર્થાત્ સામાયિકનો વખત થયા છતાં પ્રવૃત્ત ન થવું અથવા તો જેમ તેમ પ્રવૃત્તિ કરવી.

(૫) સ્મૃત્યનુપસ્થાપન—એકાગ્રતાનો અભાવ અર્થાત્ કરેલ અથવા કરવાના સામાયિકનું વિસ્મરણ. (૧૧૫)

દેશાવકાશિકવ્રતના અતિચારો

પ્રેષ્યપ્રયોગાનયને પુદ્ગલક્ષેપણં તથા ।
શબ્દરૂપાનુપાતૌ ચ વ્રતે દેશાવકાશિકે ॥૧૧૬॥

દેશાવકાશિક નામના બીજા શિક્ષાવ્રતના અતિચારો આ પ્રમાણે છે—

(૧) પ્રેષ્યપ્રયોગ—વ્રતધારકે જેટલા પ્રદેશની મર્યાદા કરી હોય તેથી બહાર કામ પડે ત્યારે પોતે ન જતાં નોકરાદિને મોકલી ત્યાં બેઠાં કામ કરાવવું તે.

(૨) આનયન—પોતે કરેલ ક્ષેત્રમર્યાદાની બહારથી કોઈ વસ્તુની જરૂર પડે ત્યારે પોતે ન જતાં નોકરાદિ દ્વારા તે મંગાવવી તે.

(૩) પુદ્ગલક્ષેપણ—મર્યાદિત ક્ષેત્રની બહાર હોય તેને પોતાની નજીક આવવા સૂચના કરવા માટે કાંકરી, ઢેકું વગેરે ફેંકવું તે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) શબ્દાનુપાત—મર્યાદા બહારના કોઈને નજીક બોલાવવા માટે સાવધાન કરવા ખાંસી, ઠસકું આદિ શબ્દ કરવા તે.

(૫) રૂપાનુપાત–નક્કી કરેલ હદ બહારના કોઈને નજીક આવવાની સૂચના કરવા કાંઈ પણ શબ્દ કર્યા વિના માત્ર આકૃતિ આદિ બતાવવી તે. (૧૧૬)

પોષધવ્રતના અતિચારો

उत्सर्गादानसंस्तारानवेक्ष्याप्रमृज्य च ।
अनादरः स्मृत्यनुपस्थापनं चेति पोषधे ॥११७॥

પોષધવ્રતના પાંચ અતિચારો—

(૧) અનવેક્ષિતઅપ્રમાર્જિતઉત્સર્ગ—જીવજંતુ છે કે નહિ એ આંખે જોયા વિનાના અને રજોહરણાદિ કોમળ સાધન દ્વારા સાફ કરાયા વિનાના સ્થાને મળ, મૂત્ર વગેરેને ત્યાગવાં તે.

(૨) અનવેક્ષિતઅપ્રમાર્જિતઆદાન—એ જ પ્રમાણે જોયા અને સાફ કરાયા વિનાની બાજઠ, લાકડી વગેરે ચીજો લેવી–મૂકવી તે.

(૩) અનવેક્ષિતઅપ્રમાર્જિતસંસ્તાર—એ જ રીતે જોયા કે સાફ કરાયા વિનાનું બિછાનું પાથરવું કે આસન નાખવું તે.

(૪) અનાદર—પોષધમાં ઉત્સાહ વિના પ્રવૃત્તિ કરવી તે.

(૫) સ્મૃત્યનુપસ્થાપન—એકાગ્રતાનો અભાવ, એટલે કે પોષધવ્રત લીધું છે કે નહિ, કરવું કે નહિ, કયારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને કેમ લેવું વા ન લેવું વગેરેનું સ્મરણ ન રહેવું તે. (૧૧૭)

અતિથિસંવિભાગવ્રતના અતિચારો

सचित्तक्षेपणं तेन पिधानं कालल्ङ्घनम् ।
मत्सरोऽन्यापदेशश्च तुर्यशिक्षाव्रते स्मृताः ॥११८॥

'અતિથિસંવિભાગ' નામના ચોથા શિક્ષાવ્રતના અતિચારો આ પ્રમાણે કહેવાયા છે—

(૧) સચિત્તક્ષેપણ—સાધુને નહિ દેવાની બુદ્ધિએ દેવાયોગ્ય ખાનપાનની વસ્તુને કોઈ સચેતન વસ્તુમાં મૂકવી તે.

(૨) સચિત્તપિધાન—તેવી જ બુદ્ધિથી દેવાયોગ્ય વસ્તુને સચેતન વસ્તુથી ઢાંકવી તે.

(૩) કાલલંઘન—સાધુને કાંઈ આપવું ન પડે એ આશયથી ભિક્ષાનો સમય વીત્યે કે ભિક્ષા સમય પહેલાં જ ખાઈ-પી લેવું તે.

(૪) મત્સર—દાન કરવા છતાં આદર ન રાખવો અગર બીજાના દાનગુણની અદેખાઈ કરવા પ્રેરાવું તે.

(૫) અન્યાપદેશ—સાધુને અમુક વસ્તુ નહિ દેવાની બુદ્ધિએ તે બીજાની છે એમ કહેવું તે. (૧૧૮)

મહાશ્રાવકની દિનચર્યા

एवं व्रतस्थितो भक्त्या सप्तक्षेत्र्यां धनं वपन् ।
दयया चातिदीनेषु महाश्रावक उच्यते ॥११९॥

ઉપર પ્રમાણેનાં બાર વ્રતોમાં સ્થિર થયેલ, (જિનમૂર્તિ, જિનમંદિર, જિનશાસ્ત્ર, જૈન સાધુ, સાધ્વી, શ્રાવક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને શ્રાવિકા રૂપ) સાત ક્ષેત્રોમાં ભક્તિપૂર્વક તેમ જ અતિ દીન જનોમાં પ્રેમપૂર્વક પોતાનું ધન વાવનાર શ્રાવક મહાશ્રાવક કહેવાય છે. (૧૧૯)

यः सद् बाह्यमनित्यं च क्षेत्रेषु न धनं वपेत् ।
कथं वराकश्चारित्रं दुश्चरं स समाचरेत् ॥१२०॥

જે પામર પુરુષ (પોતાના શરીરથી) ભિન્ન અને અનિત્ય એવા ધનને પોતાની પાસે હોવા છતાં પણ યોગ્ય સ્થાનોમાં વાપરતો નથી, તે (સર્વસંગત્યાગરૂપી બીજું) દુશ્ચર ચારિત્ર કેમ કરીને આચરી શકે ? (૧૨૦)

પ્રાતઃકાળ

ब्राह्मे मुहूर्त्त उत्तिष्ठेद् परमेष्ठिस्तुतिं पठन् ।
किंधर्मा किंकुलश्चास्मि किंव्रतोऽस्मीति च स्मरन् ॥१२१॥
शुचिः पुष्पामिषस्तोत्रैर्देवमभ्यर्च्य वेश्मनि ।
प्रत्याख्यानं यथाशक्ति कृत्वा देवगृहं व्रजेत् ॥१२२॥
प्रविश्य विधिना तत्र त्रिः प्रदक्षिणयेज्जिनम् ।
पुष्पादिभिस्तमभ्यर्च्य स्तवनैरुत्तमैः स्तुयात् ॥१२३॥

મહાશ્રાવકે બ્રાહ્મ[1] મુહૂર્ત્તમાં ઊઠવું, પછી અરિહંત સિદ્ધાદિ પાંચ પરમેષ્ઠીઓની સ્તુતિ કરવી તથા મારો કયો ધર્મ છે, મારું કુળ કયું છે અને મારાં વ્રતો કયાં છે એ યાદ કરી જવું. (ત્યારબાદ શૌચ, દાતણ, સ્નાનાદિથી) પવિત્ર થયેલ તેણે પોતાના ઘરમાં જ અરિહંત ભગવાનની પુષ્પ

૧. રાતનાં ૧૫ મુહૂર્ત હોય છે. તેમાંનું ૧૪મું મુહૂર્ત બ્રાહ્મ કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નૈવેદ્ય તથા સ્તોત્રો વડે પૂજા કરી તથા યથાશક્તિ (આહારાદિનો) ત્યાગ કરી, દેવમંદિરમાં જવું. તેમાં વિધિસર પ્રવેશ કરી જિન ભગવાનની ત્રણ વાર પ્રદક્ષિણા કરવી; (પછી) પુષ્પ વગેરે દ્વારા તેમનાં પૂજા–સત્કાર કરી ઉત્તમ સ્તવનો વડે સ્તુતિ કરવી. (૧૨૧–૧૨૨–૧૨૩)

ततो गुरूणामभ्यर्णे प्रतिपत्तिपुरःसरम् ।
विदधीत विशुद्धात्मा प्रत्याख्यानप्रकाशनम् ॥१२४॥

ત્યારબાદ વિશુદ્ધાત્મા મહાશ્રાવકે (દેવવંદન અર્થે આવેલા કે ધર્મકથાદિ કહેવા માટે ત્યાં જ રહેલા) ગુરુઓની સમીપમાં (જઈ) તેમને પ્રતિપત્તિ–વિનયપૂર્વક પોતે કરેલ આહારાદિનો ત્યાગ કહી સંભળાવવો. (૧૨૪)

अभ्युत्थानं तदालोकेऽभियानं च तदागमे ।
शिरस्यञ्जलिसंश्लेषः स्वयमासनढौकनम् ॥१२५॥
आसनाभिग्रहो भक्त्या वन्दना पर्युपासनम् ।
तद्यानेऽनुगमश्चेति प्रतिपत्तिरियं गुरोः ॥१२६॥

ગુરુને દેખતાં જ ઊભા થઈ જવું, તેઓ આવે ત્યારે સામા જવું, માથે હાથ જોડવા, પોતાની જાતે જ તેમને આસન લાવી આપવું, તેમના બેઠા પછી પોતે બેસવું, ભક્તિપૂર્વક વંદન કરવું, તેમની સેવાશુશ્રૂષા કરવી, તેમ જ તેઓ પાછા જાય ત્યારે તેમની પાછળ પાછળ (થોડે સુધી) જવું—આ (ગુરુવંદનાદિ ઉપચાર વિનયરૂપ) ગુરુપ્રતિપત્તિ કહેવાય છે. (૧૨૫–૧૨૬)

ततः प्रतिनिवृत्तः सन् स्थानं गत्वा यथोचितम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सुधीर्धर्माविरोधेन विदधीतार्थचिन्तनम् ॥१२७॥

દેવવંદનાદિ ક્રિયાથી નિવૃત્ત થયેલ સુજ્ઞ શ્રાવક પોતપોતાના ધંધાને સ્થાને જઈ ધર્મથી અવિરુદ્ધ રીતે અર્થોપાર્જન માટે પ્રવૃત્તિ કરે. (૧૨૭)

ततो माध्याह्निकीं पूजां कुर्यात् कृत्वा च भोजनम् ।
तद्विद्भिः सह शास्त्रार्थरहस्यानि विचारयेत् ॥१२८॥

ત્યારબાદ મધ્યાહ્નકાળની પૂજા કરવી, પછી ભોજન કરવું અને ભોજન બાદ વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થનાં રહસ્યોનો વિચાર કરવો. (૧૨૮)

સંધ્યાસમય

ततश्च सन्ध्यासमये कृत्वा देवार्चनं पुनः ।
कृतावश्यककर्मा च कुर्यात् स्वाध्यायमुत्तमम् ॥१२९॥

ત્યારબાદ સંધ્યાકાળ થતાં ફરીને (ત્રીજી વાર) દેવપૂજા કરી (સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન એ છ) આવશ્યક–અવશ્ય કરવા યોગ્ય કાર્યો–કરે અને પછી ઉત્તમ સ્વાધ્યાય કરે. (૧૨૯)

न्याय्ये काले ततो देवगुरुस्मृतिपवित्रितः ।
निद्रामल्पामुपासीत प्रायेणाब्रह्मवर्जकः ॥१३०॥

ત્યારબાદ દેવગુરુના સ્મરણથી પવિત્ર બનેલો, મોટે ભાગે મૈથુનનો ત્યાગ કરનાર શ્રાવક થોડી ઊંઘ કરે. (૧૩૦)

પ્રાતઃભાવના

निद्राच्छेदे योषिदङ्गसतत्वं परिचिन्तयेत् ।
स्थूलभद्रादिसाधूनां तन्निवृत्तिं परामृशन् ॥१३१॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(તથા) નિદ્રા પૂરી થતાં જ (વિષયોથી મનને વિમુખ કરવા) સ્થૂલભદ્ર વગેરે સાધુઓએ સ્ત્રીશરીરથી કેવી નિવૃત્તિ લીધી તેનો વિચાર કરતો તે સ્ત્રીશરીરના સ્વરૂપનું ચિંતવન કરે. (૧૩૧)

यकृच्छकृन्मलश्लेष्ममज्जास्थिपरिपूरिताः ।
स्नायुस्यूता बही रम्याः स्त्रियश्चर्म्मप्रसेविका ॥१३२॥

સ્ત્રીઓ (અંદરથી) યકૃત્-માંસપિંડ, શકૃત્-વિષ્ઠા, મૈલ, કફ, મજ્જા, હાડકાં વગેરેથી ભરપૂર છે, છતાં (ઉપર) સ્નાયુથી બદ્ધ છે તેથી ચામડાની ધમણની માફક (અંદરથી ગંદી અને) બહારથી સુરમ્ય છે. (૧૩૨)

बहिरन्तर्विपर्यासः स्त्रीशरीरस्य चेद् भवेत् ।
तस्यैव कामुकः कुर्याद् गृध्रगोमायुगोपनम् ॥१३३॥

સ્ત્રીશરીરનો અંદરનો ભાગ બહાર આવે અને બહારનો અંદર જાય તો તે જ શરીરને ભોગવવા ઇચ્છનાર પુરુષનાં રાતદિવસ ગીધડાં અને શિયાળિયાં વગેરેથી તેનું રક્ષણ કરવામાં જ જાય. (૧૩૩)

स्त्रीशस्त्रेणापि चेत् कामो जगदेतज्जिगीषति ।
तुच्छपिच्छमयं शस्त्रं किं नादत्ते स मूढधीः ? ॥१३४॥

જો મૂઢમતિ કામદેવ સ્ત્રીશરીરરૂપી (ગંદા) શસ્ત્ર દ્વારા આ જગત્ જીતવા ઇચ્છે છે, તો તે (એકાદ) તુચ્છ પીંછું જ શસ્ત્રરૂપે કેમ નથી સ્વીકારતો ? (૧૩૪)

सङ्कल्पयोनिनानेन हहा ! विश्वं विडम्बितम् ।
तदुत्खनामि सङ्कल्पं मूलमस्येति चिन्तयेत् ॥१३५॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરે ! સંકલ્પજન્મા આ કામદેવે તો સમસ્ત સંસારને હેરાન હેરાન કેરી મૂક્યો છે ! તેથી તેના જન્મસ્થાન સંકલ્પને જ હું ઉખેડી નાખું. (૧૩૫)

यो यः स्याद्बोधको दोषस्तस्य तस्य प्रतिक्रियाम् ।
चिन्तयेद् दोषमुक्तेषु प्रमोदं यतिषु व्रजन् ॥१३६॥

(વળી મહાશ્રાવક) દોષમુક્ત સાધુઓ પ્રત્યે પ્રેમભાવ રાખીને પોતામાં જે જે બાધક દોષો હોય તેમનાથી ઊલટા ગુણોનું ચિંતવન કરે. (૧૩૬)

दुःस्थां भवस्थितिं स्थेम्ना सर्वजीवेषु चिन्तयन् ।
निसर्गसुखसर्गं तेष्वपवर्गं विमार्गयेत् ॥१३७॥

વળી, સર્વે જીવોની સંસારઅવસ્થા દુઃખમૂલક છે એમ શાંત ચિત્તે વિચાર કરતો કરતો શ્રાવક એવી અભિલાષા કરે કે બધા જીવો સ્વાભાવિક સુખયુક્ત મોક્ષને મેળવે. (૧૩૭)

संसर्गेऽप्युपसर्गाणां दृढव्रतपरायणाः ।
धन्यास्ते कामदेवाद्याः श्लाघ्यास्तीर्थकृतामपि ॥१३८॥

(ત્યારબાદ) ઘણા ઉપદ્રવો આવી પડવા છતાં પોતાના વ્રતોમાં દૃઢ રહેનાર અને તેથી પ્રભુની પણ પ્રશંસા પામનાર કામદેવાદિ શ્રાવકો ખરેખર, ધન્ય છે. (૧૩૮)

जिनो देवः कृपा धर्मो गुरवो यत्र साधवः ।
श्रावकत्वाय कस्तस्मै न श्लाघेताविमूढधीः ? ॥१३९॥

જેનો દેવ (રાગદ્વેષાદિનો જીતનાર) જિન છે, જેનો ધર્મ દયારૂપ છે અને જેના ગુરુઓ (પાંચ મહાવ્રતધારી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુઓ છે તેવા શ્રાવકપણાની કયો ડાહ્યો માણસ પ્રશંસા ન કરે ? (૧૩૯)

શ્રાવકના મનોરથો

जिनधर्मविनिर्मुक्तो मा भूवं चक्रवर्त्यपि ।
स्यां चेटोऽपि दरिद्रोऽपि जिनधर्माधिवासितः ॥१४०॥

અરે ! હું જૈનધર્મનો ઉપાસક (રહેવા) દાસ કે ગરીબ માણસ તરીકે રહું, પરંતુ જૈનધર્મ વિનાનો ચક્રવર્તી પણ હું ન બનું. (૧૪૦)

त्यक्तसङ्गो जीर्णवासा मलक्लिन्नकलेवरः ।
भजन् माधुकरीं वृत्तिं मुनिचर्यां कदाश्रये ? ॥१४१॥

હું સાધુઓની રહેણીકરણીને કયારે આચરી શકીશ કે જેમાં હું બધા સંબંધોનો તજનાર, ફાટયાંતૂટયાં કપડાંનો પહેરનાર, મેલયુક્ત શરીરનો ધારણ કરનાર તથા માધુકરી વૃત્તિથી જીવનનિર્વાહ કરનાર બનું ? (૧૪૧)

त्यजन् दुःशीलसंसर्गं गुरुपादरजः स्पृशन् ।
कदाऽहं योगमभ्यस्यन् प्रभवेयं भवच्छिदे ? ॥१४२॥

દુઃશીલ પુરુષોનો સંસર્ગ ત્યજી, ગુરુચરણોની રજમાં રહી, યોગનો અભ્યાસ કરી આ સંસારનો છેદ કરવા હું કયારે સમર્થ બનીશ ? (૧૪૨)

महानिशायां प्रकृते कायोत्सर्गे पुराद्बहिः ।
स्तम्भवत् स्कन्धकषणं वृषाः कुर्युः कदा मयि ? ॥१४३॥

ગાઢ રાત્રિમાં (મેં) ગામબહાર કાયોત્સર્ગ કીધો હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે બળદ વગેરે પોતાની ગરદન, થાંભલાની સાથે ઘસે તેમ, મારી સાથે કયારે ઘસશે ? (૧૪૩)

वने पद्मासनासीनं क्रोडस्थितमृगार्भकम् ।
कदाऽऽघ्रास्यन्ति वक्त्रे मां जरन्तो मृगयूथपाः ? ॥१४४॥

વનમાં પદ્માસન વાળીને બેઠો હોઉં અને બોળામાં મૃગનાં બચ્ચાં આવીને બેઠાં હોય તે વખતે વૃદ્ધ મૃગપતિઓ (જેઓ બીજાનો ઓછામાં ઓછો વિશ્વાસ રાખનારા હોય છે તેઓ પણ) મારા મોઢાને કયારે સૂંઘશે ? (૧૪૪)

शत्रौ मित्रे तृणे स्त्रैणे स्वर्णेऽश्मनि मणौ मृदि ।
मोक्षे भवे भविष्यामि निर्विशेषमतिः कदा ? ॥१४५॥

શત્રુ, મિત્ર, તૃણ, સ્ત્રીસમૂહ, સુવર્ણ, પથ્થર, મણિ, માટી, મોક્ષ, સંસાર—એ બધાં ઉપર હું સમબુદ્ધિવાળો કયારે બનીશ ? (૧૪૫)

अधिरोढुं गुणश्रेणिं निःश्रेणीं मुक्तिवेश्मनः ।
परानन्दलताकन्दान् कुर्यादिति मनोरथान् ॥१४६॥

આ પ્રમાણે પરમ આનંદના કંદરૂપ-મૂળરૂપ મનોરથોને, (શ્રાવકે) મુક્તિરૂપી નિસરણી સમી ગુણસ્થાનોની પંક્તિ ઉપર ચઢવા સારુ, સેવવા. (૧૪૬)

इत्याहोरात्रिकीं चर्यामप्रमत्तः समाचरन् ।
यथावदुक्तवृत्तस्थो गृहस्थोऽपि विशुध्यति ॥१४७॥

આ પ્રમાણે દિવસ-રાતની ચર્યાને અપ્રમાદીપણે આચરનાર તથા શાસ્ત્રોમાં કહેલી પ્રતિમાઓ રૂપી સદ્વર્તનને સદ્વિધિપૂર્વક સેવનાર ગૃહસ્થ પણ પાપનો ક્ષય કરી શકે છે. (૧૪૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંલેખના

सोऽथावश्यकयोगानां भङ्गे मृत्योरथागमे ।
कृत्वा संलेखनामादौ प्रतिपद्य च संयमम् ॥१४८॥
जन्मदीक्षाज्ञानमोक्षस्थानेषु श्रीमदर्हताम् ।
तदभावे गृहेऽरण्ये स्थण्डिले जन्तुवर्जिते ॥१४९॥
त्यक्त्वा चतुर्विधाहारं नमस्कारपरायणः ।
आराधनां विधायोच्चैश्चतुःशरणमाश्रितः ॥१५०॥
इहलोके परलोके जीविते मरणे तथा ।
त्यक्त्वाशंसां निदानं च समाधिसुधयोक्षितः ॥१५१॥
परीषहोपसर्गेभ्यो निर्भीको जिनभक्तिभाक् ।
प्रतिपद्येत मरणमानन्दः श्रावको यथा ॥१५२॥

પછી જ્યારે તે શ્રાવક આવશ્યક કર્મો કરવાને અસમર્થ થઈ જાય, અથવા (તેનું) મરણ સમીપ આવી પહોંચે ત્યારે તેણે તીર્થંકરોના જન્મસ્થાને, દીક્ષાસ્થાને, જ્ઞાન કે મોક્ષના સ્થાને જઈને અથવા તેવે સ્થાને જવું શકય ન હોય તો ઘરમાં કે વનમાં જંતુરહિત સ્થળમાં જઈને (શરીર તથા કષાયોને પાતળાં પાડવા રૂપી) સંલેખના વ્રત (સંથારો) ધારણ કરવું; અને (જો તેને દીક્ષા અંગીકાર કરવી હોય તો ઇન્દ્રિયોનો હ્રાસ થયા) પહેલાં સંયમ અંગીકાર કરીને પછી ઉપર મુજબ સંથારો કરવો. ત્યાં તેણે ચાર પ્રકારના આહારોનો ત્યાગ કરીને પંચ પરમેષ્ઠીનાં સ્તુતિ–સ્મરણોમાં તત્પર રહેવું તથા ચારે શરણાંનો પ્રકટ રીતે આશ્રય લેવો; એટલે કે 'હું અરિહંત દેવને શરણે જાઉં છું, સિદ્ધોને શરણે જાઉં છું, સાધુઓને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરણે જાઉં છું અને કેવળજ્ઞાનીઓએ બતાવેલ ધર્મને શરણે જાઉં છું' એમ કહેવું. વળી, પરીષહો કે ઉપસર્ગોથી ન ડરનાર, જિનભક્તિમાં લીન થયેલ અને (તેથી) સમાધિરૂપી અમૃતરસમાં તરબોળ થયેલ તે શ્રાવકે આ લોક, પરલોક, જીવિત કે મરણ સંબંધી (કાંઈ પ્રકારની) કામના કે (અમુક તપનું ફળ મને અમુક મળે એવા) નિદાન-સંકલ્પનો ત્યાગ કરીને **આનંદ** શ્રાવકની માફક મરણ પામવું. (૧૪૮–૧૪૯–૧૫૦–૧૫૧–૧૫૨)

प्राप्तः स कल्पेष्विन्द्रत्वमन्यद्वा स्थानमुत्तमम् ।
मोदतेऽनुत्तरप्राज्यपुण्यसंभारभाक् ततः ॥१५३॥
च्युत्वोत्पद्य मनुष्येषु भुक्त्वा भोगान् सुदुर्लभान् ।
विरक्तो मुक्तिमाप्नोति शुद्धात्मान्तर्भवाष्टकम् ॥१५४॥

(મર્યા બાદ) (**સૌધર્માદિ**) કલ્પોમાં ઇન્દ્રત્વ યા કોઈ અન્ય ઉત્તમ સ્થાન પામેલ તે શ્રાવક પુણ્યની ઉત્તમ અને વિપુલ સાધન–સામગ્રીઓ ભોગવતો આનંદમાં રહે છે. ત્યાંથી મરીને તે વિશુદ્ધ આત્મા મનુષ્યયોનિમાં ઉત્પન્ન થઈ અતિ દુર્લભ ભોગો ભોગવી (અંતે કોઈ નિમિત્ત મળ્યે) તેમનાથી વિરક્ત થાય છે અને આઠ ભવની અંદરમાં જ મોક્ષે જાય છે. (૧૫૩–૧૫૪)

इति संक्षेपतः सम्यग्रत्नत्रयमुदीरितम् ।
सर्वोऽपि यदनासाद्य नासादयति निर्वृतिम् ॥१५५॥

આમ સંક્ષેપથી ત્રણ સમ્યગ્ રત્નોને વર્ણવ્યાં કે જેમને મેળવ્યા વિના કોઈ પણ માણસ કદી મોક્ષ મેળવી શકતો નથી. (૧૫૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आत्मैव दर्शनज्ञानचारित्राण्यथवा यतेः ।
यत्तदात्मक एवैष शरीरमधितिष्ठति ॥१॥

અથવા યતિનો આત્મા જ દર્શન, જ્ઞાન અને ચારિત્ર-રૂપ છે, કારણ કે તે દર્શનાદિ રત્નત્રયરૂપે જ શરીરમાં વસે છે. (૧)

आत्मानमात्मना वेत्ति मोहत्यागाद्य आत्मनि ।
तदेव तस्य चारित्रं तज्ज्ञानं तच्च दर्शनम् ॥२॥

મોહનો ત્યાગ કરીને જે આત્મા સ્વયમેવ આત્મામાં આત્માને જાણે છે, તે જાણપણું જ તેનું ચારિત્ર છે, તે જ તેનું જ્ઞાન છે અને તે જ તેનું દર્શન છે. (૨)

આત્મસાક્ષાત્કાર એ જ મોક્ષ

आत्मज्ञानभवं दुःखमात्मज्ञानेन हन्यते ।
तपसाऽप्यात्मविज्ञानहीनैश्छेत्तुं न शक्यते ॥३॥

આત્માના અજ્ઞાનને કારણે ઉત્પન્ન થતું દુઃખ આત્મ-જ્ઞાનથી નાશ પામે છે. આત્મજ્ઞાન રહિત માણસો તપ દ્વારા પણ તે દુઃખ દૂર કરી શકતા નથી. (કારણ કે આત્મજ્ઞાન વિનાનું તપ નિષ્ફળ છે.) (૩)

अयमात्मैव चिद्रूपः शरीरी कर्मयोगतः ।
ध्यानाग्निदग्धकर्मा तु सिद्धात्मा स्यान्निरञ्जनः ॥४॥

ચૈતન્યસ્વરૂપી આ આત્મા કર્મના સંયોગથી શરીરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બને છે અને તે જ આત્મા (જ્યારે) ધ્યાનરૂપી અગ્નિ દ્વારા ભસ્મીભૂત કર્મબીજો–કર્મ રહિત બને છે (ત્યારે) તે નિર્મળ આત્મા મુક્તસ્વરૂપી બને છે. (૪)

अयमात्मैव संसारः कषायेन्द्रियनिर्जितः ।
तमेव तद्विजेतारं मोक्षमाहुर्मनीषिणः ॥५॥

કષાયો અને ઇન્દ્રિયો વડે જિતાયેલો આ આત્મા જ સંસાર છે અને તે કષાયો અને ઇન્દ્રિયોને જીતનારો આત્મા જ મોક્ષ છે એમ બુદ્ધિમાન પુરુષો કહે છે. (૫)

કષાયોનો નિર્દેશ

स्युः कषायाः क्रोधमानमायालोभाः शरीरिणाम् ।
चतुर्विधास्ते प्रत्येकं भेदैः संज्वलनादिभिः ॥६॥

સશરીરી આત્માને ક્રોધ, માન, માયા અને લોભ નામક ચાર કષાયો હોય છે. તે દરેક કષાય (નીચે જણાવેલા) સંજ્વલનાદિ ભેદો દ્વારા ચાર ચાર પ્રકારનો છે. (૬)

पक्षं संज्वलनः प्रत्याख्यानो मासचतुष्टयम् ।
अप्रत्याख्यानको वर्षं जन्मानंतानुबन्धकः ॥७॥

(તૃણના અગ્નિની માફક) જલદી સળગી ઊઠનાર (ક્રોધ માન, માયા અને લોભરૂપી) 'સંજ્વલન' કષાય એક પખવાડિયા સુધી રહે છે; પ્રત્યાખ્યાન–સર્વવિરતિ–સાધુપણાને અવરોધનાર 'પ્રત્યાખ્યાનાવરણીય' કષાય ચાર માસ સુધી ટકે છે; અપ્રત્યાખ્યાન–અલ્પવિરતિ–દેશવિરતિ–શ્રાવકપણાને અવરોધનાર 'અપ્રત્યાખ્યાનાવરણીય' કષાય એક વર્ષ જીવી હોય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને અનંત ભવ સુધી આત્માને બાંધી રાખનાર 'અનંતાનુબંધક' કષાય જિંદગી પર્યંત ટકી રહે છે. (૭)

वीतरागयतिश्राद्धसम्यग्दृष्टित्वघातकाः ।
ते देवत्वमनुष्यत्वतिर्यक्त्वनरकप्रदाः ॥ ८ ॥

તે સંજ્વલનાદિ કષાયો (અનુક્રમે) વીતરાગભાવના, સાધુપણાના, શ્રાવકપણાના અને સમ્યગ્દૃષ્ટિપણાના વિનાશક છે તથા (અનુક્રમે) દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નરકગતિને પ્રાપ્ત કરાવે છે. (૮)

ક્રોધજય

तत्रोपतापकः क्रोधः क्रोधो वैरस्य कारणम् ।
दुर्गतेर्वर्तनी क्रोधः क्रोधः शमसुखार्गला ॥ ९ ॥

उत्पद्यमानः प्रथमं दहत्येव स्वमाश्रयम् ।
क्रोधः कृशानुवत्पश्चादन्यं दहति वा न वा ॥ १० ॥

ક્રોધ (શરીર તથા મનનો) સંતાપ (પેદા) કરનાર છે, વેરનું કારણ છે, દુર્ગતિનો માર્ગ છે તથા શાંતિરૂપી સુખને રોકનાર આગળો છે. (વળી) ઉત્પન્ન થતાં જ અગ્નિની માફક પ્રથમ તો તે પોતાના આશ્રયને જ બાળી નાખે છે અને પછીથી તે બીજાને બાળે છે અથવા નથી પણ બાળતો. (૯–૧૦)

क्रोधवह्नेस्तदुद्दाय शमनाय शुभात्मभिः ।
श्रयणीया क्षमैकैव संयमारामसारणिः ॥ ११ ॥

તેથી ક્રોધરૂપી અગ્નિને જલદી શાંત કરવા માટે સંયમરૂપી બગીચાને પલ્લવિત કરનાર ઝરા સમી ક્ષમાનો આશ્રય લેવો જોઈએ. (૧૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માનજય

વિનયશ્રુતશીલાનાં ત્રિવર્ગસ્ય ચ ઘાતકઃ ।
વિવેકલોચનં લુમ્પન્ માનોઽન્ધકરણો નૃણામ્ ॥૧૨॥

માન વિનય, વિદ્યા, શીલ તથા (ધર્મ, અર્થ અને કામ એ) ત્રણેય પુરુષાર્થોનો ઘાતક છે. વળી, તે માણસોના વિવેક-ચક્ષુને ફોડી નાખનાર અને તેથી તેમને આંધળા કરી મૂકનાર છે. (૧૨)

જાતિલાભકુલૈશ્વર્યબલરૂપતપઃશ્રુતૈઃ ।
કુર્વન્ મદં પુનસ્તાનિ હીનાનિ લભતે જનઃ ॥ ૧૩ ॥

જાતિ, લાભ, કુળ, ઐશ્વર્ય–પ્રભુત્વ, બળ, રૂપ, તપ તથા વિદ્યા–જ્ઞાન એ (આઠ) પ્રકારે મદ કરનાર માણસ એ આઠેયને ઊતરતા પ્રકારનાં પ્રાપ્ત કરે છે. (૧૩)

ઉત્સર્પયન્ દોષશાખા ગુણમૂલાન્યધો નયન્ ।
ઉન્મૂલનીયો માનદ્રુસ્તન્માર્દવસરિત્પ્લવૈઃ ॥૧૪॥

તેથી દ્વેષરૂપી ડાળીઓને ઊંચે લઈ જનાર તથા ગુણ-રૂપી મૂળને નીચે લઈ જનાર માનરૂપી વૃક્ષને નમ્રતારૂપી નદીના પૂર દ્વારા જડમૂળથી ઉખેડી નાખવું જોઈએ. (૧૪)

માયાજય

અસૂનૃતસ્ય જનની પરશુઃ શીલશાખિનઃ ।
જન્મભૂમિરવિદ્યાનાં માયા દુર્ગતિકારણમ્ ॥૧૫॥

માયા અસત્યની જનની છે, શીલવૃક્ષને (છેદનાર) કુહાડી છે, અવિદ્યા–મિથ્યાત્વ–અજ્ઞાનની જન્મભૂમિ છે અને દુર્ગતિનું કારણ છે. (૧૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कौटिल्यपटवः पापा मायया बकवृत्तयः ।
भुवनं वञ्चयमाना वञ्चयन्ते स्वमेव हि ॥१६॥

કુટિલતામાં કુશળ, પાપકર્મ કરનારા, બગલા જેવી વૃત્તિવાળા, માયા વડે જગતને છેતરનાર માણસો વાસ્તવિક રીતે પોતાને જ ઠગે છે. (૧૬)

तदार्जवमहौषध्या जगदानन्दहेतुना ।
जयेज्जगद्द्रोहकरीं मायां विषधरीमिव ॥१७॥

તેથી દુનિયાનો દ્રોહ કરનાર, ઝેરી નાગિણી સમી માયાને જગતના આનંદના કારણરૂપ સરળતારૂપી મહાઔષધિથી જીતવી. (૧૭)

લોભજય

आकरः सर्वदोषाणां गुणग्रसनराक्षसः ।
कन्दो व्यसनवल्लीनां लोभः सर्वार्थबाधकः ॥१८॥

લોભ બધા દોષોની ખાણ છે, ગુણોનો ગ્રાસ-કોળિયો કરી જનાર રાક્ષસ છે, દુઃખરૂપી વેલના મૂળરૂપ છે તથા (ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ) ચારેય પુરુષાર્થોનો બાધક (પણ) લોભ જ છે. (૧૮)

धनहीनः शतमेकं सहस्रं शतवानपि ।
सहस्राधिपतिर्लक्षं कोटिं लक्षेश्वरोऽपि च ॥१९॥
कोटीश्वरो नरेन्द्रत्वं नरेन्द्रश्चक्रवर्तिताम् ।
चक्रवर्ती च देवत्वं देवोऽपीन्द्रत्वमिच्छति ॥२०॥
इन्द्रत्वेऽपि हि संप्राप्ते यदिच्छा न निवर्तते ।
मूले लघीयांस्तल्लोभः सरावं इव वर्धते ॥२१॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તદ્દન ધનહીન માણસ સો રૂપિયાની, સોવાળો હજારની, હજારવાળો લાખની, લક્ષાધિપતિ કરોડની, કરોડાધિપતિ રાજ્યની, રાજા ચક્રવર્તિપણાની, ચક્રવર્તી દેવપણાની અને દેવ ઇન્દ્ર બનવાની ઇચ્છા કરે છે. (છેવટે) ઇન્દ્રપણું સાંપડ્યા છતાં પણ ઇચ્છાની નિવૃત્તિ તો થતી જ નથી, કારણ કે મૂળમાં –શરૂઆતમાં બહુ થોડો દેખાતો લોભ શકોરાની માફક એકદમ વધતો જાય છે. (૧૯–૨૦–૨૧)

लोभसागरमुद्वेलमतिवेलं महामतिः ।
संतोषसेतुबन्धेन प्रसरन्तं निवारयेत् ॥२२॥

(માટે) અતિ ઊછળતા લોભરૂપી સમુદ્રને બુદ્ધિમાન પુરુષે સંતોષરૂપી સેતુ–પાળ બાંધીને આગળ વધતો અટકાવવો. (૨૨)

क्षान्त्या क्रोधो मृदुत्वेन मानो मायार्जवेन च ।
लोभश्चानीहया जेयाः कषाया इति संग्रहः ॥२३॥

ક્ષમા, મૃદુતા, સરળતા અને સંતોષ દ્વારા (અનુક્રમે) ક્રોધ, માન, માયા અને લોભરૂપી કષાયોને જીતવા. આ પ્રમાણે ઉક્ત અર્થનો–વિવેચનનો સંગ્રહ સમજવો. (૨૩)

ઇન્દ્રિયજય

विनेन्द्रियजयं नैव कषायाञ्जेतुमीश्वरः ।
हन्यते हैमनं जाड्यं न विना ज्वलितानलम् ॥२४॥

પરંતુ જેમ પ્રજ્વલિત અગ્નિ વિના સોનાની કઠોરતા દૂર કરી શકાતી નથી, તેમ ઇન્દ્રિયો ઉપર વિજય મેળવ્યા વિના કષાયો જીતી શકાતા નથી. (૨૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अदान्तैरिन्द्रियहयैश्चलैरपथगामिभिः ।
आकृष्य नरकारण्ये जन्तुः सपदि नीयते ॥२५॥

પ્રાણી (પોતાના) ચંચળ, અસંયત અને ઉન્માર્ગગામી ઇન્દ્રિયરૂપી અશ્વો દ્વારા નરકરૂપી જંગલમાં જલદી ઘસડાઈ જાય છે. (૨૫)

इन्द्रियैर्विजितो जन्तुः कषायैरभिभूयते ।
वीरैः कृष्टेष्टकः पूर्वं वप्रः कैः कैर्न खण्ड्यते ? ॥२६॥

જે પ્રાણી ઇન્દ્રિયોથી જિતાયેલ છે, તે કષાયોથી જલદી જિતાય છે. બળવાન પુરુષો દ્વારા પહેલેથી ખેંચી લેવાયેલી ઇંટોવાળા કિલ્લાને પાછળથી કોણ નથી તોડી પાડતું ? (૨૬)

कुलघाताय पाताय बन्धाय च वधाय च ।
अनिर्जितानि जायन्ते करणानि शरीरिणाम् ॥२७॥

અજિતાયેલ ઇન્દ્રિયો માણસોના કુળના ઘાત, અધઃપાત, બંધ તથા વધના કારણરૂપ બને છે. (૨૭)

वशास्पर्शसुखास्वादप्रसाहितकरः करी ।
आलानबन्धनक्लेशमासादयति तत्क्षणात् ॥२८॥

હાથણીના સ્પર્શસુખનો સ્વાદ ચાખવા સૂંઢ લંબાવનાર હાથી તરત જ ખીલા સાથે બંધાવાનું દુઃખ અનુભવે છે. (૨૮)

पयस्यगाधे विचरन् गिलन् गलगतामिषम् ।
मैनिकस्य करे दीनो मीनः पतति निश्चितम् ॥२९॥

અગાધ પાણીમાં વિચરનારું બિચારું માછલું કાંટા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરનો આદ્ય પદાર્થ ગળતાં જ માછીના હાથમાં જરૂર જઈ પડે છે. (૨૯)

निपतन् मत्तमातङ्गकपोले गन्धलोलुपः ।
कर्णतालतलाघाताद् मृत्युमाप्नोति षट्पदः ॥३०॥

ગંધલોલુપી ભમરો મદ ગળતા હાથીની આંખ ઉપર જઈ બેસતાં જ તેના સૂપડા જેવા કાનના સપાટાથી મરણ પામે છે. (૩૦)

कनकच्छेदसङ्काशशिचालोकविमोहितः ।
रभसेन पतन् दीपे शलभो लभते मृतिम् ॥३१॥

સુવર્ણના કાપ સમી (પ્રકાશિત) જ્વાલાના તેજથી મોહિત થયેલ પતંગ દીવામાં પડતાં જ મરણ પામે છે. (૩૧)

हरिणो हारिणीं गीतिमाकर्णयितुमुद्धुरः ।
आकर्णाकृष्टचापस्य याति व्याधस्य वेध्यताम् ॥३२॥

મનોહર ગીત સાંભળવાને ઊંચી ડોક કરીને ઊભું રહેલ હરણ કાન સુધી ધનુષ્ય ખેંચીને ઊભા રહેલ પારધીના બાણથી વીંધાઈ જાય છે. (૩૨)

एवं विषय एकैकः पञ्चत्वाय निषेवितः ।
कथं हि युगपत् पञ्च पञ्चत्वाय भवन्ति न ? ॥३३॥

એવી રીતે ઇન્દ્રિયો દ્વારા સેવાયેલ એક એક વિષય મરણ નિપજાવે છે, તો એક સાથે પાંચે વિષયો મરણનાં કારણ કેમ ન બને ? (૩૩)

મનઃશુદ્ધિ

तदिन्द्रियजयं कुर्याद् मनःशुद्ध्या महामतिः ।
यां विना यमनियमैः कायक्लेशो वृथा नृणाम् ॥३४॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે બુદ્ધિમાન પુરુષે મનની વિશુદ્ધિ વડે (ભાવ) ઇન્દ્રિયો ઉપર વિજય મેળવવો, (કારણ કે) તેની શુદ્ધિ વિના (માત્ર) યમનિયમો દ્વારા કરાયેલ માણસોનો કાયકલેશ નકામો જાય છે. (૩૪)

मनःक्षपाचरो भ्राम्यन्नपशङ्कं निरङ्कुशः ।
प्रपातयति संसाराऽऽवर्त्तगर्त्ते जगत्त्रयीम् ॥३५॥

(ગમે ત્યાં) નિર્ભયપણે ભટકતો નિરંકુશ મનરૂપી રાક્ષસ ત્રણે જગતને સંસારરૂપી ફરતા ખાડામાં પાડે છે. (૩૫)

तप्यमानांस्तपो मुक्तौ गन्तुकामान् शरीरिणः ।
वात्येव तरलं चेतः क्षिपत्यन्यत्र कुत्रचिद् ॥३६॥

મોક્ષે જવાની ઇચ્છાથી તપ તપતા મનુષ્યોને ચંચળ ચિત્ત વંટોળિયાની માફક બીજે કયાંક ખેંચી જાય છે. (૩૬)

अनिरुद्धमनस्कः सन् योगश्रद्धां दधाति यः ।
पद्भ्यां जिगमिषुर्ग्रामं स पङ्गुरिव हस्यते ॥३७॥

મનનો નિરોધ કર્યા વિના જે માણસ 'હું યોગી છું' એવો (અનુચિત) આત્મવિશ્વાસ ધરાવે છે, તે પગે ચાલીને બીજે ગામ જવા ઇચ્છતા પાંગળા માણસની માફક હાસ્યપાત્ર બને છે. (૩૭)

मनोरोधे निरुध्यन्ते कर्माण्यपि समन्ततः ।
अनिरुद्धमनस्कस्य प्रसरन्ति हि तान्यपि ॥३८॥

મનનો નિરોધ થતાં જ બધાં કર્મો સંપૂર્ણપણે રુંધાઈ જાય છે. જેનું મન વશમાં નથી તેનાં કર્મો (ઊલટાં) વધી જાય છે. (૩૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मनःकपिरयं विश्वपरिभ्रमणलम्पटः ।
नियन्त्रणीयो यत्नेन मुक्तिमिच्छुभिरात्मनः ॥३९॥

(માટે) મોક્ષાભિલાષીઓએ (સમસ્ત) વિશ્વમાં ભટકવા ઇચ્છતા આ મનરૂપી વાંદરાને પ્રયત્નપૂર્વક વશમાં લાવવો જોઈએ.

दीपिका खल्वनिर्वाणा निर्वाणपथदर्शिनी ।
एकैव मनसः शुद्धिः समाम्नाता मनीषिभिः ॥४०॥

પૂર્વાચાર્યોએ એકલી મનની શુદ્ધિને જ મોક્ષમાર્ગ બતાવનારી, કદી ન બુઝાય એવી દીવી તરીકે કહેલી છે. (૪૦)

सत्यां हि मनसः शुद्धौ सन्त्यसन्तोऽपि यद् गुणाः ।
सन्तोऽप्यसत्यां नो सन्ति सैव कार्या बुधैस्ततः ॥४१॥

મનની શુદ્ધિ હોય તો (માણસમાં) અવિદ્યમાન ગુણો પણ અસ્તિત્વમાં આવે છે. પરંતુ તે ન હોય તો મોજૂદ ગુણોનો પણ અભાવ થાય છે; માટે બુદ્ધિમાન પુરુષે મનશુદ્ધિ જ પ્રાપ્ત કરવી. (૪૧)

मनःशुद्धिमबिभ्राणा ये तपस्यन्ति मुक्तये ।
त्यक्त्वा नावं भुजाभ्यां ते तितीर्षन्ति महार्णवम् ॥४२॥

જે લોકો મનની શુદ્ધિ વિના મુક્તિ માટે તપ તપે છે, તે લોકો નાવનો આશ્રય છોડીને હાથ વડે સમુદ્ર તરવાની ઇચ્છા સેવે છે. (૪૨)

तपस्विनो मनःशुद्धिविनाभूतस्य सर्वथा ।
ध्यानं खलु वृथा चक्षुर्विकलस्येव दर्पणः ॥४३॥

જેમ આંખો વિનાનાને દર્પણ નકામું છે, તેમ મનની શુદ્ધિ વિનાના તપસ્વીને ધ્યાન નકામું છે. (૪૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तदवश्यं मनःशुद्धिः कर्तव्या सिद्धिमिच्छता ।
तपःश्रुतयमप्रायैः किमन्यैः कायदण्डनैः ॥४४॥

માટે મુમુક્ષુએ મનની શુદ્ધિ અવશ્ય કરવી જોઈએ. (તે સિવાય) તપ, અધ્યયન, વ્રત જેવા બીજા દેહદમન કરનાર ઉપાયોથી શું ? અર્થાત્ વ્યર્થ છે. (૪૪)

રાગદ્વેષનો જય

मनःशुद्धयै च कर्तव्यो रागद्वेषविनिर्जयः ।
कालुष्यं येन हित्वात्मा स्वस्वरूपेऽवतिष्ठते ॥४५॥

મનની શુદ્ધિ માટે રાગ-દ્વેષનો (સંપૂર્ણ) જય કરવો કે જેથી આત્મા (પોતામાંની) મલિનતા છોડીને શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થાય. (૪૫)

आत्मायत्तमपि स्वान्तं कुर्वतामत्र योगिनाम् ।
रागादिभिः समाक्रम्य परायत्तं विधीयते ॥४६॥

મનને આત્માને આધીન બનાવવા મથતા યોગીઓનું મન પણ રાગ, દ્વેષ વગેરેના આક્રમણ દ્વારા પરાધીન બની જાય છે. (૪૬)

रक्ष्यमाणमपि स्वान्तं समादाय मनाग् मिषम् ।
पिशाचा इव रागाद्याश्छलयन्ति मुहुर्मुहुः ॥४७॥

(કારણ કે) રાગદ્વેષ વગેરે બહાનું મળતાં, (સતત) રક્ષા કરાતા મનને પણ પિશાચની માફક વારંવાર છેતરે છે. (૪૭)

रागादितिमिरध्वस्तज्ञानेन मनसा जनः ।
अन्धेनान्ध इवाकृष्टः पात्यते नरकावटे ॥४८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આંધળા માણસથી દોરવાયેલો માણસ જેમ ખાડામાં પડે છે, તેમ રાગાદિ અંધકારથી નાશ પામેલ સદ્જ્ઞાનવાળા મન દ્વારા માણસ નરકરૂપી (ઊંડા) ખાડામાં પડે છે. (૪૮)

સમત્વપ્રાપ્તિ

अस्ततन्द्रैरतः पुम्भिर्निर्वाणपदकाङ्क्षिभिः ।
विधातव्यः समत्वेन रागद्वेषद्विषज्जयः ॥४९॥

માટે મોક્ષપદ પામવાની ઇચ્છાવાળા જાગ્રત પુરુષોએ સમભાવ દ્વારા રાગદ્વેષરૂપી દુશ્મન ઉપર વિજય મેળવવો જોઇએ.

अमन्दानन्दजनने साम्यवारिणि मज्जताम् ।
जायते सहसा पुंसां रागद्वेषमलक्षयः ॥५०॥

સમતારૂપી અતિ આનંદજનક પાણીમાં ડૂબકી મારનાર માણસોના રાગદ્વેષરૂપી મેલનો તત્ક્ષણ ક્ષય થાય છે. (૫૦)

प्रणिहन्ति क्षणार्धेन साम्यमालम्ब्य कर्म तत् ।
यन्न हन्यान्नरस्तीव्रतपसा जन्मकोटिभिः ॥५१॥

માણસ જે કર્મને કોટી જન્મની કઠિન તપશ્ચર્યાથી પણ ન હણી શકે, તે કર્મને તે સમભાવનો આશ્રય લઈને એક અર્ધા ક્ષણમાં હણે છે. (૫૧)

कर्म जीवं च संश्लिष्टं परिज्ञातात्मनिश्चयः ।
विभिन्नीकुरुते साधुः सामायिकशलाकया ॥५२॥

જેણે આત્મસ્વરૂપનો ફરીફરીને નિર્ણય કર્યો છે તે, સામાયિકરૂપી સળી દ્વારા, પરસ્પર જોડાયેલ જીવ તથા કર્મને જુદાં કરે છે. (૫૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रागादिध्वान्तविध्वंसे कृते सामायिकांशुना ।
स्वस्मिन् स्वरूपं पश्यन्ति योगिनः परमात्मनः ॥५३॥

સામાયિકરૂપી સૂર્ય દ્વારા રાગાદિ અંધકારનો નાશ થતાં જ યોગીઓ પોતાનામાં જ પરમાત્માના સ્વરૂપને નિહાળે છે. (૫૩)

स्निह्यन्ति जन्तवो नित्यं वैरिणोऽपि परस्परम् ।
अपि स्वार्थकृते साम्यभाजः साधोः प्रभावतः ॥५४॥

પોતાની જ ખાતર સમત્વનું સેવન કરનાર સાધુના પ્રભાવને કારણે જન્મથી જ વેરવૃત્તિવાળાં પ્રાણીઓ પરસ્પર પ્રેમ કરે છે. (૫૪)

નિર્મમત્વથી સમત્વપ્રાપ્તિ તથા તે માટે ૧૨ ભાવનાઓનું સેવન

साम्यं स्यान्निर्ममत्वेन तत्कृते भावनाः श्रयेत् ।
अनित्यतामशरणं भवमेकत्वमन्यताम् ॥५५॥
अशौचमाश्रवविधिं संवरं कर्मनिर्जराम् ।
धर्मस्वाख्याततां लोकं द्वादशीं बोधिभावनाम् ॥५६॥

(ઉપર્યુક્ત) સમત્વની પ્રાપ્તિ નિર્મમત્વ દ્વારા થાય છે અને નિર્મમત્વની પ્રાપ્તિ માટે નીચેની બાર ભાવનાઓનો આશ્રય લેવો પડે છેઃ—

(૧) અનિત્યભાવના, (૨) અશરણુભાવના, (૩) સંસાર ભાવના, (૪) એકત્વભાવના, (૫) અન્યત્વભાવના, (૬) અશુચિત્વભાવના, (૭) આસ્રવભાવના, (૮) સંવરભાવના, (૯) નિર્જરાભાવના, (૧૦) ધર્મભાવના, (૧૧) લોકભાવના, (૧૨) બોધિ–સમ્યક્ત્વભાવના. (૫૫–૫૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનિત્યભાવના

यत्प्रातस्तन्न मध्याह्ने यन्मध्याह्ने न तन्निशि ।
निरीक्ष्यते भवेऽस्मिन् ही पदार्थानामनित्यता ॥५७॥

આ સંસારમાં જે સવારમાં હોય છે, તે બપોરના નથી દેખાતું અને જે બપોરે હોય છે, તે રાત્રે નથી દેખાતું: આ પ્રમાણે પદાર્થની અનિત્યતા (સર્વત્ર) દેખાય છે. (૫૭)

शरीरं देहिनां सर्वपुरुषार्थनिबन्धनम् ।
प्रचण्डपवनोद्धूतघनाघनविनश्वरम् ॥५८॥

બધા પુરુષાર્થોના કારણભૂત પ્રાણીઓનું (આ) શરીર પ્રચંડ પવનથી વીખરાઈ ગયેલ વાદળાં જેવું વિનાશશીલ છે. (૫૮)

कल्लोलचपला लक्ष्मीः संगमाः स्वप्नसंनिभाः ।
वात्याव्यतिकरोत्क्षिप्ततूलतुल्यं च यौवनम् ॥५९॥

લક્ષ્મી મોજાંની માફક ચંચળ છે, (ધન, કુટુંબાદિના) સંયોગો સ્વપ્ન સમા છે અને જુવાની વંટોળિયાના આઘાતથી ઊડેલા રૂ જેવી છે. (૫૯)

इत्यनित्यं जगद्वृत्तं स्थिरचित्तः प्रतिक्षणम् ।
तृष्णाकृष्णाहिमन्त्राय निर्ममत्वाय चिन्तयेत् ॥६०॥

આ પ્રમાણે તૃષ્ણારૂપી કાળી નાગણીને વશ કરનાર મંત્ર સમા વીતરાગભાવની પ્રાપ્તિ માટે જગતના અનિત્ય સ્વરૂપનો વિચાર સ્થિર ચિત્તે પ્રતિક્ષણ કરવો. (૬૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અશરણભાવના

इन्द्रोपेन्द्रादयोऽप्येते यन्मृत्योर्यान्ति गोचरम् ।
अहो ! तदन्तकातङ्के कः शरण्यः शरीरिणाम् ॥६१॥

ઇન્દ્રો, ઉપેન્દ્રો વગેરે પણ જે મરણને શરણ થયા, તે મરણના ભય વખતે પ્રાણીને કોણ શરણ આપી શકે એમ છે ? (૬૧)

पितुर्मातुः स्वसुर्भ्रातुस्तनयानां च पश्यताम् ।
अत्राणो नीयते जन्तुः कर्मभिर्यमसद्मनि ॥६२॥

(સામે) જોઈ રહેલાં ભાઈ, બહેન, માતા, પિતા, પુત્ર વગેરેની સહાયથી રહિત થઈ ગયેલ પ્રાણીને (પોતાનાં જ) કર્મ-દળ યમદ્વારે ખેંચી જાય છે. (૬૨)

शोचन्ति स्वजनानन्तं नीयमानान् स्वकर्मभिः ।
नेष्यमाणं तु शोचन्ति नात्मानं मूढबुद्धयः ॥६३॥

પોતાનાં જ કર્મોથી મરણ પામતાં સ્વજનોનો મૂઢ માણસો અફસોસ કરે છે, પણ તેઓ (તરત જ) મૃત્યુના મુખમાં મુકાનાર પોતાના આત્માનો અફસોસ કરતા નથી. (૬૩)

संसारे दुःखदावाग्निज्वलज्ज्वालाकरालिते ।
वने मृगार्भकस्येव शरणं नास्ति देहिनः ॥६४॥

દાવાગ્નિના ભભકતા ભડકાથી વિકરાળ દેખાતા વનમાં જેમ મૃગના બચ્ચાનું કોઈ શરણ નથી, તેમ દુઃખરૂપી દાવા-ગ્નિની ઝળહળતી જ્વાળાથી ભયંકર (આ) સંસારમાં પ્રાણીનું કોઈ શરણ નથી. (૬૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંસારભાવના

श्रोत्रियः श्वपचः स्वामी पत्तिर्ब्रह्मा कृमिश्च सः ।
संसारनाट्ये नटवत् संसारी हन्त ! चेष्टते ॥६५॥

આ સંસારરૂપી રંગભૂમિ ઉપર પ્રાણી નટની માફક (કોઈ વાર વેદોનો પારગામી) શ્રોત્રિય બ્રાહ્મણ (તો કોઈ વાર) ચંડાળ, (કોઈ વાર) શેઠ (તો કોઈ વાર) નોકર, (કોઈ વાર પ્રજાપતિ) બ્રહ્મા (તો કોઈ વાર ક્ષુદ્ર) કીડારૂપે ચેષ્ટા–પ્રવૃત્તિ કરે છે.

न याति कतमां योनिं कतमां वा न मुञ्चति ।
संसारी कर्मसम्बन्धाद्वक्रयकुटीमिव ॥६६॥

સંસારી જીવ કર્મવશાત્ ભાડાની કોટડીની માફક કઈ યોનિમાં નથી જતો અને કઈ યોનિમાંથી નથી નીકળતો ? અર્થાત્ કર્માનુસાર ગમે તે શરીરમાંથી નીકળી ગમે તે શરીર ધારણ કરે છે. (૬૬)

समस्तलोकाकाशेऽपि नानारूपैः स्वकर्मतः ।
वालाग्रमपि तन्नास्ति यन्न स्पृष्टं शरीरिभिः ॥६७॥

સમસ્ત લોકાકાશમાં વાળની અણી જેટલું પણ કોઈ સ્થાન એવું નથી કે જેનો સ્પર્શ જીવે કર્મવશ થઈને વિવિધ રૂપે ન કર્યો હોય. (૬૭)

એકત્વભાવના

एक उत्पद्यते जन्तुरेक एव विपद्यते ।
कर्माण्यनुभवत्येकः प्रचितानि भवान्तरे ॥६८॥

જીવ એકલો જ ઉત્પન્ન થાય છે અને એકલો જ (શરીર) છોડી જાય છે તથા (આ જન્મ તેમ જ) ગત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જન્મમાં ભેગાં કરેલાં કર્મો પણ એકલો જ ભોગવે છે. (૬૮)

अन्यैस्तेनार्जितं वित्तं भूयः संभूय भुज्यते ।
स त्वेको नरकक्रोडे क्लिश्यते निजकर्मभिः ॥६९॥

તેણે ભેગો કરેલો પૈસો બીજા લોકો જ ભેગા મળીને વારંવાર ભોગવે છે; પરંતુ નરકમાં નિજ કર્મોનાં ફળો તો તે એકલો જ ભોગવે છે. (૬૯)

अन्यत्वभावना

यत्रान्यत्वं शरीरस्य वैसदृश्याच्छरीरिणः ।
धनबन्धुसहायानां तत्रान्यत्वं न दुर्वचम् ॥७०॥

અસમાનતાને કારણે જ્યાં આત્માથી શરીરની જુદાઈ જણાય છે, ત્યાં ધન, બંધુ અને સહાયકો આત્માથી જુદાં છે એવું કથન (કરવું અને સમજવું) અઘરું નથી. (૭૦)

यो देहधनबन्धुभ्यो भिन्नमात्मानमीक्षते ।
क्व शोकशङ्कुना तस्य हन्तातङ्कः प्रतन्यते ॥७१॥

જે પ્રાણી (પોતાનાં) શરીર, ધન, બંધુ વગેરેથી પોતાને ભિન્ન રૂપે જુએ છે–જાણે છે, તે માણસને શોકબાણ ક્યાંથી દુઃખ દેવાનાં ? (૭૧)

अशुचित्वभावना

रसासृग्मांसमेदोऽस्थिमज्जाशुक्रान्त्रवर्चसाम् ।
अशुचीनां पदं कायः शुचित्वं तस्य तत्कुतः ॥७२॥

(આ) શરીર રસ, લોહી, માંસ, મેદ, હાડકું, મજ્જા, વીર્ય, આંતરડાં, વિષ્ટા વગેરે અપવિત્ર વસ્તુઓના સ્થાનરૂપ છે, તેથી તેની પવિત્રતા કેવી રીતે કહેવાય ? (૭૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नवस्रोतः स्रवद्विस्रसनिःस्यन्दपिच्छिले ।
देहेऽपि शौचसंकल्पो महन्मोहविजृम्भितम् ॥७३॥

(આંખ, કાન, નાક, મુખ, અધોદ્વાર અને જનનેંદ્રિય રૂપી) નવ ઝરણાંઓમાંથી અપકવ ગંધવાળા રસના (સતત) આવવાથી ચીકણા-ગંદા (રહેતા) શરીરમાં પવિત્રતાની કલ્પના કરવી એ મહામોહનું પ્રદર્શન છે. (૭૩)

આશ્રવભાવના

मनोवाक्कायकर्माणि योगाः कर्म शुभाशुभम् ।
यदाश्रवन्ति जन्तूनामाश्रवास्तेन कीर्तिताः ॥७४॥

પ્રાણીઓનાં મન, વચન અને કાયાની પ્રવૃત્તિરૂપ (ત્રણ) યોગ શુભ અને અશુભ કર્મને (આત્મામાં) દાખલ કરે છે તેથી તે યોગો જ આશ્રવ કહેવાય છે. (૭૪)

मैत्र्यादिवासितं चेतः कर्म सूते शुभात्मकम् ।
कषायविषयाक्रान्तं वितनोत्यशुभं पुनः ॥७५॥

મૈત્રી આદિ (ચાર ભાવનાઓ) દ્વારા સુવાસિત કરેલ મન શુભ કર્મને પેદા કરે છે-લાવે છે; જ્યારે (ક્રોધ, માન, માયા અને લોભરૂપી) કષાય તથા વિષયોથી વ્યાપ્ત થયેલું મન અશુભ કર્મને એકત્ર કરે છે (૭૫)

शुभार्जनाय निर्मिथ्यं श्रुतज्ञानाश्रितं वचः ।
विपरीतं पुनर्ज्ञेयमशुभार्जनहेतवे ॥७६॥

આગમાનુસારી સત્ય વચન તથા તેનાથી વિપરીત વચન (અનુક્રમે) શુભ અને અશુભ કર્મની પ્રાપ્તિ કરાવે છે. (૭૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शरीरेण सुगुप्तेन शरीरी चिनुते शुभम् ।
सततारम्भिणा जन्तुघातकेनाशुभं पुनः ॥७७॥

અશુભ પ્રવૃત્તિ વિનાના શરીર દ્વારા પ્રાણી શુભ કર્મ સંચિત કરે છે અને હિંસક તથા પાપકારી પ્રવૃત્તિવાળા શરીર દ્વારા તે અશુભ કર્મ કમાય છે. (૭૭)

कषाया विषया योगाः प्रमादाविरती तथा ।
मिथ्यात्वमार्तरौद्रे चेत्यशुभं प्रति हेतवः ॥७८॥

કષાય, વિષય, યોગ, પ્રમાદ, અવિરતિ, મિથ્યાત્વ તથા આર્ત અને રૌદ્ર ધ્યાન—એ બધાં અશુભ કર્મના હેતુઓ છે.

સંવરભાવના

सर्वेषामाश्रवाणां तु निरोधः संवरः स्मृतः ।
स पुनर्भिद्यते द्वेधा द्रव्यभावविभेदतः ॥७९॥

ઉપર્યુક્ત બધા આસ્રવોનો નિરોધ 'સંવર' કહેવાય છે. તેના દ્રવ્યસંવર અને ભાવસંવર એમ બે ભેદો છે. (૭૯)

यः कर्मपुद्गलादानच्छेदः स द्रव्यसंवरः ।
भवहेतुक्रियात्यागः स पुनर्भावसंवरः ॥८०॥

કર્મપુદ્ગળના આગમનનો રોધ તે 'દ્રવ્યસંવર' અને સંસારના કારણભૂત ક્રિયાનો ત્યાગ તે 'ભાવસંવર.' (૮૦)

येन येन ह्युपायेन रुध्यते यो य आश्रवः ।
तस्य तस्य निरोधाय स स योज्यो मनीषिभिः ॥८१॥

જે જે ઉપાય દ્વારા જે જે આસ્રવ રોકી શકાય, તે તે આસ્રવના નિરોધ માટે બુદ્ધિમાન પુરુષોએ તે તે ઉપાય યોજવો જોઈએ. (૮૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क्षमया मृदुभावेन ऋजुत्वेनाप्यनीहया ।
क्रोधं मानं तथा मायां लोभं रुन्ध्याद्यथाक्रमम् ॥८२॥

ક્ષમા, નમ્રતા, સરળતા અને અનિચ્છા દ્વારા અનુક્રમે ક્રોધ, માન, માયા અને લોભને રોકવાં. (૮૨)

असंयमकृतोत्सेकान् विषयान् विषसंनिभान् ।
निराकुर्यादखण्डेन संयमेन महामतिः ॥८३॥

બુદ્ધિમાન પુરુષે અખંડ સંયમ દ્વારા અસંયમ–ઉન્માદથી પ્રબળ બનેલા વિષ સમા વિષયોને રોકવા. (૮૩)

तिसृभिर्गुप्तिभिर्योगान् प्रमादं चाप्रमादतः ।
सावद्ययोगहानेनाविरतिं चापि साधयेत् ॥८४॥
सद्दर्शनेन मिथ्यात्वं शुभस्थैर्येण चेतसः ।
विजयेतार्तरौद्रे च संवरार्थं कृतोद्यमः ॥८५॥

સંવર માટે પ્રયત્ન કરતા યોગીએ ત્રણ ગુપ્તિઓ દ્વારા ત્રણ યોગોને, અપ્રમાદ દ્વારા પ્રમાદને, (બધા) પાપકારી વ્યાપારના ત્યાગ દ્વારા અવિરતિને, સમ્યત્વ દ્વારા મિથ્યાત્વને તથા ધર્મ અને શુકલ ધ્યાનરૂપ ચિત્તની સ્થિરતા દ્વારા આર્ત તથા રૌદ્ર ધ્યાનોને વશ કરવાં. (૮૪–૮૫)

निर्जराभावना

संसारबीजभूतानां कर्मणां जरणादिह ।
निर्जरा सा स्मृता द्वेधा सकामा कामवर्जिता ॥८६॥

સંસારના કારણભૂત કર્મનું ખરવું તે 'નિર્જરા.' તે બે પ્રકારની છે : (૧) સકામ નિર્જરા, (૨) અકામ નિર્જરા. (૮૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ज्ञेया सकामा यमिनामकामा त्वन्यदेहिनाम् ।
कर्मणां फलवत्पाको यदुपायात् स्वतोऽपि हि ॥८७॥

સાધુ પુરુષોની (તપ આદિ ઉપાયો દ્વારા થતી) નિર્જરા તે 'સકામ નિર્જરા' અને બીજા પ્રમાદી પ્રાણીઓની (ઉદયાધીન થતી) નિર્જરા તે 'અકામ નિર્જરા', કારણ કે કર્મોનો વિપાક-નિર્જરા પણ ફળના પાકની માફક ઉપાયો વડે અને સ્વાભાવિક રીતે થાય છે. (૮૭)

તપ

सदोषमपि दीप्तेन सुवर्णं वह्निना यथा ।
तपोऽग्निना तप्यमानस्तथा जीवो विशुध्यति ॥८८॥

જેવી રીતે અશુદ્ધ સુવર્ણ પ્રજ્વલિત અગ્નિ દ્વારા તપાવવામાં આવે તો શુદ્ધ થાય છે, તેવી રીતે તપરૂપી અગ્નિ દ્વારા તપાવવામાં આવતો (અશુદ્ધ) આત્મા શુદ્ધ બને છે. (૮૮)

अनशनमौनोदर्यं वृत्तेः संक्षेपणं तथा ।
रसत्यागस्तनुक्लेशो लीनतेति बहिस्तपः ॥८९॥

(ક્રમપ્રાપ્ત તપ બે પ્રકારનું છે: (૧) આભ્યંતર તપ અને (૨) બાહ્ય તપ.) બાહ્ય તપ છ પ્રકારનું છે :

(૧) અનશન—ઉપવાસ.
(૨) ઔનોદર્ય—ઊણું-અલ્પ બાવું તે.
(૩) વૃત્તિસંક્ષેપ—જે ઘરોમાં ભિક્ષા મળતી હોય તેમની મર્યાદા કરવી તે; જેમ કે બે ઘરોમાંથી જ કે અર્ધા ગામમાંથી જ ભિક્ષા લેવી. (આમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના અભિગ્રહોનો સમાવેશ થાય છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibraty.org

(૪) રસપરિત્યાગ—દૂધ, દહીં, ઘી, તેલ, મધુ વગેરે વિકાર-વર્ધક રસાળા પદાર્થોનો ત્યાગ.

(૫) કાયકલેશ—ટાઢમાં, તડકામાં કે આસનો વગેરે દ્વારા શરીરને કસવું–કષ્ટ આપવું–તે.

(૬) લીનતા—બાધા વિનાના એકાંત સ્થાનમાં વસવું તે. (૮૯)

प्रायश्चित्तं वैयावृत्त्यं स्वाध्यायो विनयोऽपि च ।
व्युत्सर्गोऽथ शुभं ध्यानं षोढेत्याभ्यन्तरं तपः ॥९०॥

આભ્યંતર તપ છ પ્રકારનું છે—

(૧) પ્રાયશ્ચિત્ત—જેના વડે લીધેલ વ્રતોમાં પ્રમાદવશ લાગેલા દોષો વિશુદ્ધ કરવામાં આવે તે.

(૨) વૈયાવૃત્ય—સેવા–શુશ્રૂષા.

(૩) સ્વાધ્યાય, (૪) વિનય, (૫) વ્યુત્સર્ગ—અહંત્વ, મમત્વનો ત્યાગ કરવો તે.

(૬) ધ્યાન—ચિત્તના વિક્ષેપોનો ત્યાગ કરવો તે. (૯૦)

दीप्यमाने तपोवह्नौ बाह्ये चाभ्यन्तरेऽपि च ।
यमी जरति कर्माणि दुर्जराण्यपि तत्क्षणात् ॥९१॥

સંયમી પુરુષ બાહ્ય અને આભ્યંતર તપરૂપી પ્રજ્વલિત અગ્નિમાં મુશ્કેલીથી ખપે એવાં તીવ્ર કર્મોનો પણ તત્ક્ષણ ક્ષય કરી નાખે છે. (૯)

ધર્મસ્વાખ્યાતભાવના

स्वाख्यातः खलु धर्मोऽयं भगवद्भिर्जिनोत्तमैः ।
यं समालम्बमानो हि न मज्जेद् भवसागरे ॥९२॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે ધર્મનું આલંબન લેનારો પ્રાણી ભવસાગરમાં ડૂબતો નથી, તે ધર્મને જિનેશ્વર દેવોએ સારી રીતે સમજાવેલો છે. (૯૨)

संयमः सूनृतं शौचं ब्रह्माकिञ्चनता तपः ।
क्षान्तिर्मार्दवमृजुता मुक्तिश्च दशधा स तु ॥९३॥

તે ધર્મ દશ પ્રકારનો છે : સંયમ, સત્ય, શૌચ=નિર્લોભતા=અચૌર્ય, બ્રહ્મચર્ય, અકિંચનતા=અપરિગ્રહ=નિર્મમત્વ, તપ, ક્ષમા, મૃદુતા=નમ્રતા, ઋજુતા=સરળતા અને ત્યાગ. (૯૩)

धर्मप्रभावतः कल्पद्रुमाद्या ददतीप्सितम् ।
गोचरेऽपि न ते यत्स्युरधर्माधिष्ठितात्मनाम् ॥९४॥

ધર્મના પ્રભાવથી કલ્પવૃક્ષ (ચિંતામણિ, કામધેનુ)વગેરે મનુષ્યને ઇચ્છિત સર્વ પદાર્થો પૂરા પાડે છે, જ્યારે અધર્મનું આચરણ કરવાવાળાઓને તે (કલ્પવૃક્ષાદિ) નજરે પણ પડતાં નથી. (૯૪)

अपारे व्यसनाऽम्भोधौ पतन्तं पाति देहिनम् ।
सदा सन्निधवर्त्येकबन्धुर्धर्मोऽतिवत्सलः ॥९५॥

સદા સમીપ રહેવાવાળો, અનન્ય બન્ધુ સમો, અતિવત્સલ ધર્મ જ અપાર દુઃખસમુદ્રમાં પડતા પ્રાણીને બચાવે છે. (૯૫)

आप्लावयति नाम्भोधिराश्वासयति चाम्बुदः ।
यन्महीं स प्रभावोऽयं ध्रुवं धर्मस्य केवलः ॥९६॥

સમુદ્ર પૃથ્વીને ડુબાડતો નથી અને વાદળાં તેને આશ્વાસન–સુખ આપે છે, તેમાં ખરેખર એકમાત્ર ધર્મનો પ્રભાવ છે. (૯૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न ज्वलत्यनलस्तिर्यग् यदूर्ध्वं याति नानिलः ।
अचिन्त्यमहिमा तत्र धर्म एव निबन्धनम् ॥९७॥

વળી, અગ્નિ તીરછો બળતો નથી કે પવન ઊંચે વાતો નથી, તેમાં (પણ) અપાર મહિમાવાળો ધર્મ જ કારણ છે. (૯૭)

निरालम्बा निराधारा विश्वाधारो वसुंधरा ।
यच्चावतिष्ठते तत्र धर्मादन्यन्न कारणम् ॥९८॥

બિલકુલ આલંબન કે આધાર વિનાની આ પૃથ્વી આખા વિશ્વને જે આધારરૂપ છે, તેમાં પણ ધર્મ સિવાય બીજું કારણ નથી. (૯૮)

सूर्याचन्द्रमसावेतौ विश्वोपकृतिहेतवे ।
उदयेते जगत्यस्मिन् नूनं धर्मस्य शासनात् ॥९९॥

ખરેખર ધર્મના જ હુકમથી આ સૂર્ય અને ચંદ્ર જગત ઉપર ઉપકાર કરવા માટે ઉદય પામે છે. (૯૯)

अबन्धूनामसौ बन्धुरसखीनामसौ सखा ।
अनाथानामसौ नाथो धर्मो विश्वैकवत्सलः ॥१००॥

સમસ્ત વિશ્વ ઉપર વાત્સલ્ય રાખનાર ધર્મ જ બંધુ રહિતોનો બંધુ, મિત્ર વિનાનાઓનો મિત્ર અને અનાથોનો નાથ છે. (૧૦૦)

रक्षो यक्षोरगव्याघ्रव्यालानलगरादयः ।
नापकर्तुमलं तेषां यैर्धर्मः शरणं श्रितः ॥१०१॥

જેમણે ધર્મનું શરણ લીધું છે તેમને રાક્ષસ, યક્ષ, સર્પ, વાઘ, વરુ, વહ્નિ, વિષ વગેરે જરાય ઇજા કરી શકતાં નથી. (૧૦૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

धर्मो नरकपातालपातादवति देहिनः ।
धर्मो निरुपमं यच्छत्यपि सर्वज्ञवैभवम् ॥१०२॥

ધર્મ પ્રાણીને નરકમાં પડતો બચાવે છે અને ધર્મ જ સર્વજ્ઞનો અનુપમ વૈભવ આપે છે. (૧૦૨)

લોકભાવના

कटिस्थकरवैशाखस्थानकस्थनराकृतिम् ।
द्रव्यैः पूर्णं स्मरेल्लोकं स्थित्युत्पत्तिव्ययात्मकैः ॥१०३॥

કેડે હાથ મૂકીને પહોળા પગ રાખી ઊભેલા પુરુષ જેવી આકૃતિવાળા અને સ્થિતિ, ઉત્પત્તિ તથા વિનાશાત્મક દ્રવ્યોથી પરિપૂર્ણ લોકની ભાવના ભાવવી. (૧૦૩)

लोको जगत्त्रयाकीर्णो भुवः सप्तात्र वेष्टिताः ।
घनाम्भोधिमहावाततनुवातैर्महाबलैः ॥१०४॥

આ લોક (અધો, મધ્ય અને ઊર્ધ્વ એવા) ત્રણ જગતથી વ્યાપ્ત છે. તેમાં અધો લોકમાં (ઉત્તરોત્તર નીચે નીચે) સાત **નરકભૂમિઓ** છે; (તેમની ફરતાં અને નીચે) મહાસમર્થ **ઘનસમુદ્ર, ઘનવાત** અને **તનુવાત** (અનુક્રમે) વીંટાયેલા છે.

वेत्रासनसमोऽधस्तान् मध्यतो झल्लरीनिभः ।
अग्रे मुरजसङ्काशो लोकः स्यादेवमाकृतिः ॥१०५॥

આ લોકની આકૃતિ એવી છે કે તેનો નીચેનો ભાગ એટલે કે અધો લોક–નરકભૂમિ વેત્રાસન સમો છે, મધ્યનો ભાગ–મનુષ્ય લોક ઝાલર જેવો છે અને ઊર્ધ્વ ભાગ–દેવલોક મુરજ જેવો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[વેત્રાસન–નેતરનું આસન કે જે નીચેથી પહોળું અને ઉપરથી સાંકડું હોય તે.
મુરજ–એક જાતનો ઢોલ કે જે વચમાં પહોળો અને બન્ને બાજુ સાંકડો હોય તે, મૃદંગ.] (૧૦૫)

निष्पादितो न केनाऽपि न धृतः केनचिच्च सः ।
स्वयंसिद्धो निराधारो गगने किन्त्ववस्थितः ॥१०६॥

આ લોકને (પ્રકૃતિ, ઈશ્વર, વિષ્ણુ, બ્રહ્મ, પુરુષ વગેરે) કોઈએ બનાવેલો નથી કે (શેષનાગ, કાચબો, વરાહ વગેરે) કોઈએ તેને ટેકવી રાખ્યો નથી, પરંતુ તે તો સ્વયંસિદ્ધ છે અને આકાશમાં કોઈના પણ આધાર વિના અવસ્થિત છે, અધ્ધર રહેલો છે. (૧૦૬)

બોધિદુર્લભત્વભાવના

अकामनिर्जरारूपात् पुण्याज्जन्तोः प्रजायते ।
स्थावरत्वात्त्रसत्वं वा तिर्यक्त्वं वा कथंचन ॥१०७॥
मानुष्यमार्यदेशश्च जातिः सर्वाक्षपाटवम् ।
आयुश्च प्राप्यते तत्र कथञ्चित्कर्मलाघवात् ॥१०८॥
प्राप्तेषु पुण्यतः श्रद्धाकथकश्रवणेष्वपि ।
तत्त्वनिश्चयरूपं तद्बोधिरत्नं सुदुर्लभम् ॥१०९॥

કોઈ પણ પ્રકારની અભિલાષા વિના અર્થાત્ પોતપોતાની યોનિ અનુસાર પ્રવૃત્તિ કરતાં કરતાં કર્મના ક્ષયથી પ્રાપ્ત થતા પુણ્યને કારણે જીવો સ્થાવર યોનિમાંથી ત્રસ યોનિમાં કે પશુયોનિમાં જન્મે છે. તથા કર્મને વધારે અપાવવાથી મનુષ્યત્વ, આર્યદેશ, ઉત્તમ કુળ, પરિપૂર્ણ પાંચે ઇન્દ્રિયો અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થાય છે; (તેથી પણ અધિક) પુણ્યને કારણે ધર્માભિલાષરૂપ શ્રદ્ધા, ધર્મગુરુ અને તેમના વચનનું શ્રવણ—આ બધું પ્રાપ્ત થવા છતાં તત્ત્વનિશ્ચયરૂપ બોધિરત્ન પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે. (૧૦૭–૧૦૮–૧૦૯)

भावनाभिरविश्रान्तमिति भावितमानसः ।
निर्ममः सर्वभावेषु समत्वमवलम्बते ॥११०॥

આમ આ બાર ભાવનાઓ વડે અવિશ્રાન્તપણે મનને સુવાસિત કરતો, બધા પદાર્થો પ્રત્યે નિર્મમત્વ સેવતો માણસ સમત્વને પામે છે. (૧૧૦)

विषयेभ्यो विरक्तानां साम्यवासितचेतसाम् ।
उपशाम्येत् कषायाग्निर्बोधिदीपः समुन्मिषेत् ॥१११॥

વિષયોથી વિરક્ત થયેલા, સમભાવથી સુવાસિત ચિત્તવાળા સાધુપુરુષોનો કષાયરૂપી અગ્નિ શાંત થાય છે (અને) બોધિ–સમ્યક્ત્વરૂપી દીપક પ્રગટે છે. (૧૧૧)

ધ્યાન

समत्वमवलम्ब्याथ ध्यानं योगी समाश्रयेत् ।
विना समत्वमारब्धे ध्याने स्वात्मा विडम्ब्यते ॥११२॥

સમત્વ પ્રાપ્ત કર્યા પછી યોગી તેનો આધાર લઈને ધ્યાનની શરૂઆત કરે, (કારણ કે) સમબુદ્ધિ પ્રાપ્ત કર્યા વિના જો ધ્યાન શરૂ કરવામાં આવે તો તેમાં જ પોતાનો આત્મા અટવાઈ જાય છે, મુશ્કેલીમાં મુકાય છે. (૧૧૨)

मोक्षः कर्मक्षयादेव स चात्मज्ञानतो भवेत् ।
ध्यानसाध्यं मतं तच्च तद्ध्यानं हितमात्मनः ॥११३॥

કર્મોના સંપૂર્ણ ક્ષયથી જ મોક્ષ થાય છે; કર્મક્ષય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મજ્ઞાનથી પ્રાપ્ત થાય છે અને આત્મજ્ઞાન ધ્યાન દ્વારા સધાય છે; તેથી ધ્યાન આત્માનું હિતકારી છે. (૧૧૩)

ધ્યાન અને સમભાવમાં કોણ વધારે મહત્ત્વનું છે તેવી શંકાનો ઉત્તર આચાર્ય નીચેના શ્લોકમાં આપે છેઃ—

न साम्येन विना ध्यानं न ध्यानेन विना च तत् ।
निष्कम्पं जायते तस्माद् द्वयमन्योन्यकारणम् ॥११४॥

સમભાવ વિના ધ્યાન સંભવતું નથી અને ધ્યાન વિના નિષ્કંપ સામ્ય સંભવતું નથી, તેથી બન્ને એકબીજાનાં કારણરૂપ છે. (૧૧૪)

मुहूर्तान्तर्मनःस्थैर्यं ध्यानं छद्मस्थयोगिनाम् ।
धर्म्यं शुक्लं च तद्द्वेधा योगरोधस्त्वयोगिनाम् ॥११५॥

(એક જ વિષયમાં) અંતર્મુહૂર્ત પર્યંત મનની સ્થિરતા તે છદ્મસ્થ યોગીઓનું—અસર્વજ્ઞોનું ધ્યાન. તેના બે ભેદ છેઃ (૧) ધર્મધ્યાન, (૨) શુકલધ્યાન. અને યોગોનો (સંપૂર્ણ) રોધ કરવો તે અયોગી કેવળીઓનું ધ્યાન. (૧૧૫)

मुहूर्तात् परतश्चिन्ता तद्वा ध्यानान्तरं भवेत् ।
बह्वर्थसंक्रमे तु स्याद्दीर्घाऽपि ध्यानसंततिः ॥११६॥

[જ્યારથી જીવ છદ્મસ્થ મટીને સર્વજ્ઞ થાય છે ત્યારથી વિદેહી બને તે પહેલાં તે સયોગી સર્વજ્ઞ કહેવાય છે. તે દરમ્યાન તેનામાં ધ્યાનનો સંભવ નથી. પરંતુ દેહમુક્ત થવાનો સમય આવે છે ત્યારે તે ત્રણે યોગોની પ્રવૃત્તિ રોકે છે. યોગોનો આ રોધ અયોગી અવસ્થા લાવે છે, તેથી તે અયોગી સર્વજ્ઞોનું ધ્યાન કહેવાયેલ છે.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો અંતર્મુહૂર્તથી વધારે ધ્યાન લંબાય તો તે ધ્યાનાન્તર સમજવું (કારણ કે એક જ વિષય–આલંબન ઉપરનું ધ્યાન અંતર્મુહૂર્તથી વધારે ટકી શકતું નથી.) (એ રીતે) એક વિષય ઉપરથી બીજા, ત્રીજા કે ચોથા વગેરે વિષય ઉપર ધ્યાન ફર્યા કરે તો ધ્યાનપ્રવાહ લંબાવી શકાય. (૧૧૬)

मैत्री प्रमोदकारुण्यमाध्यस्थ्यानि नियोजयेत् ।
धर्म्यध्यानमुपस्कर्तुं तद्धि तस्य रसायनम् ॥११७॥

ધર્મધ્યાનનો પ્રવાહ ચાલુ રાખવા માટે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય એ ચાર ભાવનાઓને આત્મામાં જોડવી, કારણ કે તેમનું જોડાણ, તૂટતા ધ્યાન માટે રસાયન રૂપ છે. (૧૧૭)

मा कार्षीत् कोऽपि पापानि मा च भूत् कोऽपि दुःखितः ।
मुच्यतां जगदप्येषा मतिर्मैत्री निगद्यते ॥११८॥

'કોઈ પ્રાણી પાપ ન કરો, કોઈ દુઃખી ન થાઓ, આખું જગત મુક્ત થાઓ'—આવી બુદ્ધિ તે મૈત્રીભાવના કહેવાય છે. (૧૧૮)

अपास्ताशेषदोषाणां, वस्तुतत्त्वावलोकिनाम् ।
गुणेषु पक्षपातो यः स प्रमोदः प्रकीर्तितः ॥११९॥

જેમના સર્વે દોષો દૂર થઈ ગયા છે, અને જેઓ વસ્તુસ્વરૂપને જોતા રહે છે તેવા સાધુઓના ગુણો વિષે જે પક્ષપાત તે પ્રમોદભાવના છે. (૧૧૯)

दीनेष्वार्तेषु भीतेषु याचमानेषु जीवितम् ।
प्रतीकारपरा बुद्धिः कारुण्यमभिधीयते ॥१२०॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીન, પીડિત, ભીત અને જીવિત યાચતાં પ્રાણીઓનાં ગરીબાઈ, પીડા, ભય અને જરા-મરણ દૂર થઈ તેમને શાશ્વત શાંતિ ક્યારે મળે એવી બુદ્ધિ તે કરુણા ભાવના કહેવાય છે. (૧૨૦)

क्रूरकर्मसु निःशङ्कं देवतागुरुनिन्दिषु ।
आत्मशंसिषु योपेक्षा तन्माध्यस्थ्यमुदीरितम् ॥१२१॥

નિઃશંકપણે ક્રૂર કર્મો કરનારા, દેવગુરુની નિંદા કરનારા તથા આત્મશ્લાઘા કરનારા લોકો પ્રત્યે ઉપેક્ષાબુદ્ધિ તે માધ્યસ્થ્યભાવના કહેવાય છે. (૧૨૧)

आत्मानं भावयन्नाभिर्भावनाभिर्महामतिः ।
त्रूटितामपि संधत्ते विशुद्धध्यानसंततिम् ॥१२२॥

આ ભાવનાઓ વડે આત્માને ભાવિત કરતો રહેનાર બુદ્ધિમાન પુરુષ તૂટેલ વિશુદ્ધ ધ્યાનપ્રવાહને પણ સાંધી શકે છે. (૧૨૨)

तीर्थं वा स्वस्थताहेतु यत्तद्वा ध्यानसिद्धये ।
कृतासनजयो योगी विविक्तं स्थानमाश्रयेत् ॥१२३॥

આસનોનો અભ્યાસી યોગી ધ્યાનની સિદ્ધિ અર્થે (તીર્થંકરોનાં જન્મસ્થાન, દીક્ષાસ્થાન, જ્ઞાનસ્થાન કે નિર્વાણ-સ્થાનમાંનું કોઈ) તીર્થસ્થાન અથવા (સ્ત્રી, પશુ, નપુંસક વગેરે વિનાનું ગુફાદિ જેવું) સ્વાસ્થ્ય સાચવી રાખનારું એકાંત સ્થાન પસંદ કરે. (૧૨૩)

વિવિધ આસનોનું વર્ણન

पर्यङ्कवीरवज्राब्जभद्रदण्डासनानि च ।
उत्कटिका गोदोहिका कायोत्सर्गस्तथासनम् ॥१२४॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર્યંકાસન, વીરાસન, વજ્રાસન, પદ્માસન, ભદ્રાસન, દંડાસન, ઉત્કટિકાસન, ગોદોહિકાસન અને કાયોત્સર્ગ—આ બધાં આસનો છે. (૧૨૪)

स्याज्जङ्घ्योरधोभागे पादोपरि कृते सति ।
पर्यङ्को नाभिगोत्तानदक्षिणोत्तरपाणिकः ॥१२५॥

બેઉ જંઘાના નીચલા ભાગ ઉપર પગ મૂકવાથી અને નાભી આગળ ચતા ડાબા હાથ ઉપર ચતો જમણો હાથ રાખવાથી પર્યંકાસન બને છે. (૧૨૫)

वामोऽहिर्दक्षिणोरूर्ध्वं वामोरूपरि दक्षिणः ।
क्रियते यत्र तद्वीरोचितं वीरासनं स्मृतम् ॥१२६॥

જેમાં ડાબો પગ જમણા સાથળ ઉપર અને જમણો પગ ડાબા સાથળ ઉપર મૂકવામાં આવે છે (અને હાથ પર્યંકાસન માફક રખાય છે) તેવું આસન વીર પુરુષોને ઉચિત હોવાથી વીરાસન કહેવાયું છે. (આને કેટલાક પદ્માસન કહે છે.) (૧૨૬)

पृष्ठे वज्राकृतीभूते दोर्भ्यां वीरासने सति ।
गृह्णीयात् पादयोर्यत्राङ्गुष्ठौ वज्रासनं तु तत् ॥१२७॥

વીરાસન કર્યા પછી પીઠને ધનુષ્યાકાર બનાવી જેમાં જમણા હાથ વડે જમણા પગના અંગૂઠાને અને ડાબા હાથ વડે ડાબા પગના અંગૂઠાને પકડવામાં આવે છે તે વજ્રાસન કહેવાય છે. (બીજા કેટલાક આને વેતાલાસન કહે છે.)

सिंहासनाधिरूढस्यासनापनयने सति ।
तथैवावस्थितिर्या तामन्ये वीरासनं विदुः ॥१२८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીચે પગ ટેકવીને સિંહાસન ઉપર બેઠેલ માણસનું સિંહાસન લઈ લેવાય છતાં પણ સિંહાસન ઉપર બેઠેલ હોય એવી રીતે અધ્ધર રહેવું તેને કેટલાક વીરાસન કહે છે. (૧૨૮)

जङ्घाया मध्यभागे तु संश्लेषो यत्र जङ्घया ।
पद्मासनमिति प्रोक्तं तदासनविचक्षणैः ॥१२९॥

જે આસનમાં એક જાંઘના મધ્ય ભાગમાં બીજી જાંઘનો મેળાપ થાય, તેને આસનપ્રવીણ પુરુષો પદ્માસન કહે છે. (૧૨૯)

संपुटीकृत्य मुष्काग्रे तलपादौ तथोपरि ।
पाणिकच्छपिकां कुर्याद्यत्र भद्रासनं तु तत् ॥१३०॥

જે આસનમાં પગનાં બે તળિયાં વૃષણ આગળ એકઠાં કરી તેમના ઉપર હાથને આંકડા બીડી મૂકવામાં આવે તે ભદ્રાસન સમજવું. (૧૩૦)

श्लिष्टाङ्गुली श्लिष्टगुल्फौ भूश्लिष्टोरू प्रसारयेत् ।
यत्रोपविश्य पादौ तद्दण्डासनमुदीरितम् ॥१३१॥

જે આસનમાં નીચે બેસીને આંગળીઓ તથા ઘૂંટણો જોડેલાં રાખી અને જાંઘો જમીન સાથે જોડાયેલી રાખી પગ લાંબા કરવાના હોય છે તેને દંડાસન કહે છે. (૧૩૧)

पुतपार्ष्णिसमायोगे प्राहुरुत्कटिकासनम् ।
पार्ष्णिभ्यां तु भुवस्त्यागे तत्स्याद् गोदोहिकासनम् ॥१३२॥

જેમાં (જમીન ઉપર રહેલી) પાની સાથે કૂલાનું જોડાણ થાય તેને ઉત્કટિકાસન કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને જ્યારે પાનીને જમીન ઉપરથી લઈ લેવામાં આવે ત્યારે તે ગોદોહિકાસન બને. (૧૩૨)

प्रलम्बितभुजद्वन्द्वमूर्ध्वस्थस्यासितस्य वा ।
स्थानं कायानपेक्षं यत्कायोत्सर्गः स कीर्तितः ॥१३३॥

બન્ને ભુજાઓને નીચે લટકતી રાખી ઊભેલ અથવા બેઠેલ માણસની કાયાની અપેક્ષા વિનાની જે સ્થિતિ તેને કાયોત્સર્ગ કહેલ છે. (૧૩૩)

जायते येन येनेह विहितेन स्थिरं मनः ।
तत्तदेव विधातव्यमासनं ध्यानसाधनम् ॥१३४॥

અહીં વર્ણવેલામાંનાં જે જે આસન દ્વારા મન સ્થિર થાય તે તે આસનને જ ધ્યાનનું સાધન ગણવું. (૧૩૪)

सुखासनसमासीनः सुश्लिष्टाधरपल्लवः ।
नासाग्रन्यस्तदृग्द्वन्द्वो दन्तैर्दन्तानसंस्पृशन् ॥१३५॥

प्रसन्नवदनः पूर्वाभिमुखो वाप्युदङ्मुखः ।
अप्रमत्तः सुसंस्थानो ध्याता ध्यानोद्यतो भवेत् ॥१३६॥

સુખકર આસન ઉપર સ્થિર થયેલ, હોઠ બીડી નાકના અગ્ર ભાગ ઉપર બન્ને આંખો સ્થિર રાખનાર, દાંતોને દાંતો સાથે અડવા નહિ દેનાર, પ્રસન્ન વદન, પૂર્વ કે ઉત્તર દિશામાં મોઢું રાખનાર (આમ) યોગ્ય રીતે બેસનાર અપ્રમાદી ધ્યાનીએ ધ્યાનમાં તત્પર રહેવું. (૧૩૫–૧૩૬)

—: સંપૂર્ણ :—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિશિષ્ટ ૧

યોગશાસ્ત્રાન્તર્ગત દૃષ્ટાંતોનો ટૂંક સાર

પ્રકાશ પહેલો

મહાવીર—પ્રકાશ ૧, શ્લોક ૧

જૈનોના ચોવીશ તીર્થંકરોમાંના ચરમ તીર્થંકર શ્રીવર્ધમાન સ્વામી શ્રીમહાવીરસ્વામી તરીકે વિશેષ પ્રસિદ્ધ છે. તેમણે રાગદ્વેષરૂપી આંતર શત્રુઓને ઘણા ટૂંકા સમયમાં પરાજિત કરી પોતાની અસાધારણ વીરતાનો પરિચય કરાવ્યો હતો. જે વીરપુરુષો પોતાની વીરતાનો પરિચય બીજાઓના વિનાશ દ્વારા આપે છે, તેમની સમક્ષ તેમણે '**क्षमा वीरस्य भूषणम्**' નો આદર્શ મૂક્યો હતો, અને કૌશિકનાગ તથા સંગમ ગોવાળિયા જેવી અનેક અપકારક વ્યક્તિઓનો વિનાશ કરવાને બદલે તેમના ઉપર ક્ષમા વર્ષાવી તે આદર્શને જીવનમાં ચરિતાર્થ કરી બતાવ્યો હતો.

કૌશિક—૧-૨

તે એક દૃષ્ટિવિષ સર્પ હતો. શાસ્ત્રોમાં તે કૌશિક અથવા ચંડકૌશિક એ નામથી પ્રસિદ્ધ છે. એમ કહેવાય છે કે તે સર્પની પહેલાંના ભવમાં કૌશિક ગોત્રમાં જન્મેલો તાપસ હતો; પરંતુ પોતાના અત્યંત ક્રોધી સ્વભાવને કારણે સર્પરૂપે જન્મ્યો હતો. સામાન્ય સર્પની માફક માત્ર તેની દાઢમાં જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઝેર ન હતું, પરંતુ તેની ક્રોધભરી દૃષ્ટિમાંથી પણ ઝેર વરસતું હતું. એક દિવસ શ્રી વીરપ્રભુ સાધક અવસ્થામાં વિચરતા વિચરતા તેના દર પાસે જઈ સમાધિમાં ઊભા રહ્યા. સર્પે તેમના ઉપર દૃષ્ટિવિષ ફેંકયું, પણ પ્રભુ ચલાયમાન થયા નહિ. તેથી વિશેષ ક્રુદ્ધ બની તેણે ડંખ માર્યા, છતાં પણ પ્રભુ ધ્યાનભંગ થયા નહિ. સર્પ આશ્ચર્યચકિત થઈ વિચારમાં પડયો; કારણની ઊંડી તપાસમાં ઊતરી જતાં તેને ભૂતકાળનું સ્મરણ કરાવતું જ્ઞાન થઈ આવ્યું; તેને ભૂતકાળ પ્રત્યક્ષ થયો, ક્રોધનું માઠું પરિણામ સમજાયું અને ક્રોધ પ્રત્યે ભારે અણગમો ઊપજ્યો. તરત જ પ્રભુની ક્ષમા યાચીને તે તેમના ચરણે ઢળી પડયો. પ્રભુએ તેને સદુપદેશ આપ્યો. પછી પ્રભુ વિહાર કરી આગળ ગયા અને સર્પે પોતાનું શેષ જીવન ત્યાં પૂરું કર્યું.

સનત્કુમાર ચક્રવર્તી—૧-૮

તે એક ચક્રવર્તી રાજા હતો. તેનું રૂપ દેવોને પણ મહાત કરે એવું હતું. એક દિવસ ઇન્દ્રે પોતાની સભામાં તેમના શરીરની નીરોગિતા અને રૂપનાં વખાણ કર્યાં. તેથી ઇન્દ્રના કથનની પરીક્ષા કરવા બે દેવો બ્રાહ્મણનું રૂપ ધારણ કરી તેમની પાસે આવ્યા. દેવો સ્નાન માટે તૈયારી કરતા રાજાના શરીરનું રૂપ જોઈ ખુશ થયા; પણ રાજાએ તેમને અહંકારથી કહ્યું, 'અત્યારે શું? રાજસભામાં આપ મારું રૂપ જોજો." તેથી બ્રાહ્મણ વેશધારી દેવો રાજાને રાજસભામાં ફરી મળ્યા. આ વખતે તેઓ તેના શરીરને રોગથી ભરપૂર જોઈ ખિન્ન થયા.

રાજાને રોગોની આતરી કરાવી દેવો ત્યાંથી ચાલતા થયા. રાજા શરીરની આવી સ્થિતિ જોઈને આશ્ચર્યમાં ગરકાવ થઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગયેા; તેનું હૃદય વલેાવાઈ ગયું; દેહની નશ્વરતા તેને સાક્ષાત્ સમજાવા લાગી. દેહ ઉપરનેા તેનેા ગર્વ ગળી ગયેા. સાથે જ તેનેા સદુપયેાગ કરવા તે સર્વસ્વને છેાડી જંગલમાં જવા નીકળી પડયેા. ત્યાં જઈ તેણે મન, વચન અને કાયાને બધી બાહ્ય પ્રવૃત્તિઓથી રેાકી આત્મસાધનામાં જોડયાં. કાળક્રમે યેાગના પ્રભાવથી તેને અનેક ઋદ્ધિઓ પ્રાપ્ત થઈ. કહેવાય છે કે તેના થૂંકમાં એવી શક્તિ પ્રાપ્ત થઈ હતી કે તે શરીરના કેાઈ પણ રેાગી ભાગ ઉપર લગાવતાં જ રેાગ નષ્ટ થઈ જતેા હતેા.

ચક્રવર્તી ભરત—૧–૧૦

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામીને ૧૦૦ પુત્રેા હતા. સૌથી મેાટા ભરત હતા. તે ગાદીએ બેઠા પછી છ ખંડ જીતી પેાતે પ્રથમ ચક્રવર્તી રાજા થયા હતા. એક દિવસે રાજદરબારમાં જવા માટે તેઓ પેાતાના અરીસાભુવનમાં વસ્ત્રાભૂષણેા પહેરી રહ્યા હતા, તે વખતે તેમના જમણા હાથની વચલી આંગળીમાંથી વીંટી સરી પડી તેથી તે અડવી આંગળીની શેાભા ઝાંખી લાગવા લાગી. એટલે એમને એ વિચાર આવ્યેા કે આભૂષણ વિનાનેા હાથ કેવેાક લાગશે ? જોઉં તેા ખરા ! હાથ ઉપરનાં આભૂષણેા ઉતારતાં જ તેમણે કલ્પેલી શેાભા અદૃશ્ય થઈ ગઈ. આમ આખા શરીર ઉપરથી આભૂષણેા ઉતારી જોતાં તેમને શરીરની અસુંદરતા સમજાઈ, આભૂષણેાનું આકર્ષણ નકામું લાગ્યું. તેમનેા વિચારપ્રવાહ પણ વિશેષ અંતર્મુખ થયેા અને આભૂષણેા ઉપરના મમત્વના ત્યાગની સાથે જ વિલાસવૈભવનાં સાધનેા, વિશાળ રાજ્યપાટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પોતાના દેહ ઉપરનું મમત્વ પણ ઓસરી ગયું. આત્મોન્મુખી ઉગ્ર વિચારધારા વહી આવી અને તે જ ભવનમાં તેમને કેવળજ્ઞાન પ્રગટયું. મન, વચન અને કાયાના તીવ્રતમ સંયમનું જ આ પરિણામ.

માતા મરુદેવા—૧-૧૧

તેઓ શ્રીઋષભદેવ ભગવાનનાં માતા હતાં. એવી માન્યતા છે કે મરુદેવા માતા નિકૃષ્ટ વિકાસવાળા નિગોદના જીવમાંથી ક્રમશઃ વિકાસ પામીને વનસ્પતિકાયના જીવ તરીકે એક કેળના ઝાડમાં ઉત્પન્ન થયાં હતાં. ત્યાંથી મરી તેઓ પહેલવહેલાં મનુષ્યરૂપે જન્મ્યાં હતાં. અહીં તેમણે ઋષભદેવની માતા અને નાભિરાજાની પત્ની બનવાનો લહાવો લીધો હતો. તેમની હયાતીમાં જ શ્રી ઋષભદેવે દીક્ષા લીધી હતી, તેથી તેમના વિયોગને કારણે રોઈ રોઈને તેમણે આંખો ગુમાવી હતી. પરંતુ જ્યારે ઋષભદેવને કેવળજ્ઞાન પ્રગટ થયું ત્યારે તેઓ પોતાના પૌત્ર ભરતરાજાની સાથે તેમનાં દર્શને ગયાં. ત્યાં ઋષભદેવની નિર્મોહ બુદ્ધિ જાણી તેમને પણ જ્ઞાન આવી અને પોતાની બુદ્ધિને સરાણ ઉપર ચડાવી તેના ઉપરનો અગાધ મોહમેલ કાપી નાખ્યો અને પરિણામે દર્શન કરવા જતાં રસ્તામાં જ તેમને હાથીના હોદ્દા ઉપર જ કેવળજ્ઞાન પ્રગટયું.

દૃઢપ્રહારી—૧-૧૨

તે એક નીચ પ્રકૃતિનો બ્રાહ્મણ હતો અને પાછળથી ચોરોની ટોળીમાં ભળીને પોતાની પ્રવીણતાથી તેનો નાયક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બન્યો હતો. પોતે શસ્ત્રપ્રયોગમાં એટલો નિપુણ હતો કે જેના ઉપર તે પ્રહાર કરે, તે બલાસ થયો જ હોય. તેથી તે પોતાની ટોળીમાં 'દૃઢપ્રહારી' કહેવાતો. એકદા 'કુશસ્થળ' નામના ગામમાં તેણે પોતાના માણસો સાથે લૂંટ ચલાવી. એક બ્રાહ્મણે પોતાનું ઘર લૂંટાતું જોઈને તેમનો સામનો કર્યો અને દૃઢપ્રહારીના કેટલાક માણસોને મારી નાખ્યા તથા બાકીનાને નસાડી મૂક્યા. આ જોઈને દૃઢપ્રહારી ઊકળી ઊઠ્યો. તેણે બ્રાહ્મણને મારવા તલવાર ઉગામી, પરંતુ વચમાં ગાય આવી જતાં તેણે પહેલાં ગાયને ઠાર કરી. ત્યાંથી આગળ વધ્યો તો બ્રાહ્મણની સગર્ભા સ્ત્રી વચ્ચે પડી કરગરવા લાગી. પરંતુ તેણે તો તે સ્ત્રીને પણ બલાસ કરી અને આગળ વધી બ્રાહ્મણને પંચત્વ પમાડ્યો ત્યારે જ તેને શાંતિ થઈ. પ્રહારી પોતાના પ્રહારોની સફળતા જોઈ રાચવા લાગ્યો. પરંતુ મનની વિચિત્રતાનો પાર કોણ પામી શક્યું છે ? પાછા ફરતાં બહાર તરફડતાં ગર્ભને, ગાયને તથા સ્ત્રીને જોતાં જ તેનું હૃદય રડી પડ્યું. પોતાના અફર પ્રહારનો આનંદ અદૃશ્ય થયો. તેમાંય પાસે ઊભેલાં બ્રાહ્મણબાળકોનાં રુદને તેને વધારે રડાવ્યો. તેના મનમાં પશ્ચાત્તાપ પ્રગટ્યો —એક પેટ માટે આ બધો પ્રપંચ શાને ? આનું ફળ શું ? મનોમંથનને અંતે તેણે ચોરી છોડી દીધી, ક્રોધનો ત્યાગ કર્યો અને તે ગામની આસપાસ જ છ મહિના વિતાવી, ગ્રામજનો તરફથી થતા અનેકવિધ ઉપસર્ગો સમભાવે સહન કરી, સર્વ પાપોનો ક્ષય કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિલાતીપુત્ર--૧-૧૩

રાજગૃહ નગરીમાં 'ધન' નામના સાર્થવાહને ત્યાં રહેતી 'ચિલાતી' નામની દાસીનો તે પુત્ર હતો. તે ઘણો જ ક્રૂરકર્મી હોવાથી શહેરમાં લોકોને બહુ હેરાન કરતો હતો, તેથી સાર્થવાહે તેને રજા આપી. ચિલાતીપુત્ર ત્યાંથી નીકળી એક ચોરની ટોળીમાં મળી ગયો. એક વખત તેણે વેર લેવા બીજા ચોરો સાથે ધન સાર્થવાહને ત્યાં ખાતર પાડ્યું. તેઓ ત્યાંથી પુષ્કળ ધન તથા સાર્થવાહની 'સુસમા' નામની પુત્રીને ઉપાડી ચાલતા થયા. ચિલાતીપુત્ર સાર્થવાહને ત્યાં હતો ત્યારથી જ તે એની પુત્રીના પ્રેમમાં હતો. પાછળથી સાર્થવાહને ખબર પડતાં તેણે કોટવાળને ખબર આપ્યા, અને તરત જ બધાએ તેમનો પીછો પકડ્યો. પકડાઈ જવાની બીકે ચોરો તો ધન મૂકીને નાસી ગયા, પણ ચિલાતીપુત્ર સુસમાને ઉપાડી આગળ વધ્યો. બધા ચોરો તેનાથી જુદા પડી ગયા. છેવટે તે પણ થાક અને ભયથી કંટાળી સુસમાનું ગળું કાપી લઈ ચાલતો થયો. પાછળ પડેલા કોટવાળ તથા સાર્થવાહે ધન જોયું. કોટવાળ ત્યાંથી અટક્યો, અને સાર્થવાહ આગળ વધ્યો, પરંતુ છેવટે પુત્રીનું ધડ જોઈ હતાશ થઈ તે પણ પાછો ફર્યો. આ તરફ ચિલાતીપુત્ર પણ ઘણો જ નિરાશ થઈ બાજુના જંગલમાં જઈ ભરાયો. બની થયેલી પોતાની અંતરની ઉમેદને આમ અદશ્ય થતી જોઈને, અત્યાર સુધીની ક્રૂરતાહોથી ચડેલો તેનો ગર્વ ગળી ગયો, એટલું જ નહિ પણ હોલવાઈ જતા જીવનદીપે તેના સંતાપને સળગાવી મૂક્યો. છેવટે તેના સળગતા હૃદયને શાંતિના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શીતળ અને શામક જળની ઇચ્છા જાગી. સદ્‌ભાગ્યે થોડે દૂર કોઈ એક સાધુ હતા તેમની પાસે તે ગયો. ઉપશમ, વિવેક અને સંવર એ ધર્મ છે એટલા તેમના અલ્પ માત્ર ઉપદેશમાં ઊંડું અવગાહન કરતાં ચિલાતીપુત્ર મહાઅનર્થમાંથી બચ્યો.

પ્રકાશ બીજો

સુભૂમ—૨–૨૭

તે એક ચક્રવર્તી રાજા હતો. તે પરશુરામનો મસિયાઈ ભત્રીજો હતો, છતાં તેણે જ પરશુરામનો વધ કર્યો હતો. વાત એમ છે કે સુભૂમના પિતામહ અને પરશુરામના માસા અનંતવીર્યથી પરશુરામની માતા રેણુકાને ગર્ભ રહ્યો હતો, તેથી પરશુરામે પોતાની માતાને મારી નાખી. અનંતવીર્યને એ અસહ્ય લાગ્યું અને તેણે પરશુરામના પિતા જમદગ્નિનો આશ્રમ છિન્નભિન્ન કરી નાખ્યો. પરશુરામે તેનો સામનો કર્યો અને અનંતવીર્યને મારી નાખ્યો. આ રીતે વેર અને તેની વસુલાતની પરંપરા શરૂ થઈ અને આગળ વધી. અનંતવીર્યનો પુત્ર કૃતવીર્ય પિતાના સમાચાર સાંભળી ગુસ્સે ભરાયો અને તેણે પરશુરામના પિતાને મારી નાખ્યા. આથી પરશુરામનો ક્રોધાગ્નિ ખૂબ ભભૂકી ઊઠ્યો. તેણે કૃતવીર્યને ખલાસ કર્યો. એટલેથી નહિ અટકતાં તેણે પૃથ્વીપટ પરની સમસ્ત ક્ષત્રિય જાતિનું સાત સાત વાર નિકંદન કાઢ્યું. પરંતુ હજુ સંહાર સીમાએ પહોંચ્યો ન હોય તેમ એથી વિશેષ સંહાર બાકી રહ્યો હતો. કૃતવીર્યની સગર્ભા સ્ત્રી નાસીને તાપસોના આશ્ર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મમાં જઈ ભરાણી હતી. તાપસોએ તેને તથા ત્યાં જન્મેલા તેના પુત્ર સુભૂમને પરશુરામની સંહારલીલાના ભોગ થતાં બચાવી લીધાં હતાં. ધીરે ધીરે સુભૂમ મોટો થયો. માતા પાસેથી બધા સમાચાર સાંભળ્યા અને પરિણામ એ આવ્યું કે તેણે પરશુરામનો વધ કર્યો અને પૃથ્વીને એકવીશ વાર બ્રાહ્મણ વિનાની કરી. આવી તીવ્રતમ હિંસાનુ ફળ પણ તીવ્રતમ જ હોય. તેથી જ ભગવાન બુદ્ધે સનાતન સત્ય ભાખ્યું છે કે **नहि वेरेण वेराणि सम्मन्तीध कुदाचन**।'

બ્રહ્મદત્ત—૨-૨૭

તે એક ચક્રવર્તી રાજા હતો. તેનો પિતા બચપણમાં જ મરી ગયો હતો. તેથી તેના પિતાના મિત્રો વારાફરતી તેના રાજ્યની સંભાળ રાખતા હતા. તેમાંનો દીર્ઘરાજ બ્રહ્મદત્તની માતાના પ્રેમમાં પડ્યો. બ્રહ્મદત્ત મોટો થતાં એમને તે વિઘ્ન જેવો જણાવા લાગ્યો; તેથી માતાએ તેનું કાસળ કાઢવા ધાર્યું, પણ તેના પિતાના વિશ્વાસુ પ્રધાનની મદદથી તે નાસી છૂટ્યો. છેવટે તેણે બળ ભેગું કરીને દીર્ઘરાજને મારી નાખ્યો અને રાજ્ય પાછું મેળવ્યું, એટલું જ નહિ પણ ચક્રવર્તી રાજા તરીકે પોતાની આણ પ્રવર્તાવી.

એક દિવસે રાજાએ પોતાના શરૂઆતના દુઃખી દિવસોમાં મદદરૂપ થઈ પડેલ બ્રાહ્મણને તેના કહેવાથી પોતાનું ભોજન આપવાનો હુકમ કર્યો. બ્રાહ્મણ તે ભોજન લઈ ઘેર ગયો અને આખા કુટુંબે તેને ખૂબ આનંદપૂર્વક ખાધું. પરંતુ તે ઉન્માદક હોવાથી રાત્રે બધાંને તીવ્ર કામોન્માદ પેદા થયો અને આખું કુટુંબ પરસ્પરનો સંબંધ ભૂલી કામક્રીડા કરવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાગ્યું. સવારે ઉન્માદ શમતાં સર્વની શરમનો પાર ન રહ્યો. બ્રાહ્મણ તો જંગલમાં જ ચાલ્યો ગયો; અને જોકે રાજા નિર્દોષ હતો છતાં તેના આ વ્યવહારને દુષ્ટ વ્યવહાર માની તેનું વેર લેવાના વિચારો કરવા લાગ્યો. એક વખત જંગલમાં તેણે એક ભરવાડને કાંકરી વડે ઝાડનાં પાન તોડતાં જોયો. તેની સાથે વાતચીત કરતાં જણાયું કે તે લક્ષ્યવેધી છે. તેથી તેણે રાજાની આંખો ફોડી નાખવા તેને સમજાવ્યો. તે મુજબ ભરવાડે, જ્યારે રાજા શહેરમાં સવારીએ નીકળ્યો ત્યારે, તેની બે આંખો ફોડી નાખી. ભરવાડ પકડાયો. પરંતુ જ્યારે રાજાએ તેની પાસેથી મૂળ હકીકત સાંભળી ત્યારે રાજા રોષથી લાલચોળ થઈ ગયો. તેને આખી બ્રાહ્મણ જાતિ ઉપર દ્વેષ આવ્યો અને તેણે હમેશાં એક થાળી ભરીને બ્રાહ્મણોની આંખો પોતાની પાસે લાવવાનો હુકમ કર્યો. મહાન પુરુષોના ગુણદોષો પણ મહાન જ હોય છે. માણસમાં જેટલું સામર્થ્ય તેટલી જ સમર્થ તેની સારી અથવા નરસી વૃત્તિ કે પ્રવૃત્તિ. એ રીતે રાજાનાં છેવટનાં વર્ષો અત્યંત અપધ્યાનમાં જવાથી તેની દુર્ગતિ થઈ.

સુલસ તથા કાલસૌકરિક—૨-૩૦

મગધાધિરાજ શ્રેણિકના રાજનગર રાજગૃહમાં કાલસૌકરિક નામનો એક કસાઈ રહેતો હતો. તેને સુલસ નામનો પુત્ર હતો. પિતા અને પુત્રની વૃત્તિમાં ઘણો ફેર હતો. પિતા પોતાના ધંધામાં ખૂબ રસપૂર્વક રચ્યોપચ્યો રહેતો હતો. શ્રેણિક રાજાએ તેને એ ધંધો છોડવા ઘણી રીતે સમજાવ્યો, અનેક ઉપાયો યોજ્યા, પણ તે બધી મહેનત એળે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

